# ☆ પ્રસ્તાવના ☆

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**અલ્હમ્દુલિલ્લાહિ વ કફા વસ્સલાતુ વસ્સલામુ અલા સય્યિદલ અંબિયાઈ મુહમ્મદિનિલ મુસ્તફા વ અલા આલિહી વ અસ્હાબિહી ઉલિસ્સિદકિ વસ્સફા.**

દુનિયાના બાદશાહો દરબારોના શિસ્તના નિયમો (આદાબ) અને એમાં હાજરી આપવાના કાયદાઓ પોતે બનાવે છે અને પોતાના નક્કી કરેલા હાકિમો દ્વારા પ્રજા પાસે અમલ કરાવે છે, જ્યારે અમારા દરબારમાં આવો તો આવી રીતે ઊભા રહો, આવી રીતે વાતો કરો, આવી રીતે સલામી આપો, પછી જે કોઈ આ આદાબ પ્રમાણે વર્તે છે તેને ઈનામ આપે છે જે એનાથી વિરુદ્ધ કરે છે તે બાદશાહ તરફથી શિક્ષા પામે છે. તેમના આ બધા કાયદા ફકત માણસો પર જ લાગુ પડે છે. જિન્નાત, ફરિશ્તા, પ્રાણીઓ વગેરેને તેનાથી કોઈ સંબંધ નથી, કેમ કે તેઓ પર તેમની (બાદશાહોની) સલ્તનત નથી. તે ઉપરાંત આ બધા આદાબ ત્યાં સુધી રહે છે જ્યાં સુધી બાદશાહ જીવંત છે. એની આંખ બંધ થતાં જ એ દરબાર પણ વિખેરાઈ જાય છે અને બધા આદાબ પણ અદ્રશ્ય થઈ જાય છે, હવે નવો દરબાર છે અને નવા કાયદા છે.

પરંતુ આ આસમાનની નીચે એક એવો દરબાર પણ છે. જેના આદાબ અને જેમાં હાઝર થવાના કાયદા, સલામો કલામના તરીકા ખૂદ રબ તઆલાએ બતાવ્યા. પોતાની ખલ્કતને બતાવ્યા કે, હે મારા બંદાઓ ! જ્યારે આ દરબારમાં આવો તો આ પ્રમાણેના આદાબનો ખયાલ રાખો અને ખૂદ ફર્માવ્યું કે, તમે એના વિરુદ્ધ કર્યું તો તમને કડક સજા (શિક્ષા) આપવામાં આવશે. વળી મજા તો એ છે કે હવે તે શાહી દરબાર આપણી આંખોથી ઓઝલ પણ થઈ ગયો. તેની ચહલપહલ આપણી આંખોથી અદ્રશ્ય પણ થઈ ગઈ. તે એક શહેનશાહે અમારાથી પરદો પણ કરી લીધો છે, પરંતુ તેમના આદાબ હજુ





સુધી એવા જ સલામત છે. તેની ધૂમધામ એ જ પ્રમાણે સલામત છે. એ દરબારના કાયદાઓ ફકત માણસોને જ લાગુ પડતા નથી, પરંતુ સલ્તનતની વિશાળતાનો એ હાલ છે કે ફરિશ્તાઓ પરવાનગી વગર ત્યાં હાજર ન થઈ શકે, જિન્નતો ડરતાં અચકાતાં હાજર થાય, જાનવરો (પ્રાણીઓ) સિજદા કરે, નિર્જીવ કાંકરાઓ અને વૃક્ષો કલ્મો પઢે અને ઈશારા પર ઘૂમે, ચાંદ સૂરજ ઈશારા પર ચાલે, તેમના ભવાંના ઈશારા પર વાદળ આવીને વરસે, અને બીજો ઈશારો પામીને વાદળ વિખેરાઈ જાય, મતલબ કે દરેકે દરેક ચીજ એ જબરદસ્ત હુકૂમતનો બંદાએ બેઝર (ગરીબ ગુલામ) છે. મુસલમાનો ! ખબર છે એ દરબાર કોનો છે ? તે બંને જહાનના મુખ્તાર, ખુદાના હબીબ, બંને જહાનના શહેનશાહ, બંને જહાનના માલિક તથા મૌલા, શફીઉલમુઝનેબીન, રહ્મતુલલિલ આલમીન, અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم નો દરબાર છે. દોસ્તો, આવો તમોને કુર્આનની સૈર કરાવીએ અને બતાવીએ કે તેણે સાચા શહેનશાહ, બંને જહાનના (કૌનેનના) દુલ્હા صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહના શું આદાબ શીખવાડયા.

કેટલાક લોકો રિસાલતના ઝમાનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી પહેલાં કુર્બાની કરી લે છે અને કેટલાક લોકો રમઝાનથી થોડાક અગાઉ રોઝા રાખવાનું શરૂ કરી દે છે. તો રબ ફર્માવે છે, **આમનૂ લા તુ કદ્દિમુ બય્ન યદયિલ્લાહિ વ રસૂલિહી વત્તકુલ્લાહ ઈન્નલ્લાહ સમીઉન અલીમ.**

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહ સાંભળે જાણે છે.

આ આયતે અદબ શીખવાડયો છે કે કોઈ મુસલમાન અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વાતમાં, ચાલવામાં, મતલબ કે કોઈપણ વાતમાં આગળ ન રહે, ત્યાં સુધી કે રસ્તામાં જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે જઈ રહ્યો છે તો આગળ આગળ ન ચાલે.

એક સહાબી જેમનુ નામ છે હઝરત કય્સ ઈબ્ને શમાસ رضی اللہ عنہ જેઓ ઓછું સાંભળતા હતા. જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થતા તો વાત કરવામાં

અવાજ ઊંચી (મોટો અવાજ) થઈ જતી. ભલા રબને આ કયારે માન્ય હતું કે કોઈ મારા હબીબની પાસે જોરથી બોલે ! ઈર્શાદ ફર્માવ્યો,

**યા અય્યુહલ્લઝીન આમનૂ લાતરફઉ અસ્વાતકુમ ફવક સવતિન્નબિય્યિ વલા તજરૂલહૂ બિલ્કવ્લિ કજહરિ બઅ્દકુમ લિ બઅ્દિન્ અન્તહબત અઅમાલુકુમ વઅન્તુમ લા તશઊરૂન.**

હે ઈમાનવાળાઓ ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના અવાજ પર પોતાના અવાજો ઊંચા ન કરો અને તેઓની સમક્ષ વાત બરાડા પાડીને ન કહો, જેવી રીતે આપસમાં એકબીજા સામે બરાડા પાડો છો. કયાંક તમારા અમલ નષ્ટ ન થઈ જાય અને તમને ખબર પણ ન હોય.

સુબ્હાનલ્લાહ ! કેવી અદબ શીખવાડી કે આ બારગાહમાં હાજરી આપનારાઓને જોરથી બોલવાની પણ પરવાનગી નથી. હઝરત કૈસ ઈબ્ને શમાઅ આ આયતના ઉતરાણ પછી ડરના માર્યા બારગાહે નબુવ્વતમાં હાજર ન થયા. સરકાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક દિવસ તપાસ કરતાં ફર્માવ્યું કે, કેટલાક દિવસોથી કૈસ નથી આવતા. લોકોએ હઝરત કૈસના ઘરે જઈને ગેરહાજરીનું કારણ પૂછયું, કહેવા લાગ્યા કે હું જહન્નમી થઈ ગયો. કારણ કે મારો અવાજ ઊંચો છે અને આયતે કરીમહ્એ એ ઈર્શાદ ફર્માવ્યો છે. આ પ્રસંગ બારગાહે રિસલાતમાં અર્ઝ કરવામાં આવ્યો. તો ફર્માવ્યું કે, તે જન્નતી છે. એટલે કે અત્યાર સુધી જે થઈ ગયું તે માફ છે. ત્યાર પછી હઝરત અબૂબકર અને હઝરત ઉમર તથા બીજા કેટલાક સહાબાએ કિરામ رضی اللہ عنہم એવી રીતે ધીમા અવાજે કંઈક અર્ઝ કરતા હતા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કેટલી કેટલી વખત પૂછતા કે શું કહો છો ? એમના હક્કમાં આ આયતે કરીમહ્ આવી.

**ઈન્નલઝીન યગુદૂન અસ્વાતહુમ ઈન્દરસૂલિલ્લાહિ ઉલાઈકલ્લઝીન ઉમતહનલ્લાહુ કુલૂબહુમ લિત્તકવા લહુમ મગફિરતુંવ અજરૂન અઝીમ.**

બેશક ! તે લોકો જેઓ રસૂલુલ્લાહની પાસે પોતાની અવાજો હળવી (ધીમી) કરે છે. આ તેઓ છે જેઓના દિલ અલ્લાહે પરહેઝગારીના માટે પારખી લીધાં, એમના માટે બખ્શિશ અને મોટો સવાબ છે. સુબ્હાનલ્લાહ !





જણાયું કે આ તે દરબાર છે જ્યાં કોઈને માથુ ઊંચુ કરવાની હિમ્મત નથી.

**ઊંચે ઊંચે યહાં ઝુકતે હંય સારે ઉન્હીંકા મુંહ તકતે હંય**

બની તમીમ કબીલાના કેટલાક લોકો બપોરના સમયે બારગાહે રિસાલતમાં પહોંચ્યા. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم દૌલતખાના (ઘર)માં આરામમાં હતા. તે લોકોએ હુજરા શરીફની બહારથી બૂમો પાડવાનું શરૂ કરી દીધું, રબ ત્આલાને પસંદ ન પડયું કે એ દુલ્હાને બૂમો પાડીને ન બોલવવામાં આવે જેના ઘરમાં હઝરત જિબ્રઈલ પરવાનગી વગર નથી જઈ શકતા. તરત આયતે કરીમહ્ નાઝિલ થઈ.

**ઈન્નલઝીન યુનાદૂનક મિંવરાઈલ હુજુરા તિ અકષરુહુમ લાયઅકિલૂન.**

હે પ્યારા ! તેઓ જે તમને હુજરાના બહારથી બૂમ પાડે છે એમનામાં મોટાભાગે અક્કલ વગરના છે.

હવે રબ તઆલા અદબ શીખવાડે છે : **વલવ અન્નહુમ હત્તા તખ્રુજ ઈલયહિમ લકાન ખયરલ્લાહુમ વલ્લાહુ ગફૂરૂર્રહીમ.**

અને જો એ લોકો એટલી ધીરજ રાખત કે આપ તેઓની પાસે પોતે તશરીફ લાવત તો આ તેઓની પાસે પોતે તશરીફ લાવત તો આ તેઓના માટે બેહતર હતું. અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે.

અદબ શીખવી કે જો કોઈ વ્યકિત એવા સમયે આવે કે મારો મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم દૌલતખાનામાં છે તો એમને બૂમો પાડીને ન બોલાવે પરંતુ આપના આગમનની રાહ જુએ અને જ્યારે તે નાઝનીન સુલ્તાન ખૂદ તશરીફ લાવે ત્યારે વાતચીત કરે.

હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરતે ઝયનબથી નિકાહ કર્યા. વલીમાની આમ દાવત કરી. આમ મુસલમાન આવતા હતા, અને ખાઈને જતા હતા. અંતમાં ત્રણ માણસો ખાવાથી પરવારીને એ જ જગાએ બેસી ગયા અને એમની વાતનો ક્રમ એવો કંઈક લાંબો ચાલ્યો કે તેઓ ખૂબ જ વાર સુધી બેસી રહ્યા. મકાન સાંકડુ હતું. એમના બેસવાથી હુઝૂરને કંઈ દુશ્વારી

મેહસૂસ થઈ (મુશ્કેલી અનુભવી) પણ રહમદિલીના કારણે એમને ન કહ્યું કે ચાલ્યા જાય. તે વ્યકિતઓને એમ ન થયું કે ભલા રબ તઆલાને એ કયાં પસંદ હતું કે કોઈ વધારે વાર બેસીને આપના રંજનું કારણ બને. આયતે કરીમહ્ ઉતરી :–

**યા અય્યૂહલ્લઝીન આમનૂ લા તદખુલુ બુયૂ વ્તન્નબીયિઈલ્લા અંય્યુઅઝન લકુમ ઈલા તઆમીન ગયરિ નાઝિરીન ઈનાહુ વલાકિંન ઈઝાદુ ઈય્તુમ ફદખુલૂ ફઈઝા તઅમિમ ફન્તશિરૂ વલા મુસ્તાનિ સિય્નિ લિહાદીષ.**

હે ઈમાનવાળાઓ ! નબીના ઘરોમાં હાજર ન થાઓ, જ્યાં સુધી ખાવા પીવા માટે બોલાવવામાં આવે ન જાવ. એવી રીતે કે પોતે ખાણુ તૈયાર થવાની રાહ જુઓ. હા ! જ્યારે બોલાવે જાવ, તો હાજર થઈ જાવ અને જ્યારે ખાઈ રહો તો ચાલ્યા જાવ, બેસીને વાતોથી દિલ ન બહેલાવો.

આનાથી જણાયું કે નબીની બારગાહમાં દાવત ખાવાના આદાબ એ છે કે ખાણું થતાં પહેલાં ત્યાં ન પહોંચો અને જમીને ત્યાં ન બેસો, કેમ કે એનું કારણ કુર્આન વર્ણવે છે :– **ઈન્નઝાલિકુમ કાન યુઅ્મીન્નબિય્ય ફયસ્તહયી મિનકુમ વલ્લાહુ લાયસ તહયી મિનલ હક્કિ.**

" તમારા આ વર્તનથી મારા નબીને તકલીફ થતી હતી એ શર્મવાળા (ગયરતવાળા) મહબૂબ તમારું માન રાખતા હતા અને અલ્લાહ હક્ક (સત્ય) ફર્માવવામાં નથી શરમાતો."

સહાબાએ કિરામની પદ્ધતિ એ હતી કે જો મહબૂબે صلی اللہ تعالیٰ علیہ وسلم ના કોઈ શબ્દને ન સમજી શકતા તો અર્ઝ કરતા, "રાઈના યા રસૂલલ્લાહ !" યા હબીબલ્લાહ ! અમારા તરફ ધ્યાન કરશો. એટલે કે એ શબ્દને બીજીવાર ફર્માવી દેશો જેથી અમે સમજી લઈએ. શબ્દ "રાઈના" યહૂદીઓની ભાષામાં ગુસ્તાખી (બેઅદબી)નો શબ્દ હતો. તેઓએ આ જ શબ્દ બીજા અર્થની નિયતથી બોલવાનો શરૂ કરી દીધો અને દિલમાં ખુશ થયા કે અમને રસૂલની બારગાહમાં બકવાસ બકવાનો મોકો મળી ગયો. તે ભેદોને જાણવાવાળો,





નિય્યતોથી માહિતગાર રબ છે, તેને એ કઈ રીતે પસંદ પડી શકતું હતું કે કોઈને મારા મહબૂબના પ્રત્યે ગુસ્તાખીનો મોકો મળે. આયતે કરીમહ્ આવી :–

**અય્યૂહલ્લઝીન આમનૂ લાતકૂલુ રાઈના વકૂલુન્ઝુરના વસ્મઉ વલિલ્કાફિરીન અઝાબુનઅલીમ.**

હે ઈમાનવાળાઓ ! રાઈના ન કહેશો પણ આ પ્રમાણે અર્ઝ કર્યા કરો. ઉન્ઝુરના એટલે કે યા રસૂલલ્લાહ ! અમારા પર નઝરે કરમ ફર્માવો ! અને કાફિરોના માટે દર્દનાક અઝાબ છે.

જેનાથી જણાયું કે, આ બારગાહ એવી અદબની જગા છે જ્યાં એવો શબ્દ બોલવાની પણ છૂટ નથી, જેનાથી કોઈ દુશ્મનને ખરાબ બોલી બોલવાનો મોકો મળી જાય.

એક સમયમાં એવું બન્યું કે, માલદાર મુસલમાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી પોતાની વાતોનો ક્રમ એટલો લાંબો કરી દેતા કે ગરીબ મુસ્લિમોને કંઈક અર્ઝ કરવાનો પ્રસંગ જ ન મળતો હતો ત્યારે આયત ઉતરી : **યા અય્યૂહલ્લઝીન આમનૂ ઈઝાઅનાદય તુ મુર્રસૂલ ફકદ્દિમૂ બયન યદય નજૂસાકુમ સદકહ.**

"હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે અલ્લાહના રસૂલથી કાંઈ અર્ઝ કરવા ઈચ્છો તો પોતાની રજૂઆત પહેલાં કાંઈક સદકો આપ્યા કરો. સુબ્હાનલ્લાહ !

જો રબથી અર્ઝ કરવું હોય તો એટલે કે નમાઝ પઢવી હોય તો વુઝૂ કરવું પૂરતું છે પણ રબના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરવું હોય તો પ્રથમ સદકો ખૈરાત કરો. એનાથી બે ફાયદા થયા. એક કે પાંબદી લગાડવાથી ગરીબ મુસલમાનોને પણ બારગાહમાં અર્ઝ કરવાનો મોકો મળી જશે, બીજો એ કે દિલમાં આ બારગાહની અદબ બેસી જશે. જે ચીજ કંઈક ખર્ચ અને મહેનતથી પ્રાપ્ત થાય એની કદર થાય છે. જો કે આ આયતે કરીમહ્ પાછળથી મન્સૂખ થઈ ગઈ, બારગાહે રિસલાતની શાનનો (મહાનતાનો) પતો લાગી જ ગયો. પોતાના મહબૂબને મક્કા મોઅ્ઝઝમામાં ન રાખ્યા. પરંતુ ત્યાંથી ૩૦૦ માઈલના અંતરે મદીના મુનવ્વરામાં રાખ્યા. જેથી કરીને કોઈ વ્યકિત હજ્જના

બહાના હેઠળ ઝિયારત ન કરે પણ ઝિયારતે પાકના માટે અલગ મુસાફરી કરીને હાજર થાય જેથી તેને ઝિયારતની કદર થાય.

હક તઆલા ઈર્શાદ ફર્માવે છે : **યા અલ્લઝીન આમનૂસ્તજિબૂ લિલ્લાહિ વલિર્રસૂલિ ઈઝાદઆકુમ.**

''ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલના બોલવવા પર તરત હાજર થઈ જાઓ.''

આયતમાં આ બારગાહનો એ અદબ શીખવવામાં આવ્યો કે, હે હાજર થવાવાળાઓ ! જે સમયે તમારા કાનોમાં મારા મહબૂબના બોલાવવાનો આવાજ પહોંચે તો તમે જે હાલમાં પણ હોઉ તરત હાજર થઈ જાઓ.

સહાબાએ કિરામે જે આના પર અમલ કર્યો છે ! જો એની કાંઈક વિગત જોવી હોય તો મારી કિતાબ **શાને હબીબુર્રહમાન** (અલ્લાહના હબીબની શાન, ગુજરાતી કિતાબો)નો અભ્યાસ કરો. જેમાં બતાવવામાં આવ્યું છે કે જો કોઈ સહાબી નમાઝમાં હોય અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમને બોલાવતા તો તેઓ નમાઝ છોડીને હાજર થઈ જતા હતા, ત્યાં સુધી કે એક સહાબી પોતાની પત્નીથી હમબિસ્તરી કરી રહ્યા હતા કે તેમણે હુઝૂરનો બોલાવવાનો અવાજ સાંભળ્યો તો હાજત પૂરી કર્યા વગર (તરત જ) અલગ થઈ ગયા અને સેવામાં હાજર થઈ ગયા. એવા ઘણાય પ્રસંગો છે.

**સાબિત હુવા કે જુમલા ફરાઈઝ ફરોઅ હંય,**
**અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવરકી હય.**

આ થોડીક આયતો દ્રષ્ટાંત (નમૂના) પૂરતી રજુ કરવામાં આવી જેમાં બારગાહે આલીના આદાબ શીખવવામાં આવ્યા છે. જો વધુ વિસ્તારથી બતાવવામાં આવે તો એના માટે એક ઓફીસ–લાયબ્રેરીની જરૂર પડે. હવે એ પણ કુર્આનથી પૂછી લો કે બાઅદબ અને ખુશનસીબ લોકોને હક્ક તઆલા તરફથી કેવા ઈનામો અપાયાં, એ ઉપર દર્શાવેલી આયતો દ્વારા ઈશારાથી (ટૂંકમાં) માલૂમ થયું, કે એમને તકવાનું ઈનામ આપવામાં આવ્યું અને





મગફેરત અને મોટા મોટા અજર (બદલા)ની ખુશખબરી આપવામાં આવી. કયાંક ફર્માવવામાં આવ્યું કે, ખુદા એમનાથી રાજી, મતલબ કે એમની પ્રસંશાથી કુર્આન ભરેલું છે. બેઅદબી કરનારા પર જે ઈલાહી ગઝબ આવ્યો એનો વધુ ખુલાસો નથી કરતો ફકત બે પ્રસંગો વણન કરું છું.

વલીદ ઈબ્ને મુગીરહ કાફિરે એક વખત બકવાસ કર્યો હતો કે આપ મજનૂન એટલે કે પાગલ છે. એની બેઅદબીથી મુબારક દિલને રંજ પહોંચ્યો. પછી શું રહ્યું ! ગઝબે ઈલાહીનો દરિયો જોશમાં આવી ગયો. સૂરએ કલમ શરીફમાં પ્રથમ તો પોતાના મહબૂબને તેમના ફઝાઈલ અને તેમની વિશિષ્ટતા (ખૂબી)ઓ સંભળાવીને તેમને ખુશ કરવામાં આવ્યા.

**મા અન્ત બિનિઅમતિ રબ્બિક બિમજનૂન. વ ઈન્નલક લા અજરનન ગયરમમનૂન. વઈન્નક લઅલા ખુલુકિન અઝીમ.**

''હે પ્યારા ! તમે પોતાના રબના ફઝલથી મજનૂન નથી. તમારા માટે તો બેહદ સવાબ છે અને બેશક ! તમે ખૂબ જ, મહાન અખ્લાકવાળા છો''

એટલે કે હે મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તેને કહેવા દો તે જે કાંઈ બકતો ફરે. અમો તમારી એવી વિશિષ્ટતાઓ વર્ણન કરીએ છીએ કે તમે તેને ન સાંભળો પણ તમારા રબની સાંભળો. હવે ગુસ્તાખ પર ગઝબની તવજ્જોહ થાય છે. તેની દસ બુરાઈઓ ઈર્શાદ ફર્માવવામાં આવી :–

**વલાતુતિઅ કુલ્લહલ્લાફિ મમહીનીન હમ્માઝીન મશ્શાઈમ બિનમીમીમન્નાઈલિલ્ખયરિ મુઅતદીન અસીમીન ઉતુલીમ મબઅદ ઝાલિક ઝમીન.**

**''હે મહેબૂબ ! એવાની વાત ન સાંભળો ! જે જૂઠી કસમો ખાનર, બેઈજ્જત, આવારા, મહેણાં મારાનારો, મોટા ચુગલીખોર, ભલાઈને રોકવાવાળો, હદથી વધવાવાળો, સખત ગુનેગાર, કઠણ હૃદયી; એથી વિશેષ એ કે હરામની ઔલાદ છે.''**

જ્યારે વલીદે આ આયત સાંભળી તો પોતાની માની પાસે પહોંચીને કહેવા લાગ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે મારા દસ ગુણો વર્ણન કર્યા તેમાંથી

નવને તો હું જાણું છું કે મારામાં સાચે જ એ દુર્ગુણો છે પણ એ બતાવ કે હું હરામની ઔલાદ છું કે હલાલની ? સાચું બોલજે નહીંતર તારી ગરદન ઉડાવી દઈશ ! કારણ કે રસૂલ ﷺની વાત જૂઠી નથી હોતી. એના અનુસંધાનમાં એની માએ કહ્યું કે, ખરેખર તું છે તો હરામી કેમ કે તારો બાપ નામરદ ખૂબ જ માલદાર હતો. મને ભય પેદા થયો કે જો મને કોઈ ઔલાદ પેદા નહીં તો મારો માલ અન્ય લોકો લઈ જશે, જેથી મેં એક ભરવાડથી ઝિના કર્યો. તું તેની અવલાદ છે. એમાં એ પણ ઈશારો થઈ રહ્યો છે કે, જે ઝાલિમ હુઝૂર ﷺની તૌહીનને પોતાનો ધંધો બનાવી લે તેની અસલિયતમાં ગરબડ હોય છે ! તેવા બુરુ બોલનારાઓએ તેમના નુત્ફાની શોધખોળ કરવી જોઈએ ! પછી ઈર્શાદ ફર્માવ્યો. **સનસિમુ હૂ અલલ્ ખુરતૂમ** ''અમે એની સુવ્વર જેવી થૂથની (મોઢાનો ટોચનો ભાગ) પર દાગ લગાવીશું એનો ચહેરો બગાડી દઈશું, એની અંતરની બુરાઈ ચહેરાથી જાહેર થશે.'' આખેરતમાં જે થશે તે થશે. દુનિયામાં પણ વલીદનો ચહેરો બગડી ગયો. (ખઝાઈન તથા જલાલૈન વગેરે) આજે પણ રસૂલના ગુસ્તાખોના ચહેરા પર ઈમાની રૌનક (ચમક) નથી હોતી. કેટલાક ગુસ્તાખોના ચહરો પર માખો ભણભણતી અને જીવનના અંત કાળમાં ચહેરો બગડતો જાયો. (નઊઝુ બિલ્લાહ)

એક વખતે અબૂલહબ ગુસ્તાખે નબીની બારગાહમાં અર્ઝ કરી કે, તમારો હાથ તૂટી જાય. અલ્લાહના ગઝબનો દરિયો જોશમાં આવ્યો અને ઈર્શાદ થયો, **તબ્બતયદા અબીલહબીંવ વ તબ્બ મા અગ્ના અન્હુ માલુહૂ વમા કસબ. સયસલા નારન્ઝાત લહબીંવ વ અમરઅતુહૂ હમ્માલતલ હતબિ ફીજીદિહા હબ્લૂમ્ મીંમ્મસદ.**

''અબૂલહબના બંને હાથ નષ્ટ થઈ જાય. (તૂટી જાય) અને તે નષ્ટ પણ થઈ ગયા. તેનો માલ અને કમાઈ કાંઈ પણ કામ ન લાગી, નજીકમાંથી જ ભડકતી આગમાં તે પણ અને તેની પત્ની પણ પહોંચશે. જે લાકડીઓનો બોજ માથા પર ઉઠાવે છે. તેના ગળમાં ખજૂરની છાલનું દોરડું છે.''

જણાયું તે બદ્નસીબે એક બુરી વાત કરી અને જવાબમાં એને અને





એની પત્ની ઉમ્મે જમીલને જે કાંઈ સંભળાવવામાં આવ્યું તેની ખબર પણ થઈ ગઈ. બલ્કે પાછળથી એની સ્ત્રી એવી રીતે મરી કે હુઝૂરને તકલીફ આપવા માટે ખૂદ પોતાના માથા પર કાંટઓનો બોજ લાદીને લાવતી અને હુઝૂરના રસ્તામાં નાંખ્યા કરતી હતી. એક દિવસ કાંટાઓનો બોજ લાવી રહી હતી. તે થાકીને આરામના માટે પથ્થર પર બેસી ગઈ. એક ફરિશ્તાએ એની પાછળથી એનો બોજ ખેંચ્યો એ (બોજ) પડયો અને એની રસ્સીથી ઉમ્મે જમીલના ગળામાં ફાંસી આવી ગઈ અને તે મરી ગઈ.

હવે ન તે વલીદ રહ્યો ન અબૂલહબ, પણ તેમના પર રાત–દિવસ પૂર્વથી પશ્ચિમમાં ખૂબ લા'નત વરસી રહી છે, કે નમાઝી નમાઝમાં કુર્આન પઢનાર તિલાવતમાં તે ઈલ્કાબોથી તેના પર ફિટકાર વરસાવી રહ્યા છે.

એક મજાની વાત છે કે, હવે જાહેરી આંખોમાં એ દરબાર નથી, ન એ વલીમાની દાવતની ધૂમધામ છે ન તે મુબારક અવાજનો રણકાર. અમારું એવું નસીબ કયાં હતું કે એ મજલિસોના દર્શન કરત, તે ખુદાને પસંદ આવે તેવો અવાજ સાંભળત.

**જો હમ ભી વહાં હોતે ખાકે ગુલશન લિપટકે કદમોં સે લેતે ઉતરન**
**મગર કરેં કયા ! નસીબમેં તો યે નામુરાદીકે દિન લિખે થે**

પણ એ મેહફિલના આદાબ એવી રીતે લોકો સમક્ષ છે કે :–

**ઝિક્રે હબીબ કમ નહીં વસ્લે હબીબસે**

જો આશિકોને એ વાતો જોવાની નસીબ ન થઈ તો ઓછામાં ઓછું સાંભળીને ઈમાન લાવે અને ખુશીથી ઝુમીને ડોકટર ઈકબાલનો આ શેર પઢી મજા લે :–

**અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર**
**નફ્સ ગુમ કરદા મીઆયદ જુનેદો બયઝીદ ઈજા**

એના રબની કસમ ! એ દરબારનો કાઢી મૂકાયેલો કયાંય પણ પનાહ નથી મેળવતો. દુનિયાના બાદશાહોના મુજરિમ (ગુનેગાર) મરીને હાકિમની પડકથી છૂટી જાય છે પરંતુ એમનો મુજરિમ ન જિંદગીમાં ઈજ્જત પામે છે

ન કબરમાં ચૈન, ન હશ્રમાં આરામ. અને એ બારગાહનો કબૂલ થયેલ દરેક જગાએ ઈજ્જત પામે છે. આ'લા હઝરતે સરસ લખ્યું છે :–

**તૂ જો લલકાર દે આતા હુઆ ઉલ્ટા ફિર જાએ**
**તૂ જો ચમકાર દે હર–ફિરકે હો તેરા તેરા**
**દિલ પે કુન્દા હો તેરા નામ કે વો રોઝે જહીમ**
**ઉલ્ટે હી પાંવ ફિરે દેખકે તુગરા તેરા**

બુખારી, ભાગ–૧, કિતાબુલ મનાકિબમાં છે કે એક શખ્સ વહી લખનાર લહિયો હતો. વહી લખવાની સેવા તેને સોંપવામાં આવી હતી. કંઈક એવી ફિટકાર પડી કે તે મુર્તદ (ઈસ્લામથી ફરી જનાર) થઈ ગયો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને અયબ લગાડવા લાગ્યો. જ્યારે તે મરી ગયો તો તેને દફન કરવામાં આવ્યો તો જમીને તેને અંદરથી બહાર ફેંકી દીધો. એના દોસ્તો સમજ્યા કે કદાચ રસૂલુલ્લાહના સહાબીઓએ એને કાઢી નાખ્યો છે. વધુ મોટો ઊંડો ખાડો ખોદીને દફન કર્યો. પરંતુ ધરતીએ પણ કબૂલ ન કર્યો અને કાઢીને ફેંકી દીધો. મતલબ કેટલી વખત દફન કરવામાં આવ્યો પણ લાશ બહાર આવી ગઈ. તો જણાયું કે એ બારગાહે મુસ્તફાનો કાઢી મૂકાયેલો છે એને કોઈ કબૂલ કરશે નહીં.

આ જ પ્રમાણે મદારેજુન્નબુવ્વતમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની બે સાહબઝાદીઓ હઝરત રૂકૈયા તથા કુલસૂમ, અબૂલહબના બે છોકરા ઉતબા અને ઉતૈબાના નિકાહમાં હતી. કેમ કે તે વખતે મુશ્રિકોથી નિકાહ હરામ ન થયો હતો. જ્યારે સૂરએ તબ્બતયદા નાઝિલ થઈ તો અબૂલહબે પોતાના બંને છોકરાઓને કહ્યું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمની છોકરીઓને તલાક આપી દો નહીં તો હું તમને મારા વારસાથી મેહરૂમ કરી દઈશ. જેથી ઉતૈબાએ તો બારગાહે રિસાલતમાં હાજર થઈને મજબૂરી દર્શાવીને તલાક આપી અને ઉતબાએ ગુસ્તાખીથી તલાક આપી. અલ્લાહના મહબૂબે ફર્માવ્યું કે હે અલ્લાહ ! તારા કોઈ કૂતરાને નક્કી કર જે તેને સજા આપે. આ સાંભળીને ઉતબા કાંપી ઉઠયો, આવીને અબૂલહબને કહ્યું, અબૂલહબ બોલ્યો ! હવે મારા છોકરા





ઉતબાની ખૈર નથી કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمની હલાકતની દુઆ તેની પાછળ પડી ગઈ ! દરેક બાજુએ તેની રખેવાળી કરવા લાગ્યો. આ જ ઉતબા એક વખતે વ્યાપારી કાફલાનો સરદાર બનીને શામ તરફ ગયો. પોતાના ગુલામોને અબૂલહબે વસિય્યત કરી કે ઉતબાને પોતાની વચ્ચે સૂવાડયા કરે. એક જગાએ રાત્રે કાફલાવાળા સૂઈ રહ્યા હતા. ત્યારે ઝાડીમાંથી એક સિંહ નીકળ્યો અને દરેકનું મોઢું સૂંઘતો રહ્યો. દરેકને સૂંઘીને છોડી દીધો પણ ઉતબાનું મોઢું સૂંઘીને એને ફાડી નાંખ્યો. જણાયું કે એ બારગાહમાં બેઅદબી કરવાવાળાના મોઢેથી એવી ખરાબ વાસ નીકળે છે જેને જાનવર (પ્રાણી) જાણી લે છે કે, ગુસ્તાખનું મોઢું આ છે !

હવે બારગાહમાં કબૂલ થયેલાઓના હાલ સાંભળતા ચાલો. હઝરતે સફિયહ્ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના આઝાદ કરેલ ગુલામ હતા. એક વખતે કાફિરોના હાથોમાં પકડાઈ ગયા. કેટલાક દિવસો બાદ તેમને ખબર મળી કે મુસલમાનોનું લશ્કર તે વિસ્તારમાં આવેલું છે. રાત્રે મોકો જોઈને કેદખાનાથી ભાગી નીકળ્યા. દોડતા જઈ રહ્યા હતા કે અચાનક ઝાડીમાંથી એક સિંહ નીકળ્યો. આપે એનાથી કહ્યું કે હે સિંહ ! હું રસૂલુલ્લાહનો ગુલામ છું અને રસ્તો ભૂલ્યો છું. આ સાંભળીને સિંહ પૂછડી હલાવતો આગળ થઈ ગયો. રસ્તો બતાવી લશ્કર સુધી પહોંચાડીને પાછો ફર્યો. *(જુઓ, મિશ્કાતુલ કરામાત)*

આ બે ત્રણ પ્રસંગો ઈમાનવાળાઓની ઈબ્રતના માટે પૂરતા છે. મુસલમાનો માટે જરૂરી છે કે રસૂલુલ્લાહની મહાનતાના ગીતો ગાતા રહે. પોતાના બાળકને એવી વાતો શીખવાડે. વિ□ાસ કરે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ઈજ્જતમાં ઈસ્લામની ઈજ્જત છે. કારણ કે મકાનની ઈજ્જત મકાનવાળાની ઈજ્જત છે અને કામનું મહત્વ કામવાળાની મહત્વતા પરથી જાહેર થાય છે.

દાખલા તરીકે સમજો કે એક જલસામાં હિંદુ, ઈસાઈ, યહૂદી ભેગા હોય. હિંદુ ઊભો થઈને કહે કે મારા રામ કેટલી ભારે શકિતવાળા છે. જેમણે સીતાથી શાદી કરવા માટે એક ભારે કમાનને બે ટૂકડા કરી દીધા ! ઈસાઈ ઊભો થઈને કહે કે મારા મઝહબના સ્થાપક હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ની શાન

હતી કે એમણે મુડદાંઓને જીવંત કરીને કલ્મો પઢાવ્યો. યહૂદી ઊભો થઈને કહે કે મારા મઝહબના સ્થાપક હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ની એ શાન હતી કે એમણે પથ્થરમાં લાકડી મારીને પાણીનાં વહેણ કાઢયાં. પરંતુ તમે ઉઠીને તે કહો જે *દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી* અને *મોલ્વી ખલીલ અહમદે* લખ્યું કે, મારા નબી તો મજબૂર (લાચાર) બંદા છે, તેમને તો દીવાલની પાછળની પણ ખબર ન હતી, એ તો નાચીઝ રજથી પણ કમતર હતા, તેમનો ઈલ્મ તો શયતાન અને મલકુલમૌતથી પણ ઓછો હતો.

તો બતાવો, તમે ઈસ્લામની તાઝીમ કરી કે તૌહીન ? તે લોકો સાંભળીને કહેશે કે એવા ઈસ્લામને અમારા દૂરથી જ સલામ છે જેના પે□ાની લાચારી તથા મજબૂરીનો આ હાલ હોય ! હા ! આ મોકા પર જો કોઈ મારા જેવો ફકીર, નિયાઝમંદ હોય તો તડપીને કહેશે કે, હે હિંદુ ! જો રામચન્દ્રજીએ એક ભારે કમાનને તોડયું, તો જરા મારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુદાએ આપેલી તાકાતને જો કે તેમણે આંગળી મુબારકના ઈશારાથી આખા ચંદ્રને તોડીને બે કમાનોમાં કરી દીધો ! અને હે ઈસાઈ ! જો હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام નિર્જીવ મુડદાંઓમાં જીવ પૂર્યો તો મારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુદાએ આપેલી શકિત જો કે સૂકી લાકડીઓ અને જંગલનાં વૃક્ષો પાસે પોતાનો કલ્મો પઢાવી લીધો ! અને હે યહૂદી ! જો હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ પથ્થરમાંથી પાણી કાઢયું તો મારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન પણ જુઓ કે જેમણે આંગળીઓથી પાણીના ઝરણાં વહેડાવ્યાં !

**ઉંગલીયાં હંય ફયઝ પર ટૂટે હૈ પ્યાસે ઝુમકર**
**નદિયાં પંજાબે રહમતકી હંય જારી વાહ વાહ**

મતલબ કે ઈસ્લામની મહાનતા બતાવવા માટે ઈસ્લામના સ્થાપક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહાનતા બતાવવી શકય તેટલી જરૂરી છે પરંતુ અફસોસ કે આ જમાનાના કેટલાક નામ માત્રના મુસલમાન મુર્તદો આ રહસ્યને ન સમજ્યા. શયતાને તેમને એવું બતાવ્યું કે અંબિયાની ઈજ્જત વર્ણન કરવાથી ખુદાની તૌહીન થાય છે ! તે અક્કલવાળાઓએ ઈબ્લીસી તૌહીદને ઈસ્લામી તૌહીદ





સમજાવી અને સમજાવ્યું કે ખુદાની **તૌહીદ**ના માટે મુસ્તફાની **તૌહીન** જરૂરી છે, એ જ તો ઈબ્લીસે કહ્યું હતું. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહાનતા ખુદાની કુદરતનો મઝહર (ઉદ્‌ભવસ્થાન) છે. શાગિર્દની કાબેલિયતની (પરિપૂર્ણતા)થી ઉસ્તાદની કાબેલિયતનો પતો લાગે છે. જ્યારે અલ્લાહના મહબૂબની અઝમત (મહાનતા)નો ખ્યાલ હશે તો એ જ કહેવું પડશે હે મુસ્તફા ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના રબની કુદરતને કુર્બાન કે જેણે આવા ખૂબીવાળાને પયદા કર્યો.

એ જ વાતનો લેહાજ રાખીને ફકીરે (લેખકે) એક કિતાબ **''શાને હબીબુર્રહમાન બ આયાતે કુર્આન''** અને એક કિતાબ **''જા અલ્ હક્ક''** લખી. ખુદા તઆલાના ફઝલથી તે દેશમાં એવી મકબૂલ થઈ કે મને એ પ્રમાણેની આશા પણ ન હતી. હિંદુસ્તાનના દરેક ભાગમાં પહોંચી અને એહલે સુન્નતે પોતાની મહોબ્બત પ્રદર્શિત કરી. ખુશીથી ભર્યા પત્રો લખ્યા, દુઆઓ આપી. કોઈ દેવબંદી કે વહાબીની વાંધો ઉઠાવવાની હિમ્મત ન થઈ, પરંતુ ખુદાના ફઝ્લથી ઘણાય દેવબંદી આ કિતાબોને જોઈને તૌબા કરીને મુસલમાન થઈ ગયા. **અલ્હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક.** પરંતુ કેટલાક સુન્નીઓએ દબાણ કર્યું કે, **જા અલ્ હક્ક**માં લગભગ બધા જ મસાઈલ તો આવી ગયા પણ ત્રણ મસ્અલા ન આવ્યા જેની અત્યારે જરૂરિયાત છે, એક તો **સલ્તનતે મુસ્તફા.** કેમ કે દેવબંદી વહાબી જ્યાં હુઝૂરની વિશિષ્ટતાઓનો ઈન્કાર કરે છે, ત્યાં એનો પણ ઈન્કાર કરનારા છે અને કુર્આન શરીફમાં જે આયતો બુતોની લાચારી અને ઝિલ્લતના માટે આવી છે તે અંબિયા પર ફીટ કરે છે અને બુત પરસ્તોવાળી આયતોને મુસલમાનો માટે પઢે છે. બલ્કે તેઓને આખા કુર્આન મજીદમાં ફકત આ આયત દેખાય છે. કુલ **ઈન્નમા અના બશરૂમ મિસ્લુકુમ** બીજી ૨૦ રકાત તરાવીહ કેમ કે મોલ્વી રશીદ ગંગોહીએ આના પર જે કિતાબ લખી ''રાઈઉન્ નજીહ'' જેનાથી વધુ ધોકો થાય છે.

ત્રીજો મસ્અલો અંબિયાની અઝમત (મહાનતા) કેમ કે કાનપુરની એક વ્યકિત બરાબર એના વિરુદ્ધ લખાણ પ્રકાશિત કરી રહી છે. તે લખે છે કે, અંબિયાએ કિરામ (નઊઝુબિલ્લાહ) ગુનેહગાર બલ્કે મુશ્રિક હતા અને પાછળથી તૌબા કરી. મેં આ કિતાબને મારા રબના કરમથી લખી તો લીધી

પણ એ ખયાલમાં રહ્યો કે **જા અલ્ હક્ક**ના બીજા ભાગમાં આ લખાણ વધારી દેવામાં આવશે. પરંતુ મારા મોહતરમ મિત્ર મુન્શી અહમદદીન સાહેબે ખૂબ દબાણ કર્યું કે, **સલ્તનતે મુસ્તફા** ખૂબ જ જલ્દી પ્રકાશિત કરવામાં આવે એની જરૂરિયાત ખૂબ છે અને માંગ છે. જેથી અલ્લાહના ભરોસે એની તૈયારી કરી દીધી પણ મારી બેસરમાયાદારી અને અલ્પજ્ઞાનને નજર સમક્ષ રાખતાં હિમ્મત તૂટી હતી. પરંતુ આ'લા હઝરતના આ અશ્આરે હિમ્મત આપી :–

**તૂટી આસ બંધાતે યે હંય, છૂટી નબ્ઝેં ચલાતે યે હંય**

**ડૂબી નાવ તરાતે યે હંય, હિલતી નાવેં જમાતે યે હંય**

**ફય્ઝે જમીલ ખલીલસે પૂછો, આગમેં બાગ લગાતે યે હંય**

ન આ કામ મારી શકિતથી થયું, અને ન આ મારી કુવ્વતથી થશે, બલ્કે તે મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم જેનાથી ઈચ્છે પોતાનું કામ કરાવી લે.

**તુમ તો જિસ ખાકકો ચાહો વો બને બંદએ પાક**

**મૈં નબી કિસકો બનાઉં જો ખફા તુમ હો જાઓ**

આ કિતાબનું નામ ''**સલ્તનતે મુસ્તફા દર મમલેકતે કિબ્રીયા**'' રાખું છું અને એની પણ એ જ પદ્ધતિ રહેશે જે **જા અલ હક્ક**ની છે કે બે પ્રકરણમાં આ મસ્અલો વર્ણવામાં આવશે. પહેલા પ્રકરણમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની બાદશાહીની સાબિતી છે અને બીજા પ્રકરણમાં વાંધાઓ અને તેના જવાબો.

**વમા તૌફીકી ઈલ્લાબિલ્લાહિ વહુવ હસ્બીય વ નિઅમલ્વકીલ વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લાબિલ્લા હિલ્અલિય્યીલ્ અઝીમ.**

*નાચીઝ*

***અહમદ યારખાં નઈમી અશરફી***

૨૨, ઝિલકઅદુલ્ હરામ, હિજરી ૧૩૨૨ (પાક.)





# સલ્તનતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم

***બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ***

સરકાર અબદ કરાર صلی اللہ تعالیٰ علیہ وسلم પરવરદિગારના હુકમથી બંને જહાનોના માલિક અને મુખ્તાર છે. જમીનના માલિક, આસમાનના માલિક, પોતાના રબની અતાથી દોઝખના માલિક, જન્નતના માલિક, રબના એહકામના માલિક, ઈનામોના માલિક.

**ખાલિકે કુલને આપકો, માલિકે કુલ બના દિયા**

**દોનોં જહાન હંય આપકે કબ્ઝા વ ઈખ્તેયાર મેં**

જેને જે ઈચ્છે પોતાના રબની અતાથી અતા ફર્માવે, જેને જેનાથી ઈચ્છે વંચિત કરી દે અને જેના માટે જે ઈચ્છે હલાલ ફર્માવે અને જે ઈચ્છે હરામ કરી દે. મતલબ બંને જહાનના શહેનશાહ, બંને જહાનના માલિક અને મૌલા છે.

**હુકમ નાફિઝ હય તેરા સયફ હય તેરા ખામાતેરા,**

**દમમેં જો ચાહે કરે દૂર હય શાહા તેરા.**

આ વાતને સાંભળીને અલ્લાહની મહેરબાનીથી એહલે સુન્નત તો બાગ બાગ થઈ જાય છે અને એમના ઈમાન તાજાં થઈ જાય છે પરંતુ અફસોસ કે હિંદુ નહીં, ઈસાઈ નહીં અન્ય કાફિરો નહીં, બલ્કે મુસલમાનીનો દમ ભરવાવાળા દેવબંદી, વહાબી બળી મરે છે ! કહેવત પ્રખ્યાત છે કે દાતા આપે અને ભંડારીનું પેટ ફાટે. ભલા કોઈ બુદ્ધિશાળી પૂછે કે ખુદા આપવાવાળો એના હબીબ લેવાવાળા વચ્ચે તમે બળી મરનાર કોણ ? સૌ પ્રથમ તો મારા રબથી પૂછું છું કે મૌલા બતાવ ! તેં તારા પ્યારાને શું આપ્યું ? પછી એ લેવાવાળા મેહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરું છું કે હે આકા ! તમે તમારા રબથી શું શું લીધું ? તથા સાહબાએ કિરામથી દર્યાફ્ત કરું છું (પૂછું છું) કે એ અતા (અર્પણ) અને કબૂલ (સ્વીકાર)ના

વિશે આપ શું ફર્માવો છો ? પછી બધી ઉમ્મતના ઉલ્માઓથી પૂછું છું, તમારો આ વિશે શું અકીદો છે ? પછી દેવબંદીઓ અને વહાબીઓથી પૂછીશું કે તમે પણ કાંઈ બોલો આ વિષયમાં તમે શું કહો છો ? બૌદ્ધિક દલીલો આપીશ. એટલા માટે આ ચર્ચાના બે પ્રકરણો બનાવું છું. પહેલા પ્રકરણમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બાદશાહીની સાબિતી અને બીજામાં વિરોધીઓનાં સર્વ વાંધાઓ જવાબ સાથે. પહેલા પ્રકરણમાં પાંચ વિભાગ છે. પહેલા વિભાગમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તનતની સાબિતી કુર્આનની આયતોથી, બીજા વિભાગમાં હદીષ શરીફથી, ત્રીજા વિભાગમાં મોહદ્દિષો અને મુફસ્સિરો અને ઉમ્મતના આલિમોથી, ચોથા વિભાગમાં વિરોધીઓનાં કથનોથી અને સાબિતી અને પાંચમામાં બૌદ્ધિક દલીલો હશે.

**ખાસ નોંધ :–** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બંને જહાનના માલિક હોવાનો ન તો એ મતલબ છે કે રબ તઆલા કોઈ ચીજનો માલિક ન રહ્યો અને ન એ મતલબ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રબ તઆલાની જેમ માલિક છે કે જેનાથી લાઝિમ થઈ જાય કે દુનિયાના બે મુસ્તકીલ (ખુદાની અતા વિના જાતે જ માલિક) માલિક છે પરંતુ રબ તઆલાની માલિકી કદીમ, અઝલી અને અબદી છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માલિકી આપવામાં આપેલી (અતાઈ) અને (હાદિસ) પ્રાપ્ત થયેલ છે. જેવી રીતે દુનિયાવી બાદશાહ પોતાની સલ્તનતના માલિક અને આપણે આપણા ઘરબારના માલિક છીએ, હઝરત સુલૈમાન علیہ الصلوٰۃ والتسلیم પૂરી જમીનના માલિક થયા, એનો એ મતલબ નથી કે રબ એ ચીજોનો માલિક ન રહ્યો, બલ્કે તે હકીકી માલિક છે અને આપણે મજાઝી. તેની મિલ્કત ઝાતી છે અને આપણી અતાઈ. એવી રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માલિકી ખુદા તઆલાની નિસ્બતથી છે. (રબની અતા કરેલ છે.)





# (વિભાગ પહેલો)

## ☆ કુર્આનની આયતોથી સાબિતી ☆

**વમાનકમૂઈલ્લા અન અગ્નાહુમુલ્લાહુ વરસૂલુહુ મિન ફદ્‌લિહ.**

**''અને તેઓને ભુરું લાગ્યું એ જ ને કે એમને અલ્લાહ અને રસૂલે પોતાની ફઝ્‌લથી ગની (માલદાર) કરી દીધા ?''** *(પા.૧૦, રુકૂઅ–૧૫)*

આ આયતથી જણાયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ લોકોને ગની અને માલદાર કરે છે. અને બીજાઓને ગની તે જ કરશે જે પોતે માલિક હોય, સ્પષ્ટ એ છે કે **ફદ્‌લિહી**ની ઝમીર (નિર્દેશ માટેનો શબ્દ) રસૂલની તરફ દર્શાવે છે. કેમ કે એ જ નજીક છે. **વલ્લાહુ અઅ્‌લમ.**

સૂરએ તૌબહ, પા.૧૦, રુકૂઅ–૧૨માં ઈર્શાદ થયો,

**વલવઅન્નહુમ રદૂઅ.....ઈન્ના ઈલલલાહિ રાગિબૂન.**

અને કેટલુ સારું થાત જો તેઓ તેના પર રાજી થઈ જાત જે અલ્લાહ અને રસૂલે તેમને આપ્યું અને કહે છે, અલ્લાહ પૂરતો છે હવે એમને આપશે અલ્લાહ તેના ફઝલથી અને તેના રસૂલ અને અમને અલ્લાહ પ્રત્યે રગબત (આકર્ષણ) છે. આ આયતથી જણાયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપ્યું પણ છે, અને આપશે પણ. અને તે જ આપે છે જેની પાસે હોય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપે છે ? જે અલ્લાહ આપે છે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપે છે. કેમ કે આ આયતમાં એક આપવા (ની વાત) ને એની તરફ નિસ્બત કરવામાં આવેલ છે. એટલે કે અલ્લાહ બધું જ આપે છે ! તો રસૂલ પણ બધું જ આપે છે.

**ઈન્ના અઅ્‌તય્‌ના કલ કૌષર.**

''હે મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે તમોને કૌષર આપ્યું.''

આ આયતથી જણાયું કે, રબ તઆલાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કૌષરનો મતલબ કયાં તો હૌઝે કૌષર અથવા ખૂબ જ ભલાઈ અથવા બહું જ ઉમ્મત અથવા મકામે મહમૂદ અથવા શફાઅતે કુબરા અથવા વિજયો અથવા બધી જ (ખલ્કત) મખ્લૂક પર બુઝુર્ગી અથવા આલમે કષરત એટલે અલ્લાહના સિવાય બધી જ મખ્લૂકાત. મતલબ કોઈપણ અર્થમાં હોય પણ જણાયું કે ખુદાએ આપ્યું અને પુષ્કળ આપ્યું. મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લીધું અને દેવાવાળાથી લીધેલાના માલિક થવું પુરવાર થયું.

તથા ''**અઅ્તય્ના**'' ભૂતકાળની વાત છે. જેનાથી જણાય છે કે આ આર્પણ થઈ ચૂકી અને કબજો આપવામાં આવી ચૂકયો. જેથી સાબિત થયું કે હુઝૂર માલિક છે. વહાબીઓના ગુરૂ ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ 'તકવિયતુલ ઈમાન'નું એ કહેવું કે, ''જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે એક ચીજનો પણ માલિક કે મુખ્તાર નથી.'' તો **આ વાત ખુદાના ઈર્શાદથી વિરૂદ્ધ છે.**

**લતીફો** :– દુનિયાની બધી નેઅમતોને રબ તઆલા હલકી (તુચ્છ) ફર્માવે છે. એટલે કે ખૂબ જ થોડી. પણ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપવામાં આવ્યું તે વધારે (કષીર) નહીં ખૂબ જ વધારે (ઘણું બધું–અકષર) બલ્કે કૌષર છે. એટલે કે વધારે નહીં ખૂબ જ વધારે નહીં બલ્કે અત્યંત વધારે છે ! દુનિયા તો મારા આકાની મિલકતનો એક કરોડમો ભાગ પણ નથી.

**ઈન્ન ફતહના લક ફતહમ્મુબીના.**

''બેશક ! હે મેહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે તમારા માટે રોશન ફતહ ફર્માવી.''

આ આયતથી એ જણાયું કે, ખુદાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફતહ આપી. જો ફતહનો અર્થ પ્રદેશોનો ફતહ કરવું હોય તો સ્પષ્ટ છે કે, જીત મેળવનાર જીતેલા પ્રદેશનો માલિક હોય છે તેથી હુઝૂરની બાદશાહત સાબિત થઈ. અને જો ફતહનો અર્થ છે ખોલવું, તો આયતનો અર્થ એ થયો કે, હે પ્યારા ! અમે તમારા માટે બંધ દરવાજા ખોલી દીધા. જેનાથી જણાયું કે દરવાજા બીજાઓના માટે બંધ હતા તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે ખોલી દેવામાં આવ્યા.





જન્નતના દરવાજા, શફાઅતના દરવાજા, બધી જ નેઅમતોના દરવાજા હુઝૂરના માટે ખોલી દેવામાં આવ્યા.

**વવજદક આઈલન ફઅગ્ના.**

'' હે મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાએ તમને હાજતમંદ પામ્યા તો ગની કરી દીધા.''

**વલસવ્ફ યુઅ્તીક રબ્બુક ફતરદા.**

'' (હે મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم) તમોને તમારો રબ એટલું આપશે કે પ્યારા તમે રાજી થઈ જશો !''

આ બંને આયતોથી જણાયું કે ખુદાએ આપને એટલા પ્રમાણમાં આપ્યું કે બંને દુનિયાથી તે ગની થઈ ગયા અને વાયદો ફર્માવવામાં આવ્યો કે હજુ ખૂબ ખૂબ આપીશું. જ્યારે ખુદા આપી ચૂકયો મહબૂબ લઈ ચૂકયા તો માલિકી આપો આપ સાબિત થઈ ગઈ. વળી આ આયતોમાં એ નથી ફર્માવ્યું કે, એટલું આપીને ગની કરી દીધા અને શું શું હજી આપશે ? જેનાથી જણાયું કે, બધુ જ આપવામાં આવ્યું અને આપવામાં પણ આવશે. જેમ જેમ ખલ્કત (બધી મખ્લૂક) વધતી જશે, અતા થતી જશે.

**વકાન ફદ્લુલ્લાહિ અલૈક અઝીમા.**

''(હે મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم) આપના પર અલ્લાહનો ખૂબ જ મોટો ફઝલ છે.''

દુનિયાનો નિયમ છે કે જે નસીબદાર અને દૌલતમંદ હોય એને કહે છે કે ફલાણા પર અલ્લાહનો મોટો ફઝલ (મહેરબાની) છે. એવી રીતે **રબ ફર્માવી રહ્યો છે કે, હે મેહબૂબ ! આપના પર અલ્લાહનો મોટો ફઝ્લ છે !** ધ્યાનમાં રાખશો કે રબ તઆલાએ આખી દુનિયાને તુચ્છ કહી એટલે કે થોડી છે અને દુનિયાનો અર્થ એ જ મામૂલી (તુચ્છ) ચીજ છે. ખુદાએ આપના પર મહાન (મોટો) ફઝ્લ ફર્માવ્યો. જેનાથી જણાયું કે દુનિયા તો મહબૂબની મિલ્કતનો એક કરોડમો ભાગ પણ નથી ! હઝરત સુલૈમાન علیہ الصلوٰۃ والتسلیم ને આખી દુનિયાની બાદશાહત આપી પણ ખુદાએ આપના (હુઝૂર)

વિશે એ ફર્માવ્યું કે, તેમના પર મોટો ફઝ્લ કર્યો. જેનાથી જણાયું કે તખ્ત અને તાજ સુલૈમાન علیہ السلام ના તે તો આકાની મિલ્કત અને સલ્તનતનું એક રાજય બલ્કે એક જિલ્લો છે !

હવે એ પણ જાણી લો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અહકામ (હુકમો)ના માલિક છે અને કોઈ ઈબાદત અલ્લાહની બારગાહમાં કબૂલ નથી થતી જ્યાં સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેને પસંદ ન ફર્માવે, અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હરામ તથા હલાલના માલિક અને મુખ્તાર છે. સાંભળો રબ તઆલા ફર્માવે છે :–

**ખુઝમીન અમ્વાલિહમ સદકતન તુતહ્હિરુહુમ વતુઝક્કી હિમ્ બિહાવસલ્લિ અલૈહિમ ઈન્ન સલાતક સકનુલ્લહુમ.**

"હે મહબૂબ ! તેઓના માલમાંથી સદકો કબૂલ ફર્માવી દો અને તેઓના હકમાં ભલાઈની દુઆ કરો. બેશક ! તમારી દુઆ તેઓના દિલોનું ચૈન છે."

આ આયતે કરીમહ્માં મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمને બે હુકમો આપવામાં આવી રહ્યા છે. **એક** એ કે તૌબા કરવાવાળા સહાબાએ કિરામ પોતાના માલનો સદકો આપની બારગાહમાં રજુ કરી રહ્યા છે તેને કબૂલ ફર્માવો અને તેમને પાક ફર્માવી દો. **બીજો** એ કે તેમના માટે દુઆ કરો. એનાથી જણાયું કે એ સદકો જે ઈબાદત છે તે ત્યારે કબૂલ થવાને લાયક છે, જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કબૂલ ફર્માવી લે. જો આ પ્રતિબંધ ન હોત તો સહાબાએ કિરામ કોઈને પણ આપી દેત. **બીજુ** એ કે કોઈ પણ ઈબાદતથી પાક ન થશે, બલ્કે પાકી તો હુઝૂરના કરમ صلی اللہ تعالیٰ علیہ وسلمથી મળશે. કારણ કે અહીં ફર્માવવામાં આવ્યું કે, આ સદકાથી તમે તેમને પાક કરી દો. **ત્રીજું** એ કે રબ તઆલા હુઝૂરની શફાઅત (શિફારિસ) વગર કોઈને કાંઈ પણ ઈનાયત નથી કરતો. ફર્માવી રહ્યો છે, આપ તેઓના માટે દુઆ કરો. જો કે તે એના પર પણ શક્તિમાન હતો કે હુઝૂરની દુઆ વગર તેઓને બધું આપે, પણ નથી આપતો ! જ્યારે મહબૂબથી કહેવડાવી લે છે ત્યારે જ આપે છે. **ચોથું** કે એ કે સહાબાએ કિરામને પોતાના આમાલ પર ચૈન નથી આવતું જ્યાં સુધી તે આમાલને હુઝૂર રજિસ્ટર્ડ ન ફર્માવી દે. એટલા માટે કુર્આન ફર્માવી રહ્યું છે કે તમારી





દુઆથી તેઓના દિલોને ચૈન (આરામ) થશે.

(૮) **બેઉન્કે વાસ્તે કે ખુદા કુછ અતા કરે**
**હાશા ગલત ગલત યે હવસ બેબસરકી હય**

(૯) **વયુહર્રિમુ અલૈહિમુલ ખબાઈષ.**

તે નબી લોકો પર નાપાક ચીજોને હરામ ફર્માવે છે.

(૧૦) **વલાયુહર્રિમુન્ માહરરમલ્લાહુ વરસૂલુહ.**

અને કાફિરો તે ચીજોને હરામ નથી માનતા જે અલ્લાહ અને તેના રસૂલે હરામ ફર્માવી.

આ આયતોથી જણાયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمને પણ હરામ ફર્માવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જણાયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم હુકમોના માલિક છે. જુઓ કૂતરો, બિલાડી વગેરેનું હરામ હોવું કુર્આનમાં અમને મળતુ નથી. હદીષો એટલે કે હુઝૂરના ફર્માનથી જ મળે છે.

(૧૧) **વમાકાન લિ મુઅ્મિનિંવ વલા મુઅ્મિનતિન્ ઈઝા કઝલ્લાહુ વરસૂલુહ્ હૂ અમરત અંય્યકૂન લહુમુલ ખૈરતુ મિન અમરિહિમ.**

ન કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રીને એ અધિકાર છે કે જ્યારે અલ્લાહ અને તેના રસૂલ કાંઈ ફર્માવે તો તેમને તેમની બાબતનો કાંઈ અધિકાર રહે.

આ આયતે કરીમહ્ના ઉતરાણનું કારણ (શાને નુઝૂલ) એ છે કે હઝરત ઝયદ ઈબ્ને હારિષ જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના આઝાદ કરેલા ગુલામ હતા અને હુઝૂરની સેવામાં રહેતા હતા. હુઝૂરે એમના નિકાહનો સંદેશો હઝરત ઝયનબ બિન્તે જહશને મોકલ્યો. હઝરત ઝૈનબ બિન્તે જહશ કુરૈશ ખાનદાનની ખૂબ જ મોભાવાળી બીબી હતાં. તેમણે તથા તેમના ભાઈ અબ્દુલ્લાહ ઈબ્ને જહશે તેને માન્ય ન રાખ્યો. કારણ કે તેઓ કુરૈશી અને ખૂબ જ ઈજ્જતદાર હતાં અને હઝરત ઝયદ કુરૈશી ન હતા અને નિકાહમાં મોભાનો ખ્યાલ રાખવાવામાં આવતો હતો. તે વખતે આ આયતે કરીમહ્ નાઝિલ થઈ. આ આયતના ઉતરાણ પછી તે બધાએ રાજી થવું પડયું અને

નિકાહ થઈ ગયા.

આનાથી જણાયું કે હુઝૂર મુસલમાનોની **જાન** તથા **માલ** અને **ઔલાદ**ના માલિક છે અને એવા માલિક કે એમના હુકમના સામે કોઈને પોતાની જાન તથા માલ અને ઔલાદનો કંઈ અધિકાર નથી. જુઓ, નિકાહમાં બાલિગ છોકરીની પરવાનગી અને એના નજીકવાળાઓની રઝામંદી જરૂરી હોય છે. આ કેવો નિકાહ છે કે એમાં કોઈની નારાઝગીની પરવા ન કરવામાં આવી ! કારણ એ જ છે કે બધા મુસલમાન પુરૂષો હુઝૂરનાં ગુલામ છે અને મુસલમાન સ્ત્રીઓ લોંડીઓ છે. માલિકને અધિકાર છે કે જ્યારે ઈચ્છે લોંડીના નિકાહ કરી દે.

(૧૨) **કુલ્ યા ઈબાદિયલ્લઝીન અસ્રુફુઉ અલાઅન્ફુસિહિમ લા તકનતૂ મિર્રહમતિલ્લાહ.**

ફર્માવો (અય મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم) હે મારા તે બંદાઓ જેમણે પોતાની જાનો પર સખ્તી કરી અલ્લાહની રહેમતથી નિરાશ ન થાઓ.

આ આયતે કરીમહ્માં હુઝૂરને પરવાનગી આપવામાં આવી કે દુનિયાભરના મુસલમાનોને પોતાના બંદા એટલે ગુલામ ફર્માવો. મષ્નવી શરીફમાં છે :–

**બંદાએ ખૂદખવાન્દ, અહમદ દર રશાદ,**
**જુમલા આલમરાબોખ્વાં કુલા યા એબાદ !**

અને બધાને પોતાના ગુલામ તે જ કહી શકે છે જે બધાનો માલિક હોય.

(૧૩) **યા અય્યૂહલ્લઝીન આમનૂસ્તજીબૂ લિલ્લાહિ વલિરસૂલિ ઈઝાદઆકુમ.**

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલના તેડા પર તરત હાજર થઈ જાઓ જ્યારે તમોને બોલાવે. (علیہ الصلوٰۃ والتسلیم)

આ આયતથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાબેદારી અને એમના તેડા





પર હાજર થવું મુસલમાનો પર કોઈપણ હાલતમાં અનિવાર્ય છે અને તાબેદારીના વાજિબ થવાનું કારણ એ છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બધાના માલિક છે.

આ આયતની વિગતે ચર્ચા મુકદમા (કિતાબના પ્રારભમાં)માં પૂરી વિગતવાર સમજમાં આવે તે રીતે કરવામાં આવેલી છે.

**સારાંશ :–** બુદ્ધિ દંગ રહી ગઈ છે કે અલ્લાહના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمની કેવી સલ્તનત છે અને આપની શી મહાનતા છે કે આપના આગમનથી જમાનામાં ઈન્કેલાબ આવી ગયો, દુનિયા બદલાઈ ગઈ. ખુદાએ પોતાની હુકૂમતના નિયમો બદલી નાખ્યા. એનાથી પહેલાં દુનિયામાં હક તઆલાની જબ્બારી જાહેર હતી અને હુઝૂરના આગમન પછી તેની સત્તારી અને ગફ્ફારીના જલ્વા નજરે પડે છે. વિચાર તો કરો કે પાછલી ઉમ્મતોમાં એક ગુનોહ કરવાના બદલામાં અઝાબ ઊતર્યો. કોઈનો ચહેરો બગાડી નાખવામાં આવ્યો, કયાંક પથ્થર વરસ્યા, કોઈને વાનર અને સુવ્વર બનાવીને નાશ કરવામાં આવ્યા. પરંતુ જ્યારે મક્કાના કાફિરોએ કહ્યું કે, હે અલ્લાહ ! જો ઈસ્લામ સાચો છે તો અમારા પર પથ્થરો વરસાવી દે ! તો એના જવાબમાં પથ્થર ન આવ્યો, ગઝબના દરિયાને જોશ ન આવ્યો, પરંતુ આ આયત આવી : **વમા કાનલ્લાહુ લિયુ અઝઝિબુહુમ વ અન્તફીયહીમ.** ''અને અલ્લાહનું કામ નથી કે તેમને અઝાબ આપે જ્યાં સુધી કે તેઓમાં તમે છો.''

સુબ્હાનલ્લાહ ! જણાયું કે એક તો એ કે તેઓ એના લાયક હતા કે તેમના પર અઝાબ આવી જાત, પરંતુ એ રહમતવાળાનો લિહાઝ કરવામાં આવે છે કે તેથી રબ અઝાબ નથી મોકલતો. જો આજે આપણે આપણા ગરેબાનોમાં ઝાંખીએ તો આપણને જણાશે કે જે અયબ (ખામી) પહેલાંની ઉમ્મતોમાં એક એક કરીને હતી. આપણામાં એ બધી એક સાથે છે. ઓછું તોલવું, છોકરાઓથી સુષ્ટિ વિરૂદ્ધ કૃત્ય કરવું, ડાકૂગિરી કરવી. મતલબ કે બધા જ અયબો સમાયેલા છે, પણ ન ચહેરાઓ બગડે છે. ન પથરાઓ વરસે છે, ન બીજો કોઈ ઝાહેરી અઝાબ આવે છે, આ સદકો છે તે મહેરબાન

શહેનશાહનો કે દુનિયામાં અમન અને શાંતિનું વાતાવરણ સ્થપાયેલું છે.

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદના વ મવ્લાના મુહમ્મદિંવ વ આલિહી વઅસ્હાબિહી વબારિક વસલ્લિમ.**

# (વિભાગ બીજો)

## ☆ હદીષોથી સલ્તનતે મુસ્તફાની સાબિતી ☆

**(૧)** મિશ્કાત, સૈયદુલ મુર્સલીનના ફઝાઈલવાળા પ્રકરણમાં છે :– હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી.

જણાયું કે રબ તઆલાએ હુઝૂરને જમીનના બધા ખજાનાઓની કૂંચીઓ અતા ફર્માવી અને કૂંચી માલિકને જ આપવામાં આવે છે. ભલા વિચાર તો કરો કે જમીનના ખજાનાઓની કોઈ હદ છે ? જે કાંઈ જમીન પર છે, માણસો, પ્રાણીઓ, દરેક પ્રકારના ફળો, સોનું, ચાંદી, મોતી, જવાહિરાત, કિંમતી પથ્થર વગેરે બધું જમીનનો ખજાનો છે, અને હુઝૂર એના માલિક છે.

**(૨)** મિશ્કાત શરીફના એ જ પ્રકરણમાં છે : **ઉતીતુલ કન્ઝયનિલ અબયઝ વલ અહમર.** એટલે કે મને બે ખજાનાઓ અતા ફર્માવવામાં આવ્યા, એક લાલ અને એક સફેદ. જણાયું કે હુઝૂરને બધું સોનું–ચાંદી અતા કરી દેવામાં આવ્યું. જેથી માલિકી સાબિત થઈ જાય.

**(૩)** મિશ્કાત શરીફ નબીના અખલાકના પ્રકરણમાં છે : **લવશિઅ્તોલસારત મઈય જિબાલુ ઝઝ્હબ.** જો અમે ઈચ્છીએ તો અમારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક રીતે માલિક અને મુખ્તાર છે પણ જાહેર કરવું માન્ય નથી.

**(૪)** મિશ્કાત શરીફ કિતાબુલઈલ્મમાં છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે





છે, **ઈન્નમા અનાકાસિમુન વલ્લાહુ યુઅ્તી.** એટલે કે અલ્લાહ આપે છે અને હું વહેંચું છું.

આનાથી જણાયું કે જે ચીજ જ્યારે પણ કોઈને ખુદા આપે છે તે હુઝૂરની જ વહેંચણીથી મળે છે. એમાં અલ્લાહ તઆલાનું આપવાનું (દૈન) અને હુઝૂરના વહેંચવાને અસીમિત દર્શાવવામાં આવેલું છે. એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم શું વહેંચે છે તે એ કે જે ખુદા આપે છે અને ખુદા દરેક ચીજ આપે છે, માટે હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ વહેંચશે તે જ જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂરની માલિકી અને કબજો સાબિત થયો.

**(૫)** મિશ્કાત શરીફ બાબુસ્સુજૂદે વ ફઝલેહીમાં છે કે, એકવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રબિયહ ઈબ્ને અબી કઅબ અસ્લમીથી ખુશ થઈને ફર્માવ્યું, **''સલ !''** કંઈક માંગ ! તો તેમણે અર્ઝ કરી, **અસ્અલુક મરાફકતકફિલ જન્નહ.** એટલે હું તમારાથી એ માંગુ છું કે, જન્નતમાં તમારી સાથે રહું. ઈર્શાદ ફર્માવ્યું, **''અવગયરઝાલિક''** કાંઈ વધુ માગવું છે ? અર્ઝ કર્યું, બસ આ જ !

આ હદીષથી ત્રણ રીતે હુઝૂરની બાદશાહત સાબિત થઈ. પ્રથમ એ રીતે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કાંઈક માંગો ! એવું નથી ફર્માવ્યું કે ફલાણી ચીજ માંગો. અને આવું તે જ કહી શકે છે જેના કબજામાં બધું હોય. પછી રબિયહ رضی اللہ عنہ એ પણ ખૂબ વિચારીને એવી ચીજ માંગી જે બેમિષાલ છે. એટલે કે જન્નત અને જન્નતનો સદર મકામ આલા ઈલ્લીય્યીન કે જ્યાં હુઝૂરનો કયામ હોય. બીજી એ રીતે કે હઝરત રબિયહ رضی اللہ عنہ એ અર્ઝ કરી, **અસ્અલુક** ''હું તમારાથી માંગું છું !'' અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ એવું ન ફર્માવ્યું કે, તમે મુશ્રિક થઈ ગયા ! અને સ્પષ્ટ વાત છે કે ચીજ માલિકથી માંગવામાં આવે છે. સાબિત થયું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલાની દરેક ચીજના માલિક છે. ફર્માવ્યું કે, કાંઈક વધુ માંગી લો ! એનાથી જણાયું કે, જન્નત સિવાય કાંઈ વધુ આપવા માટે પણ શક્તિમાન છે. પણ

હઝરત રબિઅહ્એ સમજી લીધું કે જ્યારે આ દુનિયાના બાગનું ફૂલ મળી ગયું તો પાંદડાઓની શું જરૂરિયાત છે ? ભલે હઝરત રબિઅહ્ ન માંગે તે તેમની ખુશી પણ આપવામાં તો ત્યાં કોઈ નકાર નથી.

**કૌન દેતા હય દેનેકો મુંહ ચાહિએ**
**દેનેવાલા હય સચ્ચા હમારા નબી**

**(૬ થી ૧૦)** *મિશ્કાત શરીફ* મોઅજિઝાઓના પ્રકરણમાં કેટલીક હદીષો છે : **(૧)** હઝરત જાબિરના ઘરે થોડા લોટ અને ગોશતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) શરીફ નાખ્યું તો તે થોડો લોટ અને ગોશ્ત સૈંકડો માણસોએ ખાધો. પણ ન ગોશ્ત ઓછો થયો ન લોટ અને ન રોટલી પકાવનાર બીબીને પકાવવાથી કાંઈ થાક અનુભવાયો.

(૨) એક ગઝવહ (જે જંગમાં હુઝૂર શરીક હોય તે)માં એક પ્યાલા પાણીમાં હાથ મુબારક રાખી દીધો તો આંગળીઓથી પાણીના ઝરણાં ચાલુ થઈ ગયાં અને ૧૫૦૦ આદમીઓએ પાણી ધરાઈને પીધું અને વુઝૂ કર્યું.

(૩) હુદૈબિયહ્ના કૂવામાં પાણી ઓછું હતું. હુઝૂરે તેમાં એક તીર નાખી દીધું જેનાથી એ કૂવાનું પાણી વધી ગયું.

(૪) એક વૃદ્ધ સ્ત્રીને બોલાવીને તેની મશકનું મોઢું સહાબાએ કિરામના માટે ખોલી દીધું તો એ પાણી બધાને આવી રહ્યું. બધાએ પોતાના વાસણો ભરી લીધાં અને ખૂબ પાણી પી લીધું. પરંતુ મશક એ જ મુજબ ભરેલું રહ્યું. આ રિવાયતોથી જણાયું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક ચીજના માલિક છે. બે કારણે, પ્રથમ તો એ કે હઝરત જાબિરને ત્યાં તેમની રજા વગર મહેમાનોને લઈ ગયા. તે વૃદ્ધ સ્ત્રીનું પાણી તેણીની રજા વગર લોકોને પીવડાવી દીધું. જો કે અન્ય લોકો રજા વગર કોઈના ઘરે કોઈને નથી લઈ જઈ શકતા, અને માલિકની રજા વગર તેની ચીજ કોઈને નથી ખવડાવી શકતા. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક વ્યકિતના માલિક છે, અને તે વ્યકિત આપની ગુલામ. કારણ કે માલિકને અધિકાર છે કે પોતાના ગુલામનો માલ પૂછયા વગર પોતે ખાય અને બીજાઓને ખવડાવે. બીજું એ રીતે કે વિચાર તો કરો કે તે આંગળ





ી તથા મશક અને કૂવામાં પાણી કયાંથી આવી રહ્યું છે ? હકીકતમાં તેનું તે વખતે કનેકશન કૌષર તથા સલબસીલથી કરી દીધું અને દુનિયામાં જ તે પાણી બધાને પીવડાવી દીધું. એટલા માટે હુઝૂરની આંગળીઓનું એ પાણી ઝમઝમના પાણીથી અફઝલ માનવામાં આવે છે. જણાયું કે હુઝૂર બંને જહાનની નેઅમતોના માલિક છે કે પોતાના ગુલામોને જે સ્થળે ઈચ્છે જન્નતની નેઅમતો ખવડાવી દે.

**(૧૧)** *મિશ્કાત શરીફ* બાબોસલાતિલખુસૂફમાં છે કે હુઝૂરે ફર્માવ્યું, **ઈન્નીર અયતુલ જન્નત ફતનાવલ્તુ મિન્હા ઉનકુવ્દન વલવઅખઝ્તુ હૂ લઅકલ્તુમ્ મિન્હા મા બકિ યતિદ્દુન્યા.** એટલે કે અમે તે ગ્રહણની નમાઝમાં જન્નતને જોઈ અને તેનો ઝુમખો પકડયો. જો અમે તે ઝુમ્ખો તોડી લેત તો તમે તેને કયામત સુધી ખાતા રહેત.

એનાથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને છૂટ હતી કે તેઓ મદીના પાકમાં ઊભા ઊભા જન્નતના ઝુમ્ખા તોડે અને સહાબાએ કિરામને અતા ફર્માવે, પણ પોતે પોતાની મરજીથી ન તોડયો. જેનાથી સાબિત થયું કે, દુનિયામાં રહીને જન્નતની દરેક ચીજના માલિક છે.

**(૧૨ થી ૧૪)** (૧) *મિશ્કાત શરીફ* માં મોઅજેઝાઓના પ્રકરણમાં છે કે એક મેદાનમાં હુઝૂરે ઈસ્તિન્ઝા કરવાનો ઈરાદો કર્યો. એ મેદાનમાં બે ઝાડ ઊભેલા હતાં. પડદો કરવાના માટે એ બંને ઝાડોને પકડીને બોલાવ્યાં. એ ઝાડો ઊંટોની જેમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાછળ પાછળ ચાલ્યાં આવ્યાં. અને તેના ઓઠ હેઠળ હુઝૂરે ઈસ્તિન્ઝો ફર્માવ્યો.

**(૨)** *શામી પ્રકરણ મુર્તદીન* માં છે કે હઝરત આમેના ખાતૂન અને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہما (આપના વાલિદ)ને પણ જીવંત ફર્માવીને સહાબિયતની મહાનતાની નવાજ્યાં.

**(૩)** *શામી* માં એ જગાએ છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પોતાની અસરની નમાઝ હુઝૂરની ઊંઘ પર કુર્બાન કરી દીધી. પ્રસંગ એ છે કે હુઝૂર અસરની નમાઝ પઢીને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની જાંગ પર માથુ મુબારક

રાખીને સૂઈ ગયા. હઝરત અલીએ હજી સુધી નમાઝ પઢી ન હતી. સૂર્ય આથમતો રહ્યો અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ચૂપચાપ બેસી રહ્યા. કારણ કે એમનો ખ્યાલ હતો કે જો હું નમાઝના માટે ઉઠયો તો હુઝૂરના આરામમાં ખલેલ પડશે. સૂર્ય ડૂબી ગયો અને હઝરત અલીની અસર કઝા થઈ ગઈ. હુઝૂરે જાગૃત થઈને ડૂબેલો સૂર્ય પાછો વાળ્યો. વિતી ગયેલા દિવસને અસર બનાવ્યો અને હઝરત અલીની જતી રહેલી અસર અદા પઢાવી. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

આ રિવાયતોથી જણાયું કે હુઝૂર બે રીતે બંને જહાનના માલિક છે. એક તો એટલા માટે કે મરી ગયા પછી કોઈનું ઈમાન કબૂલ નથી થતું અને સમય વહી ગયા પછી નમાઝ અદા નથી થઈ શકતી. પણ એ સુલ્તાનની હુકૂમતના સદકે તથા કુર્બાન જઈએ કે પોતાના માં બાપને તેમની વફાતના પછી સહાબી બનાવી દીધાં અને ખુદાએ કબૂલ ફર્માવ્યાં, અને હઝરત અલીની જતી રહેલી નમાઝ અદા કરાવી દીધી. તથા મજાની વાત એ છે કે, હઝરત અલીના સિવાય જે લોકોએ અસર પહેલાં પઢી લીધી હતી તેમની પાસે દોહરાવાઈ નહીં. આ એક જ વખત હઝરત અલીના માટે અસરનો છે અને બીજાઓના માટે નથી. હાકઝાફિશામી ફી હાઝલ મુકામ.

**મુસ્તફા તેરી શૌકત પે લાખો સલામ**

બીજું એટલા માટે કે સૂર્ય આકાશમાં રહે છે અને મુડદાંઓની રૂહ (આત્મા) આલમે અરવાહનું એક પક્ષી છે. પરંતુ હુઝૂરની બાદશાહત એમના પર પણ ચાલુ છે કે અહીંથી ઈશારો થયો તો ત્યાંથી તાબેદારી થઈ કે સૂરજ ડૂબલો પાછો વળ્યો અને માબાપની રૂહ એ આલમમાંથી પાછી આવી.

**ઈશારેસે ચાંદ ચીર દિયા, છુપે હુએ ખૂરકો ફેર દિયા**
**ગયે હુએ દિનકો અસ્ર કિયા, યે તાબો તવાં તુમ્હારે લિએ**

જણાયું કે હુઝૂર અહકામ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પણ માલિક છે કે નમાઝના સમયોમાં તફાવત ફર્માવી દીધો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વાલિદૈન (માં બાપ) ઈમાનની ચર્ચા **શાને હબીબુર્રહમાન**માં જુઓ.





**(૧૫)** *મિશ્કાત શરીફ* મોઅજેઝાઓના પ્રકરણમાં છે કે, એક સહાબીએ જુમ્આના દિવસે ખુત્બાના વખતે દુકાળની પરિસ્થિતિની ફરિયાદ કરી. હુઝૂરે મિમ્બર પર જ વરસાદની દુઆ ફર્માવી. હજુ ખુત્બો પૂરો થયો ન હતો કે વરસાદ શરૂ થઈ ગયો. બીજી જુમ્આ સુધી એકધારો વરસાદ વરસ્યા કર્યો. ફરી એ જ સાહેબે અર્ઝ કરી કે વરસાદ ખૂબ જ વરસ્યો અને મકાનો પડી રહ્યાં છે. હુઝૂરે મિમ્બર પર ઊભા ઊભા આંગળીનો ઈશારો ફર્માવ્યો. ઈશારાથી વાદળ ફાટી ગયું અને અર્ઝ કરી, હે અલ્લાહ ! અમારા પર વરસાદ ન થાય, આજુબાજુ વરસે જેથી એવું જ થયું.

આનાથી જણાયું કે વાદળો પર પણ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હુકૂમત છે કે બોલાવતાં ચાલ્યાં આવે છે અને ઈશારાથી પાછાં વળી જાય છે. ન મોસમી હવાઓ (જે ગરમીમાં હિંદી મહાસાગરથી નૈૠત્યની તરફ ચાલે છે)ની શરત છે અને ન ૠતુની પાબંદી.

**(૧૬)** એ જ *મિશ્કાત* માં મોઅજિઝાઓના પ્રકરણમાં છે કે, હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ના તોફાની ઘોડા પર એક વખતે હુઝૂરે સવારી ફર્માવી તો એ ઘોડો હમેશાં માટે સારો થઈ ગયો અને ફરી કદી તોફાને ન ચઢયો.

જણાયું કે દુનિયાના પ્રાણીઓ ઉપર પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તનત છે.

**(૧૭)** એ જ *મિશ્કાત* મોઅજિઝાઓના પ્રકરણમાં છે કે, એક વ્યકિત ડાબા હાથથી ખાવાનું ખાઈ રહ્યો હતો. હુઝૂરે તેને ફર્માવ્યું કે, જમણા હાથથી ખા ! તેણે શરમિંદગી દૂર કરવા માટે અર્ઝ કરી, મારો જમણો હાથ નકામો છે. ફર્માવ્યું, આજથી નકામો થઈ ગયો. જેથી તે દિવસથી તેનો હાથ નકામો થઈ ગયો અને ફરી કદી મોં સુધી ન આવી શકયો.

જણાયું કે માણસના અવયવોની શકિત અને હલનચલન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તાબા હેઠળ છે.

**(૧૮)** એ જ *મિશ્કાત* માં મોઅજિઝાઓના પ્રકરણમાં છે કે હુઝૂર પર વાદળ છાંયડો કરતું હતું અને બહિરા રાહિબને ત્યાં જયારે કે હુઝૂર દાવતમાં

પહોંચ્યા તો દાવતની વ્યવસ્થા એક ઝાડના છાંયડામાં હતી અને છાંયડો લોકોથી ભરાઈ ગયો હતો. હુઝૂરનું આગમન થયું ત્યારે એ ઝાડે વાંકા વળીને આપના પર છાંયડો કરી દીધો. આપણે ત્યાંના ઉમરાવને નોકર–ચાકર તડકામાં છત્રીથી છાંયડો કરે છે, પરંતુ આ બાદશાહની સલ્તનત ઝાડો અને વાદળો ઉપર પણ છે કે તેઓ પોતાના આ માલિકને ઓળખીને સેવા કરવા લાગે છે.

**(૧૯)** *મિશ્કાત* માં મો'જિઝાઓના પ્રકરણમાં છે કે હુઝૂરે એક દોહવા ન દેતી બકરીના આંચળોને હાથ લગવીને તેમાંથી એ પ્રમાણે દૂધ કાઢયું કે બધા ભેગા થયેલા એ દૂધથી ધરાઈ ગયા અને માલિકના બધા વાસણો પણ ભરાઈ ગયા. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એવા શહેનશાહ છે કે જે જગાએ ઈચ્છે પોતાની માલિકી મેળવી લે દરેક જગાએ આપની શાહીબેંક ઉપસ્થિત છે.

**(૨૦)** *મિશ્કાત* માં કરામતોના પ્રકરણમાં છે કે હઝરત અનસ رضی اللہ عنہના બાગમાં એકવાર હુઝૂર પધાર્યા, તો તેમનો બાગ વરસ દરમ્યાન બેવાર ફળ દેવા લાગ્યો.

**(૨૧)** *હાકિમે* અને ઈબ્ને અદી અને *અસાકિરે* હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે **ઇશ્તરા ઉસ્માનુ બ્નોઅફફાન અર્રસૂલિલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ જન્નત યવ્મ રૂમતીંવ વ યવ્મ જયશિલ ઉસ્રહ.** એટલે કે હઝરત ઉસ્માન رضی اللہ عنہએ બે પ્રસંગોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمથી જન્નત ખરીદી. **એક** જ્યારે કે મદીના મુનવ્વરામાં રૂમા સિવાય કોઈ કૂવો ન હતો ત્યારે હઝરત ઉસ્માન ગનીએ તેને ખરીદીને વકફ કરી દીધો. **બીજું,** ગઝવએ તબુકના પ્રસંગે જ્યારે કે મુસલમાન ગાઝીએ સરસામાન વગરના હતા તો તેઓને સામાન આપીને.

એનાથી જણાયું કે, હઝરત ઉસ્માગની رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمથી રૂમા કૂવાના બદલે જન્નત ખરીદી લીધી અને હુઝૂરે વેચી દીધી. અને જન્નત તે જ વેચશે જે કયાં તો જન્નતનો માલિક હોય અથવા માલિકનો અધિકારી.





**(૨૨)** *ઈમામ અહમદ* અને *અબૂનઈમ* અને ઈબ્નેહબ્બાને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, (અર્થ) : કે મને દુનિયાની કૂંચીઓ અતા કરવામાં આવી. હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم કાબરચિતરા ઘોડા પર અમારી પાસે લાવ્યા.

**(૨૩)** *અબૂનઈ* મે આ રિવાયત ઈબ્ને અબ્બાસે હઝરત આમેન ખાતૂનાથી નકલી કરી. તેઓ ફર્માવે છે કે, જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પેદા થયા તો સિજદો ફર્માવ્યો. પછી એક સફેદ વાદળે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને લઈને મારાથી અદ્રશ્ય કરી દીધા. પછી થોડીવાર બાદ આપ દ્રષ્ટિમાન થયા તો જોઉં છું કે હુઝૂરના મુબારક હાથમાં કેટલીક કૂંચીઓ છે અને કોઈ કહી રહ્યું છે, ફતેહમંદી અને નબુવ્વતની કૂંચીઓ પર હુઝૂર કબ્જો કરી દીધ. ફરી બીજું વાદળ આવ્યું અને તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને મારાથી અદ્રશ્ય કરી દીધા. પછી દ્રષ્ટિમાન થયા તો કોઈ કહેવાવાળો બોલ્યો.

''સરસ ! સરસ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمએ આખી દુનિયા પર કબજો કરી લીધો. દુનિયાની કોઈ મખ્લૂક ન રહી જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના કબજામાં ન આવી ગઈ હોય.''

આ રિવાયતનું સમર્થન બુખારીની એ રિવાયતથી થાય છે જે અમે મિશ્કાતના હવાલાથી આ વિભાગની શરૂઆતમાં વર્ણન કરી ચૂકયા. ઉપરાંત આ આયત ''ઈન્નફતહ''ના પણ એનું સમર્થન કરી રહી છે. એનાથી સ્પષ્ટ જણાય છે કે બધી, ખુદાની ખલ્કતમાં (પયદા કરેલ ચીજોમાં) હુઝૂરની બાદશાહી છે. એ ઉપરાંત અન્ય ઘણી હદીષો રજુ કરી શકાય છે. પરંતુ ઈમાનવાળાઓના માટે આટલી જ પૂરતી છે.

આ હદીષોમાં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની સલ્તનત દુનિયાની ચીજો માટે સાબિત થઈ. હવે એ હદીષો પણ સાંભળો જેનાથી જણાય છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અહકામના માલિક છે. જેના માટે જે ઈચ્છે હલાલ ફર્માવી દે. અને જેને ઈચ્છે હરામ કરી દે, અને જેના માટે ઈચ્છે કુર્આની અહકામ બદલે. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

**(૨૪)** *મિશ્કાત શરીફ* કિતાબુલ હજ્જની શરૂઆતમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકવાર ફર્માવ્યું કે, હે લોકો ! તમારા પર હજ્જ કરવી ફર્ઝ છે, હજ્જ કર્યા કરો. કોઈએ જાણવા માંગ્યું કે, યા રસૂલલ્લાહ ! શું દર વર્ષે જ હજ્જ કરવી ફર્ઝ છે ? ફર્માવ્યું કે, જો હું હમણાં હા કહી દેતો તો દર વર્ષે જ ફર્ઝ થઈ જાત અને દરેક વ્યકિતએ દર વરસે હજ્જ કરવી પડત. પણ ખુદાના નિયમો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક હોઠોના હલનચલનની રાહ જુએ છે. જે આપના મુખેથી નીકળે તે ખુદાનો નિયમ બની જાય છે.

**(૨૫)** *મિશ્કાત* ના મનાકિબ પ્રકરણમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી એક લોંડીએ અર્ઝ કરી કે મેં માનતા માની છે કે જ્યારે ખુદા તઆલા આપને હેમખેમે આ લડાઈમાંથી પાછા લાવે તો હું આપની સમક્ષ દફ વગાડીશ અને ગાઈશ. ફર્માવ્યું, સારું વગાડો. જેથી ( લોંડીએ) ખાસ દફ વગાડી. જુઓ ! ગાવું વગાડવું બીજાઓના માટે ખરાબ છે પણ હુઝૂર એકી વખતે તે લોંડીને રજા આપી.

**(૨૬)** *મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ* માં મુસ્લિમની શરત પર સહીહ હદીષમાં છે, (અર્થ) એક જણ હુઝૂરની બારગાહમાં હાઝર થયો. એ શર્તે ઈમાન લાવ્યો કે હું ફકત બે જ નમાઝો પઢતો રહીશ. હુઝૂરે શરત માન્ય રાખી.

જુઓ ! મુસલમાનો પર પાંચ નમાઝો ફર્ઝ છે પણ તે શખ્સ માટે હુઝૂરે ત્રણ નમાઝો માફ કરી દીધી. *(માખુઝ અઝ અલઅમ્નો વલ ઉલા)*

આથી જણાયું કે આપ અહકામના પણ માલિક છે.

**(૨૮) મિરકાત શરહે મિશ્કાત** પ્રકરણ મનાકિબે એહલે બયતમાં છે કે, હઝરત અલીએ ઈચ્છયું કે, બીજો નિકાહ કરે. હુઝૂરે ફર્માવ્યું કે, અલીને તેની પરવાનગી નથી. હા ! જો તેઓ ઈચ્છતા હોય તો ફાતેમહને તલાક આપી દે પછી નિકાહ કરે. વિચાર કરો કે કુર્આન ફર્માવે છે, **ફનકિહુ માતાબ લકુમમિનન્નિસાઈ મસ્ના વસુલાસબરુબાઅ.**

જેનાથી જણાયું કે પુરૂષને ચાર પત્નીઓ સુધી નિકાહમાં રાખવું જાઈઝ





છે. પરંતુ અલીના માટે હઝરત ફાતમહ્ ઝોહરાની હાજરીમાં બીજો નિકાહ કરવાનો અધિકાર ન રહ્યો.

આ જ જગ્યાએ મિશ્કાતમાં છે, **ફીહિ તહરીમુ ઈઝાઈ હિઅલયહિસ્સલાતુ લિકુલ્લિ હાલિંવ વ અલાકુલ્લિ વજહિંવ...**

એટલે કે એનાથી જણાયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તકલીફ આપવી ઈજા પહોંચાડવી હરામ છે ભલે પછી કોઈ હલાલ કામથી પણ પહોંચે. અને આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિશિષ્ટતા છે. અહીં મિરકાતમાં છે કે હઝરત અલીના માટે બીજો નિકાહ હરામ હતો.

**(૨૯) બુખારી, ભાગ-૧, કિતાબુસ્સુલહ**ની શરૂઆતમાં છે કે, એકવાર હુઝૂરે કોઈ જગાએ મુસલમાનોમાં સુલેહ કરાવવા માટે તશરીફ લઈ ગયા. નમાઝનો સમય આવી ગયો. હઝરત બિલાલે અઝાન આપીને હઝરતે અબૂબકર رضی اللہ عنہ થી વિનંતી કરી કે આપ નમાઝ પઢાવો. જેથી નમાઝની જમાઅત ઊભી થઈ ગઈ. નમાઝ દરમ્યાન હુઝૂર તશરીફ લાવ્યા. મુસલમાન મુકતદીઓએ તાલી વગાડીને હઝરત સિદ્દીકે અકબરને હુઝૂરના આગમનની ખબર કરી તો એ વખતથી સિદ્દીકે અકબર મુકતદી બનીને પાછળ આવી ગયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઈમામ બન્યા.

આજે જો નમાઝ દરમ્યાન કોઈ પણ આવી જાય તો તેણે ત્યાં જ ઊભા રહેવું પડે જ્યાં જગા મળી જાય, પણ મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન તો જુઓ કે નમાઝ દરમ્યાન તશરીફ લઈ આવ્યા તો એ જ વખતથી ઈમામની ઈમામત રદ અને હવે હુઝૂર જ ઈમામ છે. જણાયું કે, અહકામના માલિક છે, (صلی اللہ تعالیٰ علیہ وسلم)

**(૩૦)** *બુખારી, ભાગ-૧, કિતાબુજ્જેહાદ* બાબોફરઝિલખમ્સ એ હદીષમાં છે કે હુઝૂરે ફર્માવ્યું કે ન અમે કોઈના વારસ થઈશું અને ન અમારા કોઈ વારસ.

જો કે વારસાની વહેંચણી કુર્આનથી સાબિત છે. પણ એ વારસાથી હુઝૂરે પોતાને અલગ બતાવ્યા અને પછી એના પર એવો અમલ થયો હુઝૂરનો

વારસો કોઈને ન મળ્યો. જણાયું કે હુઝૂર એહકામના માલિક છે.

**(૩૧)** *બુખારી શરીફ, ભાગ–૨, કિતાબુત્તફસીર* સૂરએ અહજાબના પ્રકરણ **કવ્લોહુ ફમિનહુમ મન કદા નહબહુ**માં છે કે હુઝૂરે હઝરત ખુઝયમહ અન્સારીની સાક્ષ (ગવાહી) બે ગવાહીઓના બરાબર મુકર્રર કરી. પ્રસંગ એ હતો કે આપે એક વ્યક્તિ સવાર ઈબ્ને હારિસથી ઘોડો ખરીદ ફર્માવ્યો. પણ પાછળથી તે એઅરાબી (ગામડીયો)એ થયેલ સોદાથી ઈન્કાર કરી દીધો, અને કહ્યું કે, મેં આ ઘોડો તમારા હાથે નથી વેચ્યો. અને અર્ઝ કરી કે જો આપે ખરીદયો તો કોઈ ગવાહ લાવો !

અલ્લાહની શાન કે સોદો એકાંતમાં થયો હતો. હઝરત ખુઝૈમહએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું ગવાહી આપું છું કે હુઝૂરે આ ઘોડો ખરીદયો હતો, આપ સાચા છો, અને એઅરાબી જૂઠો છે ! હુઝૂરે પૂછયું, તમે કોઈ રીતે ગવાહી આપો છો ? તમે તો તે સોદાને જોયો ન હતો ! અર્ઝ કર્યું, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં તો હુઝૂરની ઝબાનથી સાંભળીને અલ્લાહની વહદાનિયત અને જન્નત, દોઝખ અને કયામત વગેરે બધાની ગવાહી આપી અને પઢયું છે : **અશહદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** તો શું એક ઘોડો આ ચીજોથી પણ વધારે છે ?! હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ઝુબાનેથી સાંભળીને ગવાહી દઉં છું. તેમના આ શબ્દો બારગાહે નબુવ્વતમાં એવા કબૂલ થયા કે તેમની ગવાહી બે ગવાહીઓની જેટલી બનાવી દેવામાં આવી.

વિચાર તો કરો ! કુર્આનનો હુકમ છે, **વઅશ્હિદુઝવય અદલિમમિન્કુમ** કે તમે બે ગવાહ બનાવો. પણ તેમને એકલાને બે ગવાહની જેમ માનવામાં આવ્યા. જણાયું કે હુઝૂરને એ પણ અધિકાર છે કે જે કોઈને ઈચ્છે કુર્આનના હુકમોથી અલગ કરી દે.

**(૩૨)** *બુખારી* માં એ જગાએ ''**તુરજી મનતશાઅ**''ની તફસીરમાં છે કે, હઝરત આઈશાએ અર્ઝ કરી. ''**મા અરા રબ્બુક ઈલ્લા યુસારિઉફી હવાક**''માં તો હું એ જાઉં છું કે આપની ઈચ્છા પૂરી કરવામાં જલ્દી ફર્માવે છે. જેનાથી જણાયું કે રબ તઆલા પોતાના મહબૂબની ઈચ્છાઓને દીની





કાનૂન ઠરાવે છે.

**(૩૩)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ઉમ્મે અતિયહને એકવાર નોહા કરવાની (રડવા–પીટવાની) રજા આપી. જો કે નોહા એટલે મરેલાના રંજમાં છાતી કુટવી જે શરીઅતથી હરામ છે. (મુસ્લિમ શરીફ)

**(૩૪)** હઝરત અલીને રજા આપી કે હઝરત ફાતેમા ઝોહરાને તેમની વફાત પછી ગુસ્લ આપે. જો કે પતિ પોતાની મૃત પત્નીને ગુસલ નથી દઈ શકતો. કારણ કે સ્ત્રીની વફાતથી નિકાહ બિલકુલ તૂટી ગયો. (શામી)

**(૩૫)** હઝરત સિદ્દીકે અકબરને રજા આપી કે તેઓ જનાબતની હાલત (સંભોગ પછી ગુસલ ફર્ઝ થાય છે તે હાલત)માં મસ્જિદોમાં આવજા કરે. જો કે જનાબતની હાલતવાળાને ગુસલ વગર મસ્જિદમાં આવવું મના છે.

**(૩૬)** એક વ્યક્તિને કફ્ફારાનો સદકો ખૂદ તેને જ ખવડાવી દીધો.

**(૩૭)** *મુસ્લિમ* અને *બુખારી* માં છે કે એકવાર હુઝૂરે ફર્માવ્યું કે, મક્કા મુકર્રમામાં ન કાંટા તોડવામાં આવે અને ન શિકારને ભડકાવવામાં આવે. હઝરત અબ્બાસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઉઝખુર (એક પ્રકારની ઘાસ)ની રજા આપી દેવામાં આવે કે આ ઘાસ ઘરની છતો (છાપરા)માં મૂકવામાં આવે છે અને લુહારોની ભટ્ટીમાં કોલસાની જગાએ સળગાવવામાં આવે છે. ફર્માવ્યું, સારું ! ઉઝખુરની રજા છે. ઉઝખુરની ઘાસ મક્કા મુકર્રમાની જમીનથી લઈ લેવામાં આવી.

જણાયું કે ઝુબાને પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمનું હલનચલન રબ તઆલાનો કાનૂન છે.

**(૩૮)** હુઝૂરે હિજરત ફર્માવતી વખતે હઝરત સુરાકા رضی اللہ عنہથી ફર્માવ્યું કે, હું તમારા હાથમાં ઈરાનના બાદશાહ (કિસરા)ના સોનાનાં કંગન (બંગડીઓ) જોઈ રહ્યો છું. એ ફર્માનનું પરિણામ એ આવ્યું કે હઝરત ફારૂકે આઝમના ખિલાફત કાળમાં ઈરાનનો પ્રદેશ જીતવામાં આવ્યો અને કિસરાના સોનેરી કંગન હઝરત સુરાકાને પહોંચાડવામાં આવ્યા અને એ કંગન આપના હાથમાં રહ્યા.

જુઓ ! પુરૂષોએ સોનું પહેરવું હરામ છે પણ હઝરત સુરાકા માટે એ કંગન જાઈઝ ફર્માવ્યાં.

**(૩૯)** બુખારી તથા મુસ્લિમમાં કિસ્સએ તૌબાએ કઅબમાં છે કે, જ્યારે હઝરત કઅબ ઈબ્ને માલિક પર સરકારી એતાબ (પકડ) થયો તો તેમની પત્નીઓને હુકમ આપવામાં આવ્યો કે તમારા પતિ તમારી પાસે ન આવી શકે, કોઈ મુસલમાન તેમનાથી સલામ તથા વાતચીત ન કરે, મતલબ કે આ બોયકોટ દ્વારા હઝરત કઅબથી નિકાહ થયેલ પત્ની હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમથી પોતાના પતિ માટે કેટલાક સમય માટે હરામ થઈ. જો કે રબ તઆલા ફર્માવે છે **''નિસાઉકુમ હરસુલ્લાકુમ ફાતુહર્સકુમ અન્ના શિઅ્તુમ.''** પણ આ હુકમથી તે વખતે હઝરત કઅબને અલગ કરી દેવામાં આવ્યાં. કસમ છે ખુદાની જો આ પકડ અને મનાઈ હંમેશ રહેત તો કઅબની પત્ની તેમની નિકાહવાળી હોવા છતાં તેમના પર હંમેશ જ હરામ રહેત !

**(૪૦)** *મિશ્કાત,* મોઅજીઝાઓના પ્રકરણમાં આ રિવાયત છે અને *બુખારી શરીફ* મા છે કે, અબૂ હુરૈરહ્ના કંબલ (ઢોંસો) પર હુઝૂરે કાંઈક પઢીને ફૂંક મારી દીધી. પછી એ કંબલ પોતાની છાતીથી લગાડી દીધો. એની અસર એ થઈ કે આપની યાદશકિત એકદમ મજબૂત થઈ ગઈ. કદી કોઈ વાત ભૂલતા જ ન હતા. યાદશકિત માણસની આંતરિક શકિત છે. હુઝૂરનો કાબૂ જાહેર અને બાતિન (આંતરિક, છુપુ) પર એવો છે કે અબૂહુરૈરહ્ رضی اللہ عنہ યાદશકિત અર્પી દીધી.

ફકીર નાચીઝ અહમદયારખાંની તરફથી આ ૪૦ હદીષો છે જે મુસલમાનોની સેવામાં રજૂ કરી છે. ૪૦ હદીષો ભેગી કરવાના ઘણા ફઝાઈલ છે. મેં મારા આકા તથા મૌલા મઅદિને (ખાણ) હદીષ વ કુર્આન, રહમાનના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તનત (સત્તા) અને અધિકારોની ૪૦ હદીષો ભેગી કરી દીધી એને રબ તઆલા અને એના મહેબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم કબૂલ ફર્માવે. –આમીન.

**વ સલ્લલ્લાહુ તઆલા અલા ખયરિ ખલ્કિહી વ નૂરિ અર્શિહી**





**સય્યિદિના મુહમ્મદીંવ વ આલિહી વ અસ્હાબિહી અજમઈન બિરહમતિહી વહુવ અર્હમુર્રાહિમીન.**

હું શું અને શું મારી લાયકાત ! કે એ બંને જહાનના શહેનશાહના ખુદાએ આપેલા અધિકારોનું વર્ણન કરી શકું ! તેમ છતાં સમજદાર માટે આટલું પૂરતું છે.

## ☆ ત્રીજો વિભાગ ઉમ્મતના ઉલમાઓના કથનો વિશે ☆

આખી ઉમ્મતની હમેશાંથી એના પર સર્વસંમતિ (ઈજમાઅ) રહી છે કે હુઝૂર બંને જહાનના માલિક છે. એટલા માટે સહાબાએ કિરામે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જન્નત માંગી, દુકાળની પરિસ્થિતિની ફરિયાદ કરી, જેના હવાલા બીજા વિભાગમાં આવી ગયા અને જો કોઈનાથી કોઈ ભૂલ થઈ જતી તો માફી માંગવા માટે હુઝૂરની બારગાહમાં આવતા.

એટલા માટે *મિશ્કાત* કિતાબુલહુદૂદમાં છે કે, હઝરત મઆઝથી એક શરઈ કુસૂર (ભૂલ) થઈ ગઈ તો બારગાહે નબુવ્વતમાં આવીને અર્ઝ કરી, **તહ્હિરની યા રસૂલલ્લાહ !** હે અલ્લાહના હબીબ મને પાક કરી દો.

આ જ *મિશ્કાત* બાબુત્તસાવીરમાં છે કે, હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا એ અર્ઝ કરી, **''અતૂબુઈલ્લાહિ વઈલા રસૂલિહી''** હું અલ્લાહ અને એના રસૂલથી તૌબા કરું છું.

મતલબ દરેક મુશ્કેલી દૂર કરાવવા અને ખુદાની રહમત પ્રાપ્ત કરવા માટે સહાબાએ કિરામ હુઝૂરના જ પાક દરવાજા પર આવતા હતા. અને હુઝૂર પણ તેમને એવું ફર્માવતા ન હતા કે હું તમારી જેમ લાચાર બંદો છું ! મારાથી શું માંગો છો ! જાઓ મસ્જિદમાં બેસો અને ખુદાથી માંગો. બલ્કે તેમની વાતને કબૂલ ફર્માવતા (માન્ય રાખતા) અને તેમની જરૂરિયાત પૂરી કરતા હતા. બલ્કે તેમને અને આખી દુનિયાને કુર્આને હુકમ કર્યો હતો કે દરેક

મુશ્કેલીના સમયે નબીની પાસે જાઓ. એટલે ફર્માવે છે : **વલવ્ અન્નહુમ્ ઈઝ્ઝલમૂ અન્ફુસહૂમ જાઊક....**(છેવટ સુધી) હે પ્યારા ! જો આ લોકો જ્યારે કદી પોતાની જાનો પર જુલ્મ કરે તો આપની બારગાહમાં આવી જાય. પછી અહીં આવીને ખુદાથી માફીની ઈચ્છા કરે અને પ્યારા ! તમે જો તેમની ભલામણ (સફારિશ) કરો તો તેઓ અલ્લાહને માફી આપવાવાળો મહેરબાન પામશે.

આયતની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ **શાને હબીબુર્રહમાન** અને **જાઅલ્ હક્ક**માં જુઓ ! આ બાજુ તો માંગનારને હુકમ થયો કે જાઓ ! મહબૂબથી માંગો અને બીજી બાજુ એ સખી દાતા ﷺને ફર્માવવામાં આવી રહ્યું છે : **"વઅમ્મસાઈલ ફલા તન્હર"** હે પ્યારા ! આપના કોઈ ભિખારીને ઝીળકશો (તતડાવશો) નહીં, બલ્કે એમને કાંઈક આપીને વિદાય કરો. કોઈ હિન્દી શાયરે શું સરસ કહયું છે :

**લજપાલ પ્રિત કોઈ તોળત નાહી**
**જો હાથ પકળે ફિર છોળત નાહી**
**ઘર આયે કો ખાલી મોળત નાહી**
**લજપાલ પ્રિતકો તોળત નાહી**

જેનાથી જણાય છે કે, સહાબાએ કિરામ رضی اللہ عنہم એ હુઝૂર ﷺને માલિક માન્યા. એ પ્રમાણે સહાબાએ કિરામના સમય પછી બધા ઈસ્લામના આલિમો, મશાઈખે એઝામ અને બધા મુસલમાન પોતાની ગઝલો અને કસીદાઓમાં હુઝૂરથી મદદ માંગતા રહયા અને માંગે છે અને પોતાના વઝીફાઓ અને અમલોમાં મદદ માંગવાના પાબંદ છે અને પોતાની કિતાબોમાં સ્પષ્ટ ફર્માવતા રહયા કે હુઝૂર ﷺ માલિક છે, જો તેઓનુ લિસ્ટ રજુ કરું તો દફતર ભરાઈ જાય. થોડુંક નમૂનાના રૂપે બતાવું છું :–

**(૧) "અશ્અતુલ લમ્આત"** બાબુસ્સુજૂદમાં હઝરત રબિયહ્ ઈબ્ને કઅબની હદીષની શરહમાં શેખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, **"મઅલૂમ મીં શવદ કેહકારે હમહ બદસ્ત હિમ્મતો**





**કરામતે ઉસ્ત હરચે ખ્વાહિદ હર કે રા બખ્વાહદ બ ઈઝને પરવરદિગાર ખૂદ બદહદ."**

***અગર ખૈરિયતે દુનિયાઓ ઉકબા આરઝુદારી***
***બદરગાહશ બેયાઅવ હરચે મીં ખ્વાહિ તમન્નાકુન***

એટલે કે બધાં કામો હુઝૂર ﷺ ના હાથમાં છે, જેને પણ જે ઈચ્છે પોતાના રબના હુકમથી દઈ દે. જો દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હો તો હુઝૂરની બારગાહમાં આવો અને જે ઈચ્છો માંગો.

**(૨) મિરકાત શરહે મિશ્કાત**માં મુલ્લા અલી કારી એ જ પ્રકરણમાં એ જ હદીષની શરહમાં એ જ લખાણ લખીને ફર્માવે છે, **ફયુઅ્તી લેમનશાઅ** હુઝૂર ﷺ જેને જે ઈચ્છે તે આપી દે.

આ વાકયોએ નિર્ણય આપી દીધો કે દુનિયા તથા આખેરતની દરેક વસ્તુના માલિક છે. બધું જ એમનાથી માંગો, ઈજ્જત માંગો, ઈમાન માંગો, ઔલાદ માંગો, જન્નત માંગો અને અલ્લાહની દરેક રહમત માંગો.

**(૩) તફસીરે કબીર**, ભાગ–૪, સિપારો–૭, સૂરએ અન્આમમાં નીચેની આયત **"વલવ અશ્રકૂ લહબિત અન્હૂમ માકાનૂ યઅ્લમૂન"** ઈમામ ફખરૂદ્દીન રાઝી કુદ્દેસ સિરહૂ ફર્માવે છે કે, અંબિયાએ કિરામને ખુદાએ એટલા પ્રમાણમાં ઈલ્મ તથા મઅ્રેફત અર્પણ કરેલ છે કે તેઓ મખ્લૂકની આંતરિક પરિસ્થિતિ અને એમની જાનો પર સત્તા ચલાવે છે અને એમની એટલી કુદરત (શકિત) આપી છે કે ઝાહિર પર બાદશાહત કરે છે. આ ઈબારત પર "ખલ્ક" ફર્માવ્યું એટલે કે અર્શ અને ફર્શ જે પણ અલ્લાહની મખ્લૂક છે તે રસૂલની સત્તા હેઠળ છે. (ﷺ)

**(૪) ઈમામ અહમદ ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ "અલ્જવાહિરૂલ મન્ઝૂમ"ના પેજ નં. બાવન ઉપર ફર્માવે છે : **હોવ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ ખલિફતુલ્લાહિલ્ અઅ્ઝ મિલ્લઝી જઅલ ખઝાએન કરામતિંવ વહવાએદ નેઅમતિન તહત યદયહે વ ઈશ દતે હી યુઅ્તી મંય્યશાઓ માયશાઅ્.**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના મહાન ખલીફા છે કે રબનો ખઝાનો અને તેની નેઅમતો હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم પોતાના હાથે અને પોતાના ઈરાદા દ્વારા જેને જે ઈચ્છે દઈ દે.

એનાથી જણાયું કે, ખુદા તઆલાના બધા ખજાના હુઝૂરના કબજા અને અધિકારમાં છે. صلی اللہ تعالیٰ علیہ وسلم

(૫) શેખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી **''અશ્અતુલ લમ્આત''** ભાગ–૧, પેજ–૩૬૪માં વર્ણવે છે કે, **કુદરતો સલ્તનતે વૈ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ઝેયાદા બરઆં બુદે મલકોમલકૂત જિન્નો ઈન્સો તમામહુ અવલિયા બ તકદીરે તસર્રૂફે ઈલાહી અઝ્ઝો જલ્લ દર હી તઍ કુદરતો તસર્રૂફે વૈ બૂદ.**

એટલે કે **હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની સલ્તનત એનાથી પણ વધુને વધુ છે. મુલ્ક તથા મલકૂત, જિન્નાત તથા ઈન્સાન અને બધા આલમો રબની અતાથી હુઝૂરના તાબા હેઠળ છે.**

આનાથી જણાયું કે, બધા આલમો એટલે આલમે મલકૂત (ફરિશ્તાઓની દુનિયા), આલમે અરવાહ (રૂહોની દુનિયા), આલમે અજસામ (જિસ્મવાળાની), આલમે ઈમ્કાન (જેટલી મુમકિન ચીજો હોય) મતલબ કે આખી મખ્લૂકમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની બાદશાહી છે.

**ખાલિકે કુલને આપકો માલિકે કુલ બના દિયા**
**દોનોં જહાં હૈ આપકે કબ્જાઓ ઈખ્તેયાર મેં**

(૬) અલ્લામા યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ **''શવાહેદુલ હક્ક''**ના પેજ ૧૫૨ પર ફર્માવે છે : **અમ્માકવનોહૂ** صلی اللہ تعالیٰ علیہ وسلم **યુઅ્તીવ યમ્નઓ વયકદી હવાએ જસ્સાએલીન વયુફર્રેહો કોરૂબાતિલ મકરૂબિય્ન વ અન્નહુ યશ્ફઓ વયદખોલુલ જન્નત મંય્યશાઅ.''**

એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપે છે અને મના કરે છે અને માંગનારાઓની જરૂરિયાત પૂરી પાડે છે અને મુશ્કેલીમાં સપડાયેલાઓની





મુશ્કેલી દૂર કરે છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم શફાઅત કરશે અને જેને ઈચ્છશે જન્નતમાં દાખલ કરી દેશે.

જણાયું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જરૂરિયાત પૂરી કરનાર છે, લાચાર અને મુશ્કેલીમાં સપડાયેલાઓના દુઃખદર્દ દૂર કરે છે. જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કાંઈ ઈચ્છા કરે તો એથી ઉલ્ટું નથી થઈ શકતું. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પહેલેથી બંને જહાનના સુલ્તાન છે અને આપની જબાન કુનની કૂંચી (કુન્ઝી) છે.

**ફકત ઈશારેમેં સબકી નજાત હો કે રહી**
**તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હોકે રહી**

**જો શબકો કહ દિયા કે દીન હૈ વો દિન નિકલ આયા**
**જો દિનકો કહ દિયા શબ હય તો રાત હોકે રહી**

(૮) **ઈમામ કસ્તલાની ''મવાહિબે લદુન્નિયહ્''**, ભાગ–૧ના પેજ –૧૯૫માં ફર્માવે છે : **વકુન્નિયતોહુ અબુલ્કાસિમે લેઅન્નહૂ યોક્સ્સેમુલ જન્નત બયૂન અહલેહા.** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની કુન્નિયત અબુલ કાસિમ છે, કારણ કે જન્નતી લોકોને જન્નત વહેંચે છે.

(૯) અલ્લામા તકીદઉદ્દીન સુબકી **''શિફાઉસ્સિકામ''**માં પેજ–૧૬૫ ઉપર ફર્માવે છે : **અન્નન્નબિય્ય** صلی اللہ تعالیٰ علیہ وسلم **તકુનો ફિલ્ જન્નતે મિસ્લુલ્ અઝીઝે મિનલ મલિકે બેગય્રે તમસીલીન લા યેસેલો એલા અહદીનશ યઉન ઈલ્લા બેવાસત્તેહી.**

શંકા રાખ્યા વગર સમજો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જન્નતમાં એવી રીતે હશે જેવી રીતે બાદશાહનો વઝીર કે કે કોઈના સુધી કોઈ ચીજ આપના ઝરીયા (મદદ) વગર પહોંચશે નહીં.

એનાથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની સલ્તન દુનિયામાં તો શું જન્નતમાં પણ હશે કે જન્નતની દરેક નેઅમત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના વગર કોઈને પણ મળી શકશે નહીં.

**(૧૦) ઈમામ કસ્તલાની ''મવાહિબે લદુન્નિયહ્''**, પેજ–૬ ૫૨ ફર્માવે છે : **હોવ** صلى الله تعالیٰ علیہ وسلم **ખેઝાનતુસ્સુરૂરે મળેઅ નોફુઝિલ્અમરે લે ઉમ્મતેહી.''** એનાથી એ પણ જણાયું કે, દુનિયામાં અલ્લાહના અહકામ હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم ના ત્યાંથી જારી થાય છે.

**(૧૧)** શયખ અબ્દુલ હક્ક **''અશ્અતુલ લમ્આત''**, ભાગ–૧, પેજ–૬૫૬ ઉપર ફર્માવે છે : **આં હઝરત મુતવલ્લી ઉમરે મમલેકતે ઈલાહિયહ્ વ ગુમાશ્તએ દરગાહે ઈલાહી બૂદ કે તમામ હું ઉમૂરો** صلى الله تعالیٰ علیہ وسلم.

એટલે કે હુઝૂર ખુદાની સલ્તનતના વ્યવસ્થાપક અને નિયુકત કરેલ હાકિમ છે. દુનિયાના બધા કોનોમકાં (આખા આલમ)ના અહકામો (હુકમો) હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم ને સુપરત થયેલ છે.

એનાથી વધીને કઈ સલ્તનત છે ? જણાયું કે હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم ની બાદશાહી જ બધા બાદશાહોથી મહાન છે. હઝરત સુલૈમાન તથા સિકંદર ઝુલકરનૈનની સલ્તનતોથી વધીને હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم ની સલ્તનત છે.

**(૧૨)** ઈમામ બુસિરી કુદ્દેસ સિર્રહૂ **કસીદા બુર્દા શરીફ**માં ફર્માવે છે :

**ફઈન્ન મિનજુદેક દુન્યા વઝર્રતેહા**
**વમિન ઉલૂમેક ઈલ્મિલ્લૌહે વલ્કલમી**

એટલે કે, યા રસૂલલ્લાહ ! દુનિયા તથા આખેરત આપની **સખાવતથી છે અને લોહ તથા કલમનો ઈલ્મ આપના ઈલ્મોનો એક ભાગ છે.**

(૧૩) ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ *કસીદએ નોઅ્માન*માં ફર્માવે છે :

**અના તામેઊન બિલ્જુદે મિન્ક વલમ યકૂન**
**લેઅબી હનીફત ફિલ્ અમાને સિવાક**

યા રસૂલલ્લાહ ! હું આપની દૈન એટલે કે અતા (આપવું)નો





આશાવાદી છું અને દુનિયામાં અબૂ હનીફાનો આપના સિવાય કોઈ નથી.

આ શેઅરમાં ઈમામે આ'ઝમ કુદ્દેસ સિર્રહૂએ હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم થી માંગ્યું અને પોતાની લાચારગી જાહેર કરી. અને તેનાથી જ માંગવામાં આવે છે કે માલિક હોય ! જણાયું કે ઈમામ સાહેબ હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم ને માલિકે કુલ જાણે છે.

**(૧૪) ''દલાઈલુલ ખયરાત''**ના તમામ દુરૂદ મુસ્તનદ છે. આખી ઉમ્મતમાં મકબૂલ આલિમો તથા અવલિયા તેનો હમેશાંથી અમલ કરનાર રહ્યા. તેમાં પન્જ શમ્બાહ (જુમેરાત)ના ભાગમાં એક દુરૂદ છે : **અલ્લાહુમ્મ સલ્લિઅલા મુહમ્મદીન જાઅર્રહ્મતુમીમિલ માલિકિ વદાલિદ વ્વામિસ્સચ્ચિદિલ્કામિલિ.** એટલે કે હે અલ્લાહ ! હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલ જેમનુ નામ **મુહમ્મદ** છે અને તે દામલ હમેશગીને દર્શાવે છે. એટલે કે હમેશાં માટેની દલીલ છે.

આનાથી જણાયું કે, શબ્દ **મુહમ્મદ**ના અક્ષરોથી માલમ પડે છે કે હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم બન્ને જહાનના હમેશાંથી માલિક છે. કેમ કે એમાં એક ''હે'', એક ''દાલ'' અને બે ''મિમ'' છે. બે ''મિમો''નો અર્થ બંને જહાનની બાદશાહી અને ''દાલ''નો અર્થ દવામ એટલે કે હમેશાંની બાદશાહી અને ''હે''નો અર્થ રહમતવાળી બાદશાહી છે.

***મષ્નવી શરીફ***માં છે :

**સૂરતશ બરખાકો જાં દરલમામકાં–લામકાં બરતર ઝેવહમે સાલિકાં**
**બલમકાનો લામકાં દર હુકમેઉ–હમચૂદર હુકમે બહિશ્તી ચારસૂ**
**હરદમે ઉરા એકે મેઅરાજે ખાસ બરસરે, ફર્શ નહદ હક્ક તાજે ખાસ**

એટલે કે હુઝૂર صلى الله تعالیٰ علیہ وسلم નુ પાક શરીર તો જમીન પર રહ્યું અને પાક જાન (જીવ) લામકાંમાં. જે અલ્લાહના વલીઓના અનુમાન તથા ધારણાઓથી પણ દૂર છે. મકાં તથા લામકાં આપના હુકમ હેઠળ એવી રીતે છે જેવી રીતે જન્નતી માણસના હુકમ હેઠળ ચારેય નહેરો હશે, અને દરેક વખતે ખાસ મેઅરાજમાં રહે છે અને હક્ક તઆલા આપના માથા પર ખાસ

તાજ રાખે છે.

આ પરથી જણાયું કે મકાં તથા લામકાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તાબામાં છે, કેમ કે આપ બંને જહાનના સુલતાન છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દરેક સમયે મેઅરાજ અને આલમે બાલા (આસમાની દુનિયા)ની સફર થતી રહે છે. કયારેક ખ્વાબમાં અને કયારેક નમાઝમાં અને કયારેક સામાન્ય અવસ્થામાં પણ. જન્નત તથા દોઝખ વગેરેનાં દર્શન કરે છે, જેના હવાલા બીજા ભાગમાં આવી ગયા.

આ પ્રકારની સેંકડો ઈબારતો (લખાણો) રજૂ કરી શકાય છે પણ આટલા પર જ સંતોષ માનુ છું. બુઝુર્ગાને દીન બલ્કે સહાબાએ કિરામ رضی اللہ عنہم રબ તઆલાની ઈબાદતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ રાજી કરવાની નિય્યત કરતા હતા. જેનાથી જણાયું કે, ઈબાદતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રાજી કરવા એ રિયાકારી કે શિર્ક નથી, બલ્કે ઈબાદતની જાન છે. તમે બીજા વિભાગમાં વાંચી ચૂકયા છો કે હઝરત સિદ્દીકે અકબરે નમાઝની દરમિયાની હાલતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈમામ બનાવી દીધા. જુઓ ! ઈબાદત તો ખુદાની છે પણ તેમાં તાઝીમે મુસ્તફા કરવામાં આવી રહી છે ! صلی اللہ تعالیٰ علیہ وسلم

*"તફસીરે ખાઝિન"* તથા *"રૂહુલ બયાન"*માં છઠ્ઠા સિપારાની આ આયતના અનુસંધાનમાં **વ આતયના દાઊદ** (ની તફસીરમાં) એક હદીષ નકલ કરી છે કે, એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી ઈર્શાદ ફર્માવ્યો કે,

આજે રાત્રે મેં તમારી કુર્આન મજીદની તિલાવત સાંભળી. અશ્અરીએ અર્ઝ કરી કે, **ખુદાની કસમ ! મને ખબર હોત કે મારું કુર્આન, સાહિબે કુર્આન صلی اللہ تعالیٰ علیہ وسلم સાંભળી રહયા છે, તો વધુને વધુ સારા અવાજ સાથે પઢત.** જુઓ, કુર્આનની તિલાવત અલ્લાહ તઆલાની ઈબાદત છે પણ રસૂલુલ્લાહના એક સહાબી તેવી હાલતમાં પણ હુઝૂરને ખુશ કરવાની ઈચ્છા કરતા હતા.





એ જ પ્રમાણે *તફસીરે રૂહુલ બયાન*, પારા–૧૧, સૂરએ યુનૂસમાં નીચેની આયત : **ઈન અજરિય ઈલ્લા અલલ્લાહિ વઉમિરતુ અન અકૂન મિનલ્ મુસ્લિમીન** કે હઝરત રાબિયા અદવિયય્યહ્ દરરોજ ૧૦૦૦ (એક હજાર) નફ્લ પઢયાં કરતાં હતાં અને કહેતાં હતાં કે હું આનો સવાબ નથી ઈચ્છતી. ફકત એ મનોકામના છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મારાથી રાજી થઈ જાય અને કયામતના દિવસે અંબિયાઓની જમાઅતોથી ફર્માવે કે, જુઓ ! આ મારી ઉમ્મતની એક સ્ત્રીના અમલ છે !

સુબ્હાનલ્લાહ ! ઈશ્કવાળાઓના ઢંગ અનોખા હોય છે. રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **વંય્યખ્રૂઝ મિમ્ બય્તિહી મુહાજિરન ઈલલ્લાહિ વ રસૂલિહી ષુમ્મ યુદરિકુહુલ્ મવ્તુ ફકત વકઅઅ્જરુહુ અલલ્લાહ** અને જે પોતાના ઘરથી અલ્લાહ તથા રસૂલની તરફ હિજરત કરીને નીકળ્યો, પછી તેનુ મૃત્યુ થયું તો તેનો સવાબ અલ્લાહની જિમ્મેદારીમાં આવી ગયો. હિજરત કરવી (અલ્લાહની રાહમાં વતન છોડવું) ઈબાદત છે, પરંતુ હિજરતમાં અલ્લાહ તથા રસૂલને રાજી (ખુશ) કરવાની નિય્યત જરૂર છે.

કુર્આને કરીમ ફર્માવે છે : **વલ્લાહુ વરસૂલુહુ અહક્કુ અંયુરદુહ.** અલ્લાહ અને રસૂલ એના વધુ હકદાર છે કે તેઓને રાઝી કરે.

જણાયું કે ઈમાન અને આમાલમાં એ નિય્યત કરવી કે અમલથી અલ્લાહ તથા રસૂલ રાઝી થાય તો તે નિય્યત આમાલને વધારે મકબૂલિયતના લાયક બનાવે છે. લખાણનો સાર એ નીકળ્યો કે નેક અમલમાં રબ તઆલા અને તેના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને રાઝી કરવાની નિય્યત ન શિર્ક છે, ન હરામ. એટલા માટે નમાઝમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સલામ કરવી વાજિબ છે. **અસ્સલામુ અલૈક અય્યૂહન્નબિય્યૂ** કલમા, અઝાનમાં દરેક જગાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નુ પાક નામ સમાયેલું છે.

# ☆ ચોથો વિભાગ ☆

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તન વિશે વિરોધીઓના કથનો ★

હવે હું દેવબંદીઓ વહાબીઓના પેશ્વાઓથી પૂછુ છું કે બોલો આ વિષયમાં શું કહો છો ? અલ્લાહની શાન તો જુઓ કે વિરોધીઓના મોટા મોટા પણ તેના અનુસંધાનમાં તે જ વાતો કહી ગયા છે ! તેને પણ જુઓ :–

**(૧)** અનુવાદ સિરાતે મુસ્તકીમ ઉર્દૂ ખાતમા તિસરા ઈફાદા, પેજ–૧૦૨ ઉપર વહાબી ધર્મના સ્થાપક *મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી* ફર્માવે છે, આ પ્રમાપે તે મહાન મર્તબાઓ અને ઉચ્ચ હોદ્દાઓના આલમે મિષાલના માલિકો અને આલમે શહાદતમાં તસર્રુફ કરવાની બિન શરતી ઈજાજત (ખુદાની બારગાહથી) પામેલા અને મજાઝ હોય છે.

**(૨)** આ જ *મોલ્વી ઈસ્માઈલ સાહેબ* એ જ જગાએ ફર્માવે છે, દાખલા તરીકે એમના માટે જાઈઝ છે કે કહે, અર્શથી ફર્શ સુધી અમારી સલ્તનત છે. માટે મોલ્વી ઈસ્માઈલ સાહેબના આ ફત્વાથી કહી શકુ છું કે, અર્શથી ફર્શ સુધી મારા આકા તથા મૌલા મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તનત છે, એ જ હું પણ કહું છું.

**(૩)** દેવબંદ મદ્રસાના સ્થાપક *મોલ્વી કાસિમ નાનોત્વી સાહેબ* ફર્માવે છે :

**મદદ કર અય કરમે અહમદીકે તેરે સિવા,**
**નહીં હે કાસિમે બેકસકા કોઈ હામીકાર**

(મદદ કર ! હે કરમે અહમદી ! તારા સિવાય બેકસ કાસિમનું કોઈ મદદગાર નથી.)

મદદ એનાથી જ માંગી શકાય છે જેના કબજામાં કાંઈ હોય. જણાયું કે તેમની નજીક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માલિક તથા અધિકારવાળા છે.





**(૪)** દેવબંદીઓના શય્ખુલ હિન્દ *મોલ્વી મહમૂદુલ હસન* અદિલ્લએ કામિલહ્‌ના પેજ–૧૨ ઉપર ફર્માવે છે :

આપ અસલમાં માલિક છો. જમાદાત (ધાતુ, પથ્થર વગેરે) હોય કે પ્રાણીઓ (તમામ જીવંત હસ્તીઓ), આદમની ઔલાદ હોય કે ગૈરે આદમ. મતલબ કે આપ અસલમાં માલિક છો અને એ જ કારણ છે કે ઈન્સાફ અને મહેરબાની આપના પર વાજિબ છે.

**અલ્હમ્દુલિલ્લાહ !** કે મોલ્વી સાહેબે હુઝૂરને માલિક માન્યા અને આલમે અલ્લાહના સિવાયને કહે છે. જેથી સાબિત થયું કે અર્શ તથા ફર્શ, લોહ તથા કલમ બધું જ મારા શહેનશાહની મિલ્કત છે !

**(૫)** *સિરાતે મુસ્તકીમ* બીજી આયતમાં પહેલા ઈફાદા (ફાયદા)માં *મોલ્વી ઈસ્માઈલ સાહેબ* પેજ–૬૦ પર ફર્માવે છે : "અને હઝરતે મુર્તઝાના માટે શેખૈન (અબૂબક્ર તથા ઉમર) પર એક પ્રકારની ફઝીલત સાબિત છે અને તે ફઝીલત આપના ફર્માંબરદારોનું વધુ હોવું અને વિલાયતના મકામો બલ્કે કુત્બિયત, ગૌષિયત અને અબદાલિયત અને એના જેવી બાકી ખિદમતો આપના સમયથી લઈને દુનિયાના અસ્ત સુધી આપના જ વસીલાથી થાય છે અને બાદશાહોની બાદશાહત અને અમીરોની ઈમારતમાં આપને દાખલ છે. જે આલમે મલકૂતની સૈર કરવાવાળાઓથી છૂપું નથી."

આનાથી જણાયું કે જાહેરી અને બાતિની (આંતરિક) દુનિયા પર હઝરત અલીનો કબ્જા છે અને કયામત સુધી રહેશે. એટલે વફાત પછી પણ દુનિયાનાના માલિક છે અને લોકોને સલ્તનત તથા ગૌષિયત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના દરબારથી મળે છે.

સુબ્હાનલ્લાહ ! અહીં તો એવું ફર્માવી ગયા અને આ જ *મોલ્વી ઈસ્માઈલ સાહેબ* તકવિયતુલ ઈમાનમાં લખે છે કે, **જેનું નામ મોહમ્મદ અથવા અલી છે તે કશી ચીઝનો માલિક કે મુખ્તાર નથી !** કદાચ આ વાત શુદ્ધિ પામતાં પહેલાં લખી હશે ! અને તકવિયતુલ ઈમાન પાછળથી નીકળી.

**(૭)** દેવબંદી ઉલમાઅના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ ફર્માવે છે :

**જહાઝ ઉમ્મતકા હક્કને કર દિયા હૈ આપકે હાથોં**
**તુમ અબ ચાહે ડૂબાઓ યા તેરાઓ યા રસૂલલ્લાહ !**

(ઉમ્મતનું જહાઝ ખુદાએ આપના હાથોમાં સોંપ્યું, હવે તમે ડૂબાડી દો કે તરાવો તમારી મરજી પર છે યા રસૂલલ્લાહ !)

આનાથી જણાયું કે મુસલમાનની તકલીફ અને આરામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નિયંત્રણ હેઠળ છે અને આપ નફો તથા નુકસાનના માલિક છે. નમૂના રૂપે થોડા કથનો નકલ કરી દીધાં, એથી પણ વધુ રજૂ કરી શકાય છે.

## ☆ પાંચમો વિભાગ ☆

## ★ સલ્તનતે મુસ્તફા પર અકલી (બુધ્ધિયુકત) દલીલો ★

દુનિયાનો કારોબાર આખેરતનો નમૂનો છે. એની વિગતવાર ચર્ચા **જાઅલ્ હક્ક**માં જુઓ. અને દુનિયાના બાદશાહ તો પોતાના નિમેલા હાકિમોને પોતાની બાદશાહતના અધિકારી બનાવી દે છે અને તેમને બધા અધિકાર આપે છે જેના કારણે એ હાકિમો કહયા કરે છે કે અમે આ કરી કશીએ છીએ. પછી જે મોભાનો એ હાકિમ એ મોભાના અધિકારો. થાણાદારને મામૂલી અધિકારો, પોલીસના કપ્તાન (પી.એસ.આઈ)ને એનાથી વધારે, ડેપ્યુટી કમિશ્નરને એનાથી વધારે, પછી ગવર્નરને એનાથી વધારે, પછી વાઈસ રોયને આખા દેશના અધિકારો, પછી વઝીરે આઝમને આખી સલ્તનતના દરેક પ્રકારના સંપૂર્ણ અધિકારો હોય છે. પરંતુ આ અધિકારોથી ન બાદશાહની સલ્તનતમાં ઘટાડો થયો અને ન કોઈ ચીજ તેની સલ્તનતમાંથી નીકળી ગઈ, બલ્કે બાદશાહ આ બધી ચીજોનો અસલી માલિક રહેશે અને બીજા લોકો તેના તરફથી નિમાયેલા આરઝી (ટેમ્પરરી) માલિક ગણાશે. એ જ પ્રમાણે





ખુદાએ પોતાની બાદશાહતમાં ફરિશ્તાઓ અને દુનિયાના ખાસ માણસોને માટે લોહે મેહફૂઝ બનાવ્યું, જેમાં દુનિયાના બધા બનાવો લખી દીધા કે આ વ્યકિતઓ એને જુએ અને એના મુજબ અમલ કરે. એ જ અધિકારોના કારણે એ વ્યકિતઓ કહયા કરતી હોય છે કે, "હું આવું કરી શકુ છું."

કુર્આને પાકમાં હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ના શબ્દો નકલ ફર્માવ્યા છે, ફર્માવે છે કે, "હું આંધળાઓને આંખોવાળા (જોતા), મુદડાંઓને જીવંત અને કોઢીઓને સારા કરી શકુ છું." અને હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ હઝરત મરયમથી ફર્માવ્યું કે હું તમને પવિત્ર પુત્ર આપવા આવ્યો છું. કુર્આને ફર્માવ્યું કે, અમારા મહબૂબ علیہ الصلوٰۃ والسلام મુસલમાનોને પવિત્ર કરે છે અને કિતાબ તથા હિકમત શીખવાડે છે અને તેઓ ગરીબોને માલદાર બનાવે છે. (જુઓ, આ કિતાબના મુકદ્દમામાં અને 'જાઅલ્ હક્ક')

હુઝૂરે ગૌષે પાક ફર્માવે છે :

**બિલાદુલ્લાહિ મુલ્કી તહત હુકમી, વવકતી કબ્લ કલ્બી સદ સિફાલી**

(અલ્લાહના બધા મુલ્ક મારા મુલ્ક અને મારી હુકૂમતમાં છે.)

**વમા મિન્હા શોહુરૂન અવદોહુરૂન, તમુરરૂ વતઅકઝી ઈલ્લા અતાલી**

(કોઈ મહીનો અને કોઈ સમય એવો નથી જે અમારી રજા વગર દુનિયામાંથી પસાર થઈ જાય) પછી ફર્માવે છે :

**વકુલ્લો વલિય્યિન લહુકદ મુંવ વઈન્ની, અલા કદમિન્નબિય્યે બદરિલ કમાલે.**

(આ મોભો અને બાદશાહત મને એમના સદકામાં મળી કે દરેક વલી કોઈ ન કોઈ વલીના કદમ પર હોય છે. હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમ પર છું એટલે કે મારું માથું હુઝુર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક કદમ પર છે. એની બરકતથી ખુદાએ મને આ ઈજ્જત આપી.)

હવે બતાવો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સલ્તનતનું શું કહેવું ! આ બધી વાતોથી એ જરૂરી થયું કે, ખુદા તઆલાની સલ્તનતમાં કશા પ્રકારની કોઈ ઉણપ આવશે નહીં, બલ્કે તે હકીકી અને આ હઝરાત (વ્યકિતઓ) ખુદાના નક્કી કરવાથી એના (સલ્તનતના) સેવક અને મજાઝી માલિક છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વઝીરે આઝમ છે માટે બંને જહાનના માલિક તથા અધિકારી થયા.

**(૨)** બધાને ખબર છે કે, મરતી વેળા મલકુલ મૌત (મૌતના ફરિશ્તા)ને જોઈને ઈમાન લાવવું સ્વીકાર્ય નથી. એ સિવાય જિન્દગીમાં જે સમયે પણ ઈમાન લાવે અને પોતાના ગુનાહોની માફી માંગે કબૂલ થશે. એટલે કે મરવાવાળા માટે મૃત્યુના સમયે માફીના દરવાજા બંધ થતા હોય છે અને મૃત્યુ પહેલાં આ દરવાજા ખુલ્લા હોય છે. પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ અધિકાર આપવામાં આવ્યો છે કે જેના માટે ઈચ્છે તેની જિંદગીમાં જ માફીના દરવાજા બંધ કરી દે, તે તૌબા કરે તો પણ કબૂલ ન થાય. જેના માટે ચાહે મૌત પછી પણ દરવાજા ખોલી દે અને તેને જીવતો કરીને મુસલમાન બનાવી દે.

જુઓ, પોતાના વાલિદૈન માજિદૈન (માં બાપ)ને તેઓના મૃત્યુ પછી જીવંત ફર્માવી અને પોતાનો કલ્મો પઢાવીને પોતાના સહાબી બનાવી લીધા. જેની સાબિતી આગળ આવી ગઈ અને તેની તેહકીક *હઝરત ઈમામ જલાલુદ્દીન સ્યૂતિ* અને *અલ્લામા શામી*એ ખૂબ જ સરસ કરી છે. ષઅલ્બહ્ ઈબ્ને હાતિબ ઝકાત લઈને આજીઝી કરતો (કરગરીને) હાજર થયો, છતાં પણ સ્વીકારી નહીં. ત્યાર પછી હઝરત સિદ્દીકે અકબર તથા હઝરત ઉમરના ખિલાફતકાળમાં ઝકાત લાવ્યો પણ કોઈ ખલીફાએ સ્વીકારી નહીં. એ જ જવાબ આપવામાં આવ્યો કે જેની ઝકાત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રદ કરી દીધી હોય તો પછી અમારામાં હિમ્મત નથી કે તેને કબૂલ કરી લઈએ ! એના ઉપરથી આ આયત ઉતરી.

**વમિન્હૂમ મન્ આહદલ્લાહ લઈન અતાના મિન ફદ્લિહી લનસ્સદકન્ન વલનકૂન્નન્ મિનસ્સાલિહીન.** જુઓ *તફસીરે કબીર* તથા





*રૂહુલ બયાન* આ આયતની તફસીર માટે.

વિચાર કરો કે હજી ષઅલ્બહ્ જીવંત હતો. જાહેરમાં તેના માટે તૌબાનો દરવાજો બંધ ન હતો. એવું થવું જોઈતું હતું કે તેની તૌબા કબૂલ થઈ જાય, પણ એટલા માટે કે મુસ્તફાના હાથોએ તેનો દરવાજો બંધ કરી દીધો તેથી બંધ જ રહયો. આ છે મુસ્તફાનો અધિકાર (صلی اللہ تعالیٰ علیہ وسلم). હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગઝબ (ગુસ્સા)થી ખુદાની પનાહ !

**(૩)** રિવાજ એવો છે કે, આપણી ચીજનો આપણો પ્રિયજન જે હોય તે માલિક હોય છે. કારણ કે મહબૂબ (જેને પ્રેમ કરવામાં આવે) તથા મોહિબ (જે પ્રેમ કરે તે) વચ્ચે મારૂં, તારું નથી હોતું. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો ખુદાના એવા પ્યારા છે કે જે તેમની ગુલામી કરે તે પણ ખુદાનો પ્યારો થઈ જાય છે. **"ફત્તબિઉની યુહ્બિબ્કુમુલ્લાહ"** માટે ખુદાની ચીજ મહબૂબની છે. **"વલસવ્ફ યુઅ્તીક રબ્બુક ફતર્દા."**

**(૪)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઝકાત ફર્ઝ નથી. જુઓ, *શામી, કિતાબુઝ્ઝકાત*. કેમ ફર્ઝ નથી ? એનુ કારણ એ પણ હોઈ શકે છે કે આખી દુનિયાના મુસલમાન પુરૂષ અને સ્ત્રીઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુલામ અને લોંડી (દાસી)ઓ છે અને પોતાના ગુલામ તથા દાસીને ઝકાત આપી શકાય નહીં, માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈને ઝકાત આપી શકતા નથી કેમ કે લેવાવાળું જ કોઈ નથી. જેને ઝકાત આપી શકાય તેવી વ્યકિત જ કોઈ ન હોવાના કારણે આપના ઉપર ઝકાત ફર્ઝ કરવામાં જ ન આવી.

**(૫)** અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام અલ્લાહ તઆલાના ખલીફા છે. **"ઈન્ન જાઈલુન ફિ અર્દિ ખલીફા."** અને ખલીફા તે હોય તે જે હકીકતમાં માલિકનો નાયબ થઈને તેના મુલ્કમાં હુકૂમત કરી લે.

જેનાથી જણાયું કે આ હઝરાત અલ્લાહ તઆલાના નાયબો છે. જ્યારે કે અલ્લાહ તઆલા વસીલા વગર અહકામ નથી મોકલતો તેથી નાયબપણા હેઠળ સૃષ્ટિ (દુનિયા) પર હુકૂમત કરે છે. એટલા માટે ઉલમાને રસૂલના નાયબ અને અંબિયાને ખુદાના નાયબ કહેવામાં આવે છે અને નાયબ

પોતાના નાયબપણા દરમિયાન માલિક હોય છે.

**(૬)** સાકે અર્શ પર (અર્શની પીંડલી પર) અને જન્નતમાં જન્નતી ઝાડોના પાંદડાંઓ પર અને હૂરોની આંખોની કીકીઓ પર અને જન્નતના કમસીન ખાદિમોની છાતીઓ પર લખેલુ છે : **''લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ''** અને કાયદો છે કે દરેક ચીજ પર બનાવવાવાળા અને માલિકનુ નામ લખવામાં આવે છે.

જેનાથી જણાયું કે, જન્નત અને અર્શ બનાવનાર (ખાલિક) અલ્લાહ અને માલિક મુહમ્મદુર્રસૂલુલ્લાહ છે. જેની ચીજ તેનુ નામ. બલ્કે દુનિયાની ચીજો પર કુદરતે હુઝૂર صلى الله تعالى عليه وسلم નુ નામ લખેલું છે. મારી પાસે એક પથ્થર છે. બાબુલ્લાહ દત્તા સાહેબ, સેક્રેટરી અંજુમને કાશ્મિરના વિસ્તારની એક નદીથી મેળવ્યો છે. એના પર સ્પષ્ટ લખ્યું છે, **મુહમ્મદ** અને ઉપરથી પથ્થરને લીલા રંગનો કરવામાં આવ્યો છે. એના પર કુદરતે ફીરોઝી રંગથી **મુહમ્મદ** લખ્યું છે.

દિલ્હીમાં રાયસેના બની રહયું હતું તો એક આરસપહાણ (સંગે મરમર)ને મશીનથી આડો ચીરવામાં આવ્યો. તેના વચ્ચે લખેલું મળ્યું : **મુહમ્મદ.** એનો ફોટો પણ મારી પાસે છે. જેની ઈચ્છા હોય તે પથ્થરના એ ફોટાને જોઈ શકે છે. લોકો એ પથ્થરની મારી પાસે આવીને ઝિયારત (દર્શન) કરે છે. કહો જનાબ ! જો હુઝૂર صلى الله تعالى عليه وسلم માલિક નથી તો તે ચીજો પર હુઝૂરનુ નામ કુદરતે કેમ લખ્યું ? બલ્કે, કેટલાક વરસો પહેલાં જબલપૂરના કલેકટરે પણ એને સમર્થન આપ્યું છે અને ત્યાંની સામાન્ય પ્રજાએ પણ જોયો હતો. ગુજરાત (પાક.)માં પણ તેને જોનાર માસ્તર મોહમ્મદ આરિફ સાહેબ હજુ સુધી હયાત છે અને તેને ખ્વાજા હસન નિઝામીએ 'મુનાદી' વર્તમાનપત્રની ખાસ આવૃત્તિમાં પણ છાપ્યું હતું. એકવાર રાત્રિના સમયે પ્રકાશનો ચમકારો થયો. લોકોએ ઉપરની તરફ જોયું તો આકાશ પર નૂરાની અક્ષરે લખ્યું હતું : **મુહમ્મદ.** અને એ અક્ષરોમાંથી નૂર વરસી રહયું હતું. લગભગ એક મિનિટ સુધી આ દ્રશ્ય સચવાઈ રહયું.





સુબ્હાનલ્લાહ ! આંખો હોય તો હજી પણ એમની સલ્તનત જોઈ લો !

**અલ્લાહુમ્મ સલ્લિઅલા મુહમ્મદિંવ વઆલિહિ વઅસ્હાબિહી વબારિક વસલ્લિમ.**

**(૭)** મેઅરાજમાં હુઝૂર સૈયદે આલમ صلى الله تعالى عليه وسلم ને બંને જહાનની સૈર (સફર) કરાવી. લામકાંના માલિક શા માટે બનાવ્યા ? એટલા માટે કે કયારેક બાદશાહ પોતાના દેશની સૈર (સફર) કરવા માટે દૌરો ફર્માવે છે. આજે એ સાચા શહેનશાહ صلى الله تعالى عليه وسلم એ પોતાની સલ્તનતનો દૌરો (ફેરો) ફર્માવ્યો.

**(૮)** આજે દુનિયાના બાદશાહોને લોકો બુરું ભલુ કહે છે, વર્તમાનપત્રોમાં એમના પર વાંધાઓ છપાઈ જાય છે. પણ કોઈ દિલમાં એ હિમ્મત નથી. કોઈ જીભમાં એ શકિત નથી કે મારા મહબૂબ صلى الله تعالى عليه وسلم ની વિરૂધ્ધ જીભ ચલાવી શકે અને જે કોઈ બેઅદબી કરે છે તે સજા પામે છે, એના દાખલા ઘણા જ છે.

જણાયું કે આ શહેનશાહની હુકૂમત દિલોજાન ઉપર છે અને કયામત સુધી રહેશે. રબ તઆલા આપણને વફાદાર પ્રજા બનાવી દે અને બગાવતથી બચાવે. આમીન યા રબ્બલ આલમીન.

**(૯)** દુનિયાના બાદશાહ પોતાના નોકરોને પગાર આપ્યા કરે છે અને આજ સુધી હુઝૂર صلى الله تعالى عليه وسلم ના દરવાજેથી લાખો માણસો પગાર મેળવી રહયા છે. હું પૂછુ છું કે, મોલ્વી, પીર, મશાયખ જે દુનિયામાં ચૈનથી જિંદગી પસાર કરી રહયા છે, શું એમને કોઈ લાકડાનો, લોખંડનો કે કાપડનો હુનર આવડે છે ? કોઈ મુઝાવરી કરે છે તે હાકિમ કે ડોકટર છે ? તેઓ આખરે શું કરે છે ? અને કઈ ચીજનો બદલો પામે છે ? કે એમની ઈજ્જત પણ છે, એમને ચૈન પણ મળ્યું છે, મુસલમાન એમની સેવાચાકરી પણ કરે છે. અજમેર શરીફ, પીરાને કશ્મિર અને બગદાદમાં આ રોનક (ઝાકળમાળ) શા માટે લાગેલી છે ? બસ ! ફકત એટલા માટે કે આ બધા હઝરાત એ જ

મદીનાવાળા શહેનશાહના સેવકો અને નોકરો છે એવું જ સમજીને મુસલમાન સેવા ચાકરી કરે છે કે મુસલમાનોના આ શહેનશાહના ખજાનાના તેઓ દરવાજા છે. એમનુ નામ લે છે, ખાય છે, મજા કરે છે (ચૈનથી જીવે છે).

અલ્લાહ વધુને વધુ એ દરબારને આબાદ કરે કેમ કે અમારે ભિખારીઓને એ દરવાજા સિવાય અન્ય કોઈ ઠેકાણુ નથી.

**મદીનેકે ખિત્તે ખુદા તુઝકો રખ્ખે**
**ગરીબોં ફકીરોંકો ઠેહરાનેવાલે**

હે વહાબીઓ ! અને હે દેવબંદી મોલ્વીઓ ! ખુદાના માટે નમકહલાલ નોકર બનો ! જેના નામ પર ખાવ છો, કમાઓ (ચરી ખાવ) છો, એમાં ઐબ (ખામી) ન ઢુંઢો, બલ્કે એના નામનાં ગીત ગાઓ. અલ્લાહ તમને હિદાયત આપે અને અમને કાયમ (પાબંદ) રાખે. કાઉન્સિલના સભ્યો અને ઈસ્લામિયહ્ સ્કૂલના સભ્યો પણ ખુલ્લે ખુલ્લા શહેનશાહના દરના ભિખારી છે. આ સભ્યો ઈસ્લામના નામ પર વૉટ (મત) માંગે છે અને આ સ્કૂલવાળા ઈસ્લામના નામ પર મુસલમાનોના સદકા, ખયરાત મેળવી લે છે. એમને પણ જોઈએ કે કાઉન્સિલમાં પહોંચીને ઈસ્લામની ભલાઈ ઈચ્છે અને સ્કૂલવાળા ઈસ્લામિયહ્ સ્કૂલોને ખરા અર્થમાં ઈસ્લામી સ્કૂલ બનાવી દે અને મુઝ ફકીરના માટે પણ દુઆ કરે કે રબ તઆલા સાચા અર્થમાં મોમિન બનાવી દે અને ઈમાન પર ખાત્મો નસીબ ફર્માવે. આમીન યા રબ્બલ આલમીન.

હમણા ઈ.સ. ૧૯૪૬ની ચૂટણીમાં હિન્દુસ્તાનમાં મુસ્લિમ લીગને અજોડ સફળતા મળી જેની મિષાલ (ઉદા.) નથી મળતી. આ જીત ન મિસ્ટર જિન્નાહની હતી, ન કોઈ બીજી વ્યકિતની, બલ્કે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામની જીત થઈ, કે મુસલમાનોએ શબ્દ મુસ્લિમને મત આપ્યા. એ જ રાજવાળા, તખ્ત તથા તાજવાળા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ડંકા બંને જહાનમાં વાગી રહ્યા છે.





# ☆ પ્રકરણ બીજુ ☆

## ★ મુસ્તફાની સલ્તનત પર વાંધાઓ અને જવાબો ★

**ખાસ નોંધ** : આ મસ્અલામાં જે રીતે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે એનું કારણ એ છે કે, **વાંધા ઉઠાવનારાઓએ આ મસ્અલાને સમજ્યો જ નથી !** તેઓ ખુદાની માલિકી અને હુઝૂરની માલિકીમાં તફાવત નથી કરી શકતા. એટલે ચીખી ઉઠયા કે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બંને જહાનના બાદશાહ છે તો પછી ખુદાનું શું બાકી રહયું ? કયાં તો દુનિયાના બે માલિક થઈ ગયા ! કે પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રબથી બેપરવા થઈ ગયા ! જો કે દરેક બંદો ખુદાનો હાજતમંદ છે. એને પહેલા ભાગમાં સમજાવી ચૂકયા છીએ અને છતાં ફરીથી પણ રજુ કરીશું. અત્યાર સુધી વિરોધીઓ જેટલા વાંધાઓ ઉઠાવી શકયા છે તે નીચે મુજબ છે અને ભવિષ્યમાં વધુ વાંધાઓ જે ઉભા થશે તેનો જવાબ ઈન્શાઅલ્લાહ કિતાબની બીજી આવૃત્તિમાં આપવામાં આવશે.

**વાંધો : (૧) કુલ લાઅકૂલુ લકૂમ ઈન્દી અઝાઈનુલ્લાહ** એટલે કે હે મહબૂબ ! તમે ફર્માવો કે હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખઝાના છે.

આ આયતથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે કશું જ નથી. પછી માલિક થવાનો મતલબ શું ?

**જવાબ** : આ વાંધાના કેટલાક જવાબો છે. પ્રથમ એ કે આ આયતમાં ખજાનાના માલિક હોવાનો ઈન્કાર નથી બલ્કે દાવો કરવાનો ઈન્કાર છે. એટલે કે હું લોકોથી કહેતો નથી કે મારી પાસે અલ્લાહના ખજાના નથી. કેમ કે દાવો તે કરે છે જેનામાં પોતાની જાત પર કાબૂ રાખવાની શકિત ન હોય, ખુદાએ જે પ્રમાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આટલી મોટી બાદશાહત આપી છે એવી રીતે એમને સ્વકાબૂની પણ અતા ફર્માવી છે. જેના ખજાનામાં વધારે

કિમતી માલ હોય છે એના દરવાજા પર વધારે મજબૂત તાળુ હોય છે. જીભ દિલનો દરવાજો છે.

બીજુ એ કે આ આયતમાં ખજાનાનું પાસે હોવાનો ઈન્કાર થઈ શકે છે, નહીં કે માલિક હોવાનો ! ખજાનો આમ તો ખજાનચીની પાસે હોય છે પણ હકીકતમાં માલિકની જીભ અને કલમ પર હોય છે. શહેનશાહ પોતાની પાસે રૂપિયા નથી રાખતા. જેવું એમનુ ફર્માન પહોંચ્યું કે ખજાનચીએ તરત રૂપિયા આપી દીધા. ફર્માવવામાં આવે છે કે અમે માલિક છીએ ખજાનચી નથી. અમારી "હા" અને "ના"માં બધું જ છે. શું એ નથી વાંચી ચૂકયા કે ઈશારા પર વાદળો વરસ્યાં અને ઈશારા પર જ ખૂલી ગયાં !

ત્રીજુ આ આયતમાં મુનાફિકો અને કાફિરોને કહેવામાં આવી રહ્યું છે કે, હે મુનાફિકો ! તમે ચોર છો અને ચોર, ડાકૂઓથી ખજાના છૂપાવવામાં આવે છે. આ ભેદ તો સાહિબે અસરાર (ભેદ જાણનારા) લોકોને બતાવવામાં આવે છે. એટલા માટે મુસલમાનોથી ફર્માવ્યું : **"ઉઅ્તિય્તુમફાતિય્યહ્ ખઝાઈનિલ્ અર્દ"** અમને ખજાનાઓથી કૂંચીઓ આપવામાં આવી, જેના હવાલા પહેલા પ્રકરણમાં આવી ગયા.

ચોથું એ કે **ખઝાનુઈલ્લાહ** કહે જ છે પેદા કરવું તે. એટલે કે અસ્તિત્વમાં ન હોય તેને અસ્તિત્વમાં લાવવું અને મખ્લૂકના ખજાના છે કે ખુદાની પેદા કરેલી ચીજોને ભેગી કરવી. જેમ કે ટંકશાળ જેમાં રૂપિયા બને છે. અને ખજાનામાં બનેલા રૂપિયા ભેગા થાય છે. પ્રજામાંથી કોઈ પોતાની ટંકશાળ નથી બનાવી શકતું. જો સિક્કા બનાવશે તો મુજરિમ (ગુનેહગાર) ઠરશે અને બનેલા રૂપિયાનો ખજાનો દરેક વ્યકિત રાખી શકે છે.

હક તઆલા ફર્માવે છે : **વઈમ્મિન્ શય્ઈન્ ઈલ્લા ઈન્દના ખઝાઈનુહૂ વમાનુનઝ્ઝિલુહુ ઈલ્લા બિકદરીમ્ મઅલૂમ** એટલે અમારી પાસે દરેક વસ્તુના ખજાના છે પણ અમે એને અંદાઝથી આપીએ છીએ.

આ આયતનો મતલબ એ નથી કે બધી વસ્તુઓ કોઈ જગાએ ભેગી છે, ત્યાંથી નીકળીને આવી રહી છે. બલ્કે ભાવાર્થ એ છે કે ખુદા ચીજના પૈદા





કરવા પર કાદિર (શકિતમાન) છે અને પેદા ફર્માવતો રહે છે. જેથી આ આયતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હુકમ આપવામાં આવી રહયો છે કે તમે એ કહી દો કે ખુદાઈ ખજાનો એટલે પેદા કરવાની કુદરત નથી એટલે કે હું ખાલિક (પયદા કરનાર) નથી. *(જુઓ, રૂહુલ બયાન, આ જ આયત).*

હવે રહયા મખ્લૂકના ખજાના તો એના વિશે ફર્માવે છે કે મને ખજાનાઓની કૂંચીઓ આપવામાં આવી છે.

**વાંધો : (૨)** કુર્આન ફર્માવે છે : **કુલ્ લા અમલિકુ લિનફ્સી નફઅંવ્ વલાદર્રન ઈલ્લા માશાઅલ્લાહ.** એટલે કે હે મહબૂબ ! ફર્માવી દો કે હું તો મારી જાતના માટે નફો કે નુકસાનનો માલિક નથી તો બીજાઓને શું આપીશ !

**જવાબ :** વાંધો ઉઠાવનારે **ઈલ્લામાશાઅલ્લાહ**ને ન જોયું ! આયતનો આશય એ છે કે **"હું ખુદાના ઈચ્છયા વગર"** કોઈ નફા કે નુકસાનનો માલિક નથી. હા ! તેના ઈચ્છવાથી અને તેના આપવાથી માલિક છું. તો જાતી (ખુદાની અતા વગર ખૂદ પોતાની) માલિકીનો ઈન્કાર છે અને અતાઈ (અપાયેલી)નો ઈકરાર છે.

એ જ અમો કહી રહયા છીએ. આશ્ચર્ય છે કે મામૂલી થાણેદાર, જજ (ન્યાયાધિશ) તો તમને નુકસાન પહોંચાડી શકે કે તમને હવાલાત (લોક અપ) કે જેલમાં મોકલી દે અને હુઝૂર કશા નફા કે નુકસાનના માલિક ન હોય !

**વાંધો (૩) :–** ખુદા તઆલા ફર્માવે છે : **કુલ લવ અન્ન ઈન્દી માતસ્તઅ્જિલૂન બુહીલ્ કોદેયલ્ અમ્રો બય્નની વબય્નકુમ.** એટલે હે મહબૂબ ! તમે ફર્માવો કે જો મારી પાસે તે અઝાબ હોત જેની તમે ઉતાવળ કરી હયા છો તો મારા અને તમારામાં કામ પૂરું થઈ ચૂકયું હોત.

એનાથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈના પર અઝાબ લાવવા માટે શકિતમાન નથી એટલા માટે પોતાની લાચારી જાહેર કરી રહયા છે કે કાફિરો તો અઝાબ માંગી રહયા છે અને હુઝૂર આ મુજબ ફર્માવી રહયા છે.

તે ઉપરાંત કુર્આન ફર્માવે છે : **વઈનકાન કબુર અલય્ક ઈઅ્રાદુહુમ ફઈનિસ્તતઅ્ અન્તબતગિય નફકન્ ફિલ્અર્દિ અવસુલ્લમન ફિસ્સમાઈ ફતઅ્તિયહુમ બિઆયહ્.**

એટલે કે, હે મહબૂબ ! જો કાફિરોનુ મોઢું ફેરવવું તમને ભારે પડે છે તો તમારાથી થઈ શકે તો જમીનમાં કોઈ સુરંગ શોધી નાખો અથવા આસમાનમાં નિસરણી. પછી એમના માટે નિશાની લઈ આવો.

એનાથી પણ આ જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈનું કાંઈ નથી બગાડી શકતા, ન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અઝાબ લાવવાનો અધિકાર છે. કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈચ્છા એ હતી કે બધા લોકો ઈસ્લામ લાવે પણ એવું ન થયું, બલ્કે આપને આ ઈચ્છાથી રોકી દેવામાં આવ્યા.

એ પ્રમાણે અબૂ તાલિબના ઈમાનની હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈચ્છા કરી પણ ફર્માવી દેવામાં આવ્યું : **ઈન્નક લા તહદી મનઅહબબ્ત વલા કિન્નલ્લાહ યહ્દી મંય્યશા.** એટલે એવું નથી કે તમે ઈચ્છો તેને હિદાયત કરો. હા ! અલ્લાહ જેને ઈચ્છે હિદાયત આપે.

જેનાથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કોઈને હિદાયત આપવાનો પણ અધિકાર નથી. *(આ વિરોધીઓનો ભારપૂર્વકનો વાંધો છે.)*

**જવાબ** : આ વાંધાનો આશય એ છે કે **વિરોધીઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માલિકી ખુદા તઆલાની સરખામણીમાં જાતી સમજી છે !** અને એ અમારો દાવો નથી. એ આયતમાં જાતિ મિલ્કિયત અને કબજાનો નકાર છે. એટલે કે જો આ વસ્તુઓ જાતી તૌર પર મારા કબજામાં હોત તો હું લઈ આવત. પણ જો કે ખુદા તઆલાની ઈચ્છા નથી કે હે કાફિરો ! હમણાં તમારા પર અઝાબ ઉતરે એટલા માટે હાલમાં અઝાબ નથી આવી શકતો અથવા ખુદા તઆલાની મરજી નથી કે એમને મોં માગ્યા મોઅજિઝાઓ બતાવવામાં આવે અથવા અબૂ તાલિબ ઈમાન જાહેર કરે. એટલા માટે આ કામો નથી થઈ શકતાં. જો હું આ કામોમાં ખુદાનો હાજતમંદ ન હોત, બલ્કે ખૂદ ખુદાની અતા વિના જાતે જ માલિક હોત તો એ કામ જાતે કરી લેત.





આજે આપણે જે ચીજોના માલિક છીએ જમીન, સામાન વગેરે એમાં ખુદાની મરજી વગર કાંઈ નથી કરી શકતા. ખુદા તઆલા ફર્માવે છે : **વમાતસાઉન ઈલ્લા અંય્યશા અલ્લાહુ રબ્બુલ આલમીન.''** તમે લોકો ખુદાની મરજી વગર કાંઈ ઈચ્છી પણ નથી શકતા. એનાથી એ જરૂરી નથી કે આપણે પોતાની કોઈ ચીજના માલિક પણ નથી. હકીકી માલિકની સરખામણીમાં માલિકની મિલ્કિયત કોઈ હકીકત ધરાવતી નથી.

એ જ પ્રમાણે આયત **ઈન્નક લાતહ્દી**માં ઈર્શાદ થયો છે કે હે મહબૂબ ! જેને અમો હિદાયત દેવા ન ઈચ્છીએ, તમે તેને હિદાયત નથી આપી શકતા. જે એનાથી આગળ બયાન ફર્માવ્યું : **''વલા કિન્નલ્લાહ યહ્દી મંય્યશાઉ ઈલા સિરાતિમ મુસ્તકિમ.''** જો તેનો મકસદ આ ન હોય તો આ આયતનો શું મતલબ થશે કે **ઈન્ન હાઝલ્ કુર્આન યહદી લિલ્લતી હિય અકવમુ.** કે કુર્આન સીધા રસ્તાની હિદાયત કરે છે. અહીં તો ફર્માવ્યું કે ખુદાના સિવાય કોઈ હિદાયત નથી કરતું અને ત્યાં ઈર્શાદ થઈ રહયો છે કે કુર્આન હિદાયત કરે છે ! રબ ફર્માવે છે : **વઈન્દલ તહ્દી ઈલા સિરાતિમ્ મુસ્તકિમ.** હે મહબૂબ ! યકીનન્ તમે સીધા રસ્તાની હિદાયત ફર્માવો છો. મતલબ એ છે કે મુસ્તકિલ (ખુદાની અતા વિના ખૂદ) રીતે કોઈ હિદાયત નથી કરતું ને ખુદાની અતાથી કુર્આન પણ હિદાયત આપે છે, અને સાહિબે કુર્આન (રસૂલે ખુદા) પણ. **ફઈનિસ્તતઅ્ત**ની આયતમાં પણ એ જ ફર્માવવામાં આવી રહયું છે કે હે નબી ! આ કામ અમારી મરજી વગર તમે નથી કરી શકતા. આજે હું કહી શકું છું કે બાદશાહ કોઈને તેની મોત વગર ફાંસી આપી નથી શકતો અથવા ખુદાની મરજી વગર કોઈને નફો કે નુકસાન નથી પહોંચાડી શકતો, એ બિલ્કુલ ખરું છે. જો કે બાદશાહને ફાંસી આપવાનો અને નફો કે નુકસાન પહોંચાડવાનો અધિકારી બનાવવામાં આવ્યો છે. **નહીં તો બાદશાહ કેવા ? અન્ય પ્રજા અને બાદશાહમાં ફરક શું ? એ જ વર્ણન થઈ રહયું છે. નિઃશંક ! જેવી રીતે બાદશાહ ખુદા તઆલાનો હાજતમંદ અને પ્રજાની જરૂરિયાત પૂરી કરનાર છે, એવી જ રીતે સમજી લો કે અલ્લાહના મહબૂબ ખાલિકના હાજતમંદ અને**

**મખ્લૂકની જરૂરિયાતો પૂરી કરનાર છે અને માલિકના બંદા અને બંદાઓના માલિક છે.** صلی اللہ تعالیٰ علیہ وسلم

**જરૂરી હિદાયત** : એનો ખયાલ રાખવો કે સવાલ કરતી વખતે અદબનો લેહાઝ રહે. બેધડક મોઢામાંથી શબ્દો કાઢી નાખવા મેહરૂમીથી (બદનસીબી) નિશાની છે. ખુદા તઆલા તેમનો રબ છે અને તે રબના બંદા છે. એ જે રીતે ઈચ્છે પોતાના પ્યારાઓને યાદ ફર્માવે છે અને તેમને નવાઝે અને આં હઝરાત જેવી રીતે ઈચ્છે પોતાના રબથી પોતાની ન્યાઝમંદી (આજીઝી) જાહેર કરે. અમને ગુલામોને શું હક્ક છે કે એ બારગાહોમાં બહાદુરી બતાવીએ ?

**અઝ ખુદા ખ્વાહીમ તૌફીક અદબ**
**બેઅદબ મહરૂમ માનદ અઝ લુત્ફે રબ**

**વાંધો (૪)** :- કુર્આને કરીમ ફર્માવે છે : **ઈસ્તગફિરલહૂમ અવલા તસ્તગફિરલહૂમ ઈન તસ્તગફિરલહુમ સઈય્યન મર્રતન ફલંય્યગ્ફિરુલ્લાહુ લહૂમ.** હે મહબૂબ ! તમે એમના માટે મગફેરત (બખ્શિશ)ની દુઆ કરો કે ન કરો, જો તમે ૭૦ (સિત્તેર) વાર એમની માફી ઈચ્છશો તો પણ અલ્લાહ કદાપી એમને બખ્શવાનો નથી.

આ આયતે કરીમાથી જણાયું કે, મુનાફિકોના માટે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દુઆ પણ કરે તો પણ રબ તઆલા કબૂલ કરશે નહીં, પછી માલિકી અને મહબૂબિયતની શાન કયાં રહી જે તમે વર્ણવો છો ?

**જવાબ** : આ આયત તો બંને જહાનના સરદાર صلی اللہ تعالیٰ علیہ وسلمની અનોખી શાન (મહાનતા)નુ વર્ણન કરી રહી છે ! આ આયતમાં તે લોકોની ચર્ચા છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના ગુલામોને મહેણાં, ટોણા મારીને આકાના દિલને તકલીફ પહોંચાડતા હતા. કારણ કે એના પહેલાં આ આયત છે : **અલ્લઝીન યલ્મિઝૂનલ્ મુત્તવ્વેઈન મિનલ્ મુઅ્મિનીન ફિસ્સદકાત.** એટલે જે લોકો સદકો કરવાવાળા મુસલમાનોને ઐબ લગાવે છે.





જણાયું કે તે લોકો નબીની બારગાહના મુજરિમ છે. એમના વિશે ફર્માવવામાં આવ્યું કે, હે મહબૂબ ! તેમણે આપને તકલીફ આપી છે એટલા માટે અમે તેમનો ગુનો માફ નહીં કરીશું.

જણાયું કે જે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمની બારગાહનો મુજરિમ (ગુનેહગાર) થઈ જાય એના માટે કયાંય પણ અપીલ નથી અને તેને કોઈ પણ જગાએ પનાહ નથી મળતી. આ જ આ આયતનો ભાવાર્થ બતાવવામાં આવે છે. **ઝાલિક બિઅન્નહુ કુફરૂ બિલ્લાહિ વરસૂલિહી.** આ એટલા માટે છે કે તેઓ અલ્લાહ તથા રસૂલનો ઈન્કાર કરનાર બની ગયા.

**લતીફો !** મહબૂબનુ હુસ્ન અને અદા તથા મહોબ્બત બેકાબૂ કરનારી હોય છે અને ચાહનારની મહોબ્બતનો તકાઝો એ હોય છે કે પોતાના મહબૂબના મુજરિમને કદી પણ માફ ન કરે. પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રહ્મતુલ્લિલ્ આલમીન છે, તેથી આપની રહમતનો તકાઝો એ છે કે કોઈ ગમે તેવી પણ ભૂલ કરે, પણ એનો વિચાર ન કરતાં કરમ ફર્માવે છે. ખુદાની મહોબ્બત એ છે કે એ મુજરિમોને કદી માફ ન કરે. **કારણ કે તેઓ મહબૂબના મુજરિમ છે. એ લોકોને ન બખ્શવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ઈજ્જતમાં વધારો થાય છે.**

**ખુદા જિસ્કો પકળે છૂળા લે મુહમ્મદ**
**મુહમ્મદ જો પકળે નહીં છૂટ સકતા**

જે અલ્લાહની પકડમાં આવી ગયો, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેને શફાઅત ફર્માવીને રબથી માફી અપાવી દે. પણ જે શફીઉલ મુઝનેબીનની પકડમાં આવી ગયો એના માટે હવે કોણ સિફારિશ કરે ? એમના માટે સૂફિયાએ કિરામ ફર્માવે છે : **બાખુદા દીવાના બાશ વ બા મોહમ્મદ હોશ્યાર.** એટલે કે ખુદાની બારગાહમાં દીવાનો બનીને આવી શકાય છે પણ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمની બારગાહમાં જરા હોશ સંભાળીને આવજો. અહીં જોરથી બોલવાથી આમાલ નષ્ટ થઈ જાય છે. એટલે કે દીનના બુઝુર્ગો જોશ (જઝબા)માં **અનલ્હક્ક** કહી ગયા, પણ કોઈએ આ જ સુધી **અના મુહમ્મદ**

નથી કહયું.

**ઉંચે ઉંચે યહાં ઝુકે હૈં સારે ઉન્હીંકા મુંહ તકતે હૈં**
**જિન્નો મલક હૈં ઉન્કે સલામી ફખ્ર હે સબકો ઉનકી ગુલામી**

**વાંધો (૫)** : રબ તઆલા ફર્માવે છે : **લય્સ લક મિનલ અમ્રે શય્ઊન અવયતૂબ અલય્હિમ અવયોઅઝ્ઝેબહુમ ફઈન્નહુમ ઝાલિમૂન.** એટલે કે હે મહબૂબ ! આ વાત તમારા હાથમાં નથી. કયાં તો અલ્લાહ તેમને તૌબાની તૌફીક આપે અથવા એમના પર અઝાબ કરે કે તેઓ ઝાલિમ છે.

જુઓ ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વેર ભાવે કાફિરો માટે અઝાબની દુઆ કરી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ દુઆથી રોકી દેવામાં આવ્યા. જો તેઓ માલિક છે અથવા એમની દરેક વાત અલ્લાહની બારગાહમાં માન્ય રહેતી હોત તો આ આયતનો શું અર્થ થશે ?

**જવાબ** :– આ આયત તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન (મહાનતા) બતાવી રહી છે ! ખુદાની આદત છે કે જો એનો કોઈ પ્યારો બંદો કોઈ એવી વાતમાં દુઆ કરવા ઈચ્છે જેની વિરૂધ્ધ ખુદાનો નિર્ણય થઈ ચૂકયો હોય તો એમને દુઆથી રોકી દેવામાં આવે છે. જેનો આશય એ હોય છે કે હે મહબૂબ ! આ વાત અમારા નિર્ણયથી વિરૂધ્ધ છે અને ખુદાના નિર્ણયની વિરૂધ્ધ થવું શકય નથી અને એ પણ અમે નથી ઈચ્છતા કે તમારી વાત બેકાર જાય એટલા માટે આપ આ બાબતમાં દુઆ ન કરો.

આમાં તો અંબિયાએ કિરામ رضی اللہ عنہم ની ઈજજત વધારવામાં આવી છે. આજે અમે હજારો દુઆઓ કરતા રહીએ છીએ છતાં કાંઈ પણ નથી થતું પણ એમનાથી એવી દુઆઓ કરાવવામાં નથી આવતી જે થઈ ન શકે. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ ઈચ્છા કરી કે કૌમે લૂતના માટે દુઆ ફર્માવે, તો હુકમ થયો : **યા ઈબ્રાહીમુ અઅ્રિદ અન્ હાઝા ઈન્નહુ કદીજાઅ અમરુ રબ્બિક ઈન્નહુમ આતિહિમ અઝાબુન ગય્રુ મરદૂદ.** હે ઈબ્રાહીમ ! આ દુઆથી બચો, કારણ કે હવે એ કૌમ પર અઝાબ આવવાનો જ છે.





એવી રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ દુઆથી રોકવામાં આવ્યા અને આ રોકવામાં હુઝૂરની ઈજ્જત વધારવામાં આવી.

**વાંધો (૬)** :– કુર્આન ફર્માવે છે કે હે મહબૂબ ! ફર્માવી દો : **ઈન્ન અત્તબિઉક ઈલ્લામા યુહા ઈલય્ય.** હું તો એની પેરવી કરું છું જે મારા તરફ વહી કરવામાં આવે છે.

એનાથી જણાયું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના તરફથી કાંઈ પણ કહી શકતા ન હતા. બલ્કે ફકત વહીના આધારે હુકમ આપતા હતા, અને તમે કહો છો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એહકામોના માલિક હતા તો હવે તેઓ એહકામોના માલિક કયાંથી રહ્યા ? બલ્કે અમારી જેમ લાચાર બંદા ગણાશે .

**જવાબ** : (વાંધો ઉઠાવનારે) આ આયત આખી ન પઢી. આખી આયત આ પ્રમાણે છે : **કુલમા યકૂનુલી અનઉબિદુલહૂ મિનતિલકાઈ નફસી ઈન્ન અત્તબિઉક ઈલ્લામા યુહા ઈલય્ય.** એટલે કે હે મહબૂબ ! ફર્માવો કે મને એ હક નથી કે હું મારા તરફથી કુર્આનને બદલી દઉં. હું નથી પેરવી કરતો પણ ખુદાની તરફની વહીની.

પ્રસંગ એ હતો કે આમસ ઈબ્ને વાઈલે એક વખતે અર્ઝ કરી કે કયાં તો આપ આ કુર્આનને બદલી નાખો અથવા કોઈ બીજુ કુર્આન લઈ આવો, તો અમે આપના પર ઈમાન લઈ આવશું. તેને આ જવાબ આપવામાં આવ્યો કે હે મહબૂબ ! ફર્માવો કે હું કાંઈ નથી કરી શકતો, હું તો કેવળ વહીને અનુસરું છું. એટલે કે જે રબની તરફથી વહી થાય તે જ પહોંચાડું છું. એમાં મારા તરફથી ઓછુ વત્તું નથી કરી શકતો. જેવું કે યહૂદી ઉલમાએ કર્યું હતું. આ જગ્યાએ ઈત્તેબાઅ (અનુસરવું)નો કોઈ અર્થ છે. કુર્આનને વધારા ઘટાડા સિવાય જાહેર કરવું. એટલે કે જે આવે તેને જ બતાવી દેવું અને **મનતિલ્કાઈ નફસી**માં એ તરફ ખૂબ જ ઝીણવટપૂર્વક ઈશારો છે કે કુર્આન પોતાની મરજીપૂર્વક બદલી નથી શકાતું. હા ! રબ તઆલાથી અર્ઝ કરીને બદલાવી શકુ છું અને એવું ઘણું થયું છે કે કુર્આનની આયત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈચ્છાનુસાર નાઝિલ થઈ, અને બદલામાં આવી, એટલે કે મન્સૂખ (રદ)

થઈ, જેનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :–

પ્રથમ બયતુલ મુકદસ મુસલમાનોનો કિબ્લો હતો પણ મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુશી એમાં હતી કે બયતુલ મુકદસની જગાએ કા'બા કિબ્લો હોય. એક દિવસ વારંવાર આકાશ તરફ માથુ ઊંચુ કરી નાઝભરી દ્રષ્ટિ ફર્માવી રહયા હતા. એટલે કે એ રાહ જોતા હતા કે કિબ્લો બદલવાનો હુકમ આવી જાય. ખુદા તઆલાએ આ મનોહર અદા (મહબૂબાના અદા)ને ખૂબ જ પસંદ ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો,

**કદ નરા તબલ્લુબ વજહિક ફિસ્સમાઈ ફલનુવલ્લિયન્નક કિબ્લતન તરદાહા.** હે મહબૂબ ! અમે તમારૂં આકાશ તરફ મોઢું ઉઠાવવું જોઈ રહયા છીએ. સારું હવે આપને એ જ કિબ્લાની તરફ ફેરવીએ છીએ જેની આપને ઈચ્છા છે. આનાથી જણાયું કે, કેમ કે તમારી ખુશી એમાં જ છે માટે અમે પણ એને કિબ્લો બનાવીએ છીએ. જેને મહબૂબ તમે ઈચ્છો છો. જુઓ, આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રાજી કરવાના લીધે થયું.

તફસીરે *રૂહુલ મઆની*માં આયત : **વલિકુલ્લિ વિજહતુન હુવા મુવલ્લિલ્લહા**ની તફસીરમાં છે કે, દરેક કૌમ બલ્કે દરેક ચીજનો કિબ્લો જુદો છે જેના તરફ તેઓની તવજ્જોહ (ધ્યાન) છે. ફરિશ્તાઓનો કિબ્લો બયતુલ મામૂરછે, દુઆનો કિબ્લો આસમાન, રૂહોનો કિબ્લો સિદરતુલ મુન્તહા. મષ્નવીમાં છે :

**કિબ્લએ શાહાં બુવદ તાજો ગોહર કિબ્લએ અરબાબે દુન્યા સીમોઝર,**
**કિબ્લએ સૂરત પરિસ્તાં આબો ગિલ કિબ્લએ મઅના શનાસાં જાનો દિલ,**
**કિબ્લએ આશિકે વિસાલે બેઝવાલ કિબ્લએ આરિફ જમાલે ઝુલ જલાલ**

**કહેવાનો આશય એ કે કિબ્લાની અદલાબદલી** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના લીધે થઈ. આવી રીતે પ્રથમ આ આયત ઉતરી : **વઈન તુબ્દૂ માફી અનફુસિકુમ અવતુખ્ફૂ હુ યુહા સિબ્કુમબિહિલ્લાહ.** એટલે ભલે તમે તમારા મનની વાત જાહેર કરો કે ન કરો, ગમે તેમ પણ ખુદા તઆલા હિસાબ લેશે, જેનાથી જણાય છે કે મનના વિચારોનો હિસાબ પણ હિસાબ





થશે. પણ મહબૂબની ઈચ્છા એ હતી કે દિલના વિચારોનો હિસાબ રબ તઆલા ન લે, કારણ કે એ આપણા વશની વાત નથી. જેથી હુકમ થયો : **લાયુકલ્લિફુલ્લાહુ નફસન ઈલ્લા વુસ્અહા.** રબ તઆલા કોઈને શકિત બહારની તકલીફ આપશે નહીં.

જેનાથી જણાયું કે દિલના ખરાબ વિચારો જે આપમેળે દિલમાં આવી જાય તે માફ છે. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હજના પ્રસંગે દુઆ ફર્માવી કે હે ખુદા ! હાજીના બધા ગુનાહો માફ કરી દે. ખુદાનો હુકમ થયો કે હુકુકૂલ ઈબાદ (બંદાઓના હક્કો) સિવાયના બધા ગુનાહો માફ કરી દેવામાં આવશે.

મુઝદલ્ફામાં પણ દુઆ ફર્માવી કે ખુદા તઆલા હાજીને બંદાઓના હક્ક પણ માફ ફર્માવી દે. હુકમ થયો કે એ પણ માફ કરી દેવામાં આવ્યા.

જુઓ *મિશ્કાત, કિતાબુલ હજ્જે બાબૂલ વકૂફે બિઅરફહ્*માં આ પ્રકારના ઘણા ઉદાહરણો મળી શકે છે. **લવ અફ્સમુ અલલ્લાહિ લાયરૂદ્દુહુ.**

ત્રીજો જવાબ એ છે કે એમાં ફર્માવવામાં આવ્યું છે કે, **ઈન અત્તબિઉ ઈલ્લા માયૂહા ઈલય્ય.** અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જે ફર્માવે છે એ પણ વહી છે. એટલા માટે મુતવાતિર હદીષ (જે હદીષના રાવઓની સંખ્યા ૧૪ કે તેથી પણ વધુ હોય)થી કુર્આનનુ મન્સૂખ થવું જાઈઝ છે. અને ઘણી જગાએ હુઝૂરે કેટલીક વ્યકિતઓને કુર્આનના એહકામોથી મુકત (જુદા) ફર્માવી દીધા. જેના હવાલાઓ ઉપર આવી ગયા. જો આ આયતનો ભાવાર્થ એ હોય કે હું ફકત કુર્આનની પયરવી (અનુસરણ) કરું છું તો હદીષનો પણ ઈન્કાર થઈ જશે.

**વાંધો (૭) :–** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદરના કેદીઓને માલનો ફિદિયો લઈને છોડી દીધા. એના કારણે ખુદાનો એતાબ (ધમકી) આવ્યો અને રબ તઆલાએ નારાઝગી દર્શાવી. તો જો હુઝૂર એહકામના માલિક હોત તો આપને અધિકાર હોત કે જે ઈચ્છે તે કરે ! એમના કોઈ મુબારક કાર્ય પર એતાબ શા માટે આવત ?

**જવાબ :** આ પ્રસંગ પરથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માલિકી સાબિત થાય છે. પ્રથમ તો એટલા માટે કે જો આપ લાચાર બંદા હતા તો એ હિમ્મત શા માટે કરી કે વહી આવ્યા વિના કેદીઓ પાસેથી ફિદીયો પણ લઈ લીધો

અને એમને મુકત પણ કરી દીધા ? જણાય છે કે પહેલાંથી આદતે કરીમહ્ હતી કે પોતાની પાક મરજીથી હુકમો છોડતા હતા. ત્યારે જ તો આજે એના પર અમલ કર્યો. બીજુ એટલા માટે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એહકામોના માલિક ન હતા તો આ નિર્ણય ખોટો પડત અને જે રૂપિયા ફિદીયાના આવ્યા હતા તે મક્કાના કાફિરોને પરત કરવામાં આવત અથવા દરિયામાં ડૂબાડી દેવામાં આવત. કારણ કે જે રૂપિયા નાજાઈઝ રીતે આવે તેને કામમાં લેવા જાઈઝ નથી. તે ઉપરાંત ભવિષ્યના માટે મનાઈ ફર્માવી દેવામાં આવત કે હવે પછી કદી પણ ફિદિયો ન લેશો. પણ એવું ન થયું બલ્કે એ રૂપિયા મુસલમાનો માટે હલાલ રહયા. કેમ કે ફર્માવવામાં આવ્યું : **ફકુલૂ મિમ્મા ગનિમ્તુમ્ હલાલન્ તય્યિબા.** હે મુસલમાનો ! જે ગનીમત (માલ) તમે લીધે છે તે ખાઓ, હલાલ અને પાકીઝા (પવિત્ર).

અને આશ્ચર્યની વાત એ છે કે ઉપરોકત આયતના ઉપરાણ પછી પણ હઝરત અબ્બાસ, હઝરત અબુલ આસ (હઝરત ઝૈનબના પતિ) બિન્તે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم નો ફિદીયો લેવામાં આવ્યો અને ભવિષ્યના માટે પણ એ કાયદો બની ગયો કે મુસલમાન જો ઈચ્છે તો કાફિર કેદીઓ પાસેથી ફિદીયો લઈને એમને મુકત કરી દે. **ફઈમ્મા મન્નમ બઅ્દુ વઈમ્મા ફિદાઅ્.** કયાં તો કેદીઓ પર એહસાન કરીને છોડી દે અથવા એમની પાસેથી ફિદીયો લઈને.

જો કે હન્ફીઓની નજીક આ હુકમ પણ પાછળથી મન્સૂખ થઈ ગયો. પણ તે સમયે તો આ કાયદો બની ગયેલો. આશ્ચર્યની વાત એ છે કે વિરોધીઓના કહેવા પ્રમાણે ફિદીયો લેવાથી એતાબ (ધમકી) પણ આવી રહ્યો છે અને ફિદીયો ખાવો જાઈઝ પણ છે !

ત્રીજુ, એટલા માટે કે ખુદા તઆલા જો આ ફિદીયો લેવાના કારણે નારાજ હોત તો ફિદીયો લેવા જ કેમ દીધો ? અગાઉથી જ આ આયત ઉતારીને મુસલમાનોને એનાથી રોકી કેમ ન દીધા ?

હવે તમે તમારી વાતના માટે અમારો જવાબ સાંભળો ! વાત એમ છે કે હાથ નીચે રહેનાર જે કાર્ય કરે છે તેના કામને ઉચ્ચ અધિકારીના હુકમથી રોકી પણ શકાય છે અને બદલી પણ શકાય છે અને એના પર એતાબ (પકડ)





પણ થઈ શકે છે. આ વાતો માલિક હોવાના વિરૂધ્ધ નથી. દા.ત. જુઓ હું મારું પોતાનુ મકાન વેચુ છું પણ હુકૂમત એ વેચાણને કેટલીક વખત રોકી દે છે અને કયારેક વેચેલા મકાનોને પાછા પણ અપાવી દે છે અને વેચાણને ગેરકાયદેસર ઠરાવે છે અને જો નોંધણી કર્યા વગર મકાન વેચી દઉં તો મારા પર પકડ પણ કરે છે, સજા પણ આપે છે અને લડાઈના સમયે પ્રજામાંથી જેનુ મકાન જોઈએ તે પોતાના કબ્ઝામાં કરી લે છે અને પોતાના ઉપયોગમાં લે છે. એનો મતલબ એ નથી કે મારા મકાનનો હું માલિક નથી. કારણ એ છે કે મારા માલિકીપણાથી બાદશાહનુ માલિકીપણુ વધારે છે એટલા માટે આ રીતે થાય છે. અહીં પણ હુઝૂર صلى الله تعالى عليه وسلم નો હુકમ મહાન ખુદા તઆલાની રજીસ્ટ્રી વગર થવો જોઈતો ન હતો. તાત્પર્ય એ છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના માલિકીપણાની આ આયત દલીલ પૂરવાર થાય છે.

**વાંધો (૮) :–** જયારે કાફિરોએ હુઝૂર صلى الله تعالى عليه وسلم પાસે માંગણી કરી કે આપ સોનાના પહાડ, ઉમદા મેવાના બાગ અને પાણીની નહેરો જાહેર કરો ! તો જવાબ આપવામાં આવ્યો કે, **હલ્ કુન્તુ ઈલ્લા બશર્રસૂલા.** હું બશર રસૂલ છું એટલે કે પોતાની મજબૂરી જાહેર કરી. જો હુઝૂર માલિક હોત તો તે ચીજોને જાહેર કરી દેત, પોતાની લાચારી કેમ દર્શાવી ?

**જવાબ :–** આ પ્રશ્નોથી કાફિરોનો આશય એ હતો કે, યા રસૂલલ્લાહ ! જો આપ આ કામો કરી બતાવો તો અમે તમને નબી માની લઈએ, નહીં તો નહીં. એટલે કે નબુવ્વતને એ વાતો પર મૌકૂફ કરી દીધી. આ જવાબમાં એમના આ નિયમની ભૂલ વર્ણન કરવામાં આવી. એટલે કે નબુવ્વત એ ચીજો પર મૌકૂફ નથી કે જે તે કામ કરીને બતાવી દે એ તો નબી બને અને જે સોનાનો પહાડ ન બનાવે તે નબી ન હોય. પરંતુ નબુવ્વત ઈન્સાની સિફતમાંથી એક સિફત છે. મેં નબુવ્વતનો દાવો કર્યો છે, ન કે ખુદાઈનો. અમે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના બંને જહાનમાં બાદશાહત ફકત નબુવ્વતના કારણે નથી માનતા બલ્કે એની દલીલોના કારણે માનીએ છીએ જે પ્રકરણમાં કરવામાં આવી.

સારું, એ બતાવો કે આ જગ્યાએ ફર્માવી દેવામાં આવ્યું કે, બશર

રસૂલ છું અને ઘણા પ્રસંગોએ મોટા મોટા મો'જિઝાઓની માંગણી કરી અને કોઈ પણ જાતના ખચકાટ વગર બતાવવામાં આવ્યા. ચંદ્રના ટુકડા કર્યા, ડૂબેલા સૂરજને પાછો બોલાવ્યો, મુડદાંઓને જીવંત કર્યા. તો જો હુઝૂર صلى الله تعالى عليه وسلم લાચાર બંદા છે તો ત્યાં આ ખુદાની અર્પેલી કુદરત શા માટે બતાવી ? કારણ એ છે કે જેમણે આ કુદરતોને નબુવ્વતની કસોટીનું સાધન માની મો'જિઝા માંગ્યા તો ના પાડી દેવામાં આવી અને જે લોકોએ આ ખુદાની અર્પેલી સલ્તનતને નિહાળવાની ઈચ્છા પ્રદર્શિત કરી એમને બતાવી દેવામાં આવ્યા.

તદ્ઉપરાંત સહીહ હદીષમાં ઈર્શાદ થયો કે જો અમે ધારીએ તો પહાડ સોનાના બનીને અમારી સાથે ચાલે. જણાયું કે એના પર શકિતમાન છે પણ એને જાહેર નથી કરતા.

બતાવો ! વર્તમાન સમયના બાદશાહ સોનાના પહાડ અને દૂધની નહેરો બનાવી શકે છે ? કદાપિ નહીં, તો પણ એ બાદશાહ અધિકારવાળા પણ છે કે નહીં ? નિઃશંક ! છે. જો હુઝૂર صلى الله تعالى عليه وسلم સોનાના પહાડ બનાવવા માટે શકિતમાન ન હોત તો એનાથી આપના માલિકીપણા અને સલ્તનત અને ખુદા અર્પિત અધિકારોમાં શું ફરક પડયો. ખલ્ક (પેદા કરવું) જુદી વસ્તુ છે અને માલિકીપણું જુદી વસ્તુ છે અને એમની બુદ્ધિ આશ્ચર્યમય છે કે માલિકીપણાના ન માનવા માટે ખલ્કથી દલીલ લાવે છે !

**વાંધો (૯)** :– હુઝૂરે પોતાની શરૂઆતની તબ્લીગમાં ફર્માવ્યું : ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ ! તમારે જેટલો જોઈએ એટલો મારો માલ માંગી લો. **વલાઉગની અન્કિમિનલ્લાહિ શય્આ**. હું તમારાથી ખુદાના ગઝબને દૂર નથી કરી શકતો.

જ્યારે હુઝૂર صلى الله تعالى عليه وسلم પોતાની લખ્તે જિગર ફાતેમા رضى الله عنها ની મુસીબત દૂર નથી કરી શકતા તો પછી અમારી કેવી રીતે દૂર કરી શકે છે ? પછી એમનુ માલિકીપણુ કયાંથી રહયું ?

**જવાબ** :– આ રિવાયતમાં મુસ્તકિલ (ખુદાની અતા વિના ખૂદ) જાતે માલિકીપણાનો ઈન્કાર છે. એટલે કે હે ફાતેમા ! જો તમે ઈમાન





સ્વીકારશો નહીં અને રબનો ઈરાદો થઈ જશે તો તમારા પર એતાબ આવશે તો ખુદાનો સામનો કરી તમારી કોઈ મુસીબત દૂર કરી શકાશે નહીં. અને એનો આશય અન્ય લોકોને સંભળાવવાનો હતો. એટલા માટે **મિનલ્લાહ** ફર્માવવામાં આવ્યું અને **એ કોઈનો અકીદો નથી કે કોઈ પણ ખુદાનો બંદો ખુદાથી સામનો કરી શકે છે.** (મઆઝલ્લાહ !)

જે કોઈ જે કાંઈ કરે છે તે ખુદાની આપેલી શકિત અને તેના ઈરાદાથી કરે છે.

આ બધા વાંધાઓનુ કારણ એ છે કે, વાંધો ઉઠાવનાર સલ્તનતે મુસ્તફાનો અર્થ નથી સમજી શકતા અને જાતી તથા અતાઈ, મુસ્તકિલ (ખુદાની અતા વિના ખૂદ પોતે) અને ગૈરમુસ્તકિલમાં તફાવત નથી કર્યો.

*શામી, ભાગ–૧, ગુસ્લે મૈયત*માં છે, હું તમારી મુસીબત દૂર નથી કરી શકતો, હુઝૂર صلى الله تعالى عليه وسلم તો અજનબી (અન્ય) લોકોની શફાઅત કરી નફો પહોંચાડશે. પછી પોતાના ઘરવાળાં, નજીકનાં સગાંવહાલાં, મોમિનોને શા માટે વંચિત રાખશે ?

હદીષે પાકમાં છે : **કુલ્લુ સબબીંવ્ વનસબીંવ્ યનકતેઓ બિલ્મવ્તે ઈલ્લા નબસી વસબબી** એટલે કે મૃત્યુ થવાથી બધા જ સંબંધો અને સિલસિલાઓ તૂટી જાય છે સિવાય કે અમારો સંબંધ અને સિલસિલો.

એટલા માટે હઝરત ઉમર رضى الله عنه એ કુલસુમ બિન્તે ફાતેમતુઝ્ઝોહરા સાથે નિકાહ કર્યા, જેથી હુઝૂર صلى الله تعالى عليه وسلم સાથે એમને સાસરીયાનો સંબંધ જોડાઈ જાય અને આયત **ફલા અન્સાબ બૈનહુમ** એટલે જ્યારે સૂર ફૂંકાશે ત્યારે લોકોના વંશ તૂટી જશે. આ આયતના હુકમથી હુઝૂર صلى الله تعالى عليه وسلم નો વંશ મુકત છે.

*શામી*ની આ ઈબારત (લખાણ)થી જણાયું કે ફાતેમાતુઝ્ઝોહરા તો ઉચ્ચ વ્યકિતત્વવાળી જાત છે, સાદાતે કિરામ (સૈયદો)ને એમનો વંશ કામ આવશે, પણ શરત (જરૂરી) એ છે કે મોમિન હોય. *મિશ્કાત*, સહાબીઓના ફઝાઈલોના પ્રકરણમાં છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે કે, મારા સહાબીનુ થોડાક કાંઈ (મુઠ્ઠીભર) જવ ખૈરાત કરવું એ

અન્ય લોકોના સોનાના પહાડ ખૈરાત કરવાથી પણ અફઝલ છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક સોહબત (સાથ) મેળવવાનુ આ માન છે તો પછી જે લખ્તે જિગર અને નૂરે નઝર હોય. رضی اللہ عنہ એમના વિશે તો ખુદા જ જાણે છે કે શું સન્માન હશે !

**ખૂને ખયરૂર્રોસૂલ સે હય જિનકા ખમીર**

**ઉન્કી ઈસ પાક તીનતપે લાખો સલામ**

**વાંધો (૧૦)** :– હદીષોથી જણાય છે કે, ઘણીવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ પ્રશ્નો ઉપસ્થિત થયા તો પોતે નિર્ણય ન લેતાં વહીની રાહ જોઈ. જેમ કે કિબ્લો બદલવાનો હુકમ જે પ્રસંગ આગળ આવી ચૂકયો છે અને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પર લોકોએ આરોપ લગાવ્યો તો કોઈ નિર્ણય ન લેતાં વહીની રાહ જોઈ. જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે એહકામના માલિક હોત તો દરેક વાતનો પોતે જ નિર્ણય કરી લેત.

**મુસ્તફા હરગિઝ ન ગુફતે જિબ્રઈલ**

**જિબ્રઈલ હરગિઝ ન ગુફતે કિર્દગાર**

**જવાબ** :– આના જેવા પ્રસંગોમાં કેટલીક હિકમતોના કારણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના માલિકીપણાથી કામ ન લીધું પણ ડાયરેકટ ખુદાથી ફેંસલો કરાવ્યો, એમાં ઘણા ભેદો સમાયેલા હતા. કયારેક તો એ કે વિરોધીઓ અમારા પર વાંધો ન ઉઠાવે અને કયારેક એ કે દા.ત. આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પર લોકોએ આરોપ લગાવ્યો. જો પોતે ફેંસલો આપી દેવામાં આવત તો મુનાફિકો કહેત કે પોતાની પત્નીની તરફેણ કરી ! અને હઝરત સિદ્દીકાને તે અઝમત ન પ્રાપ્ત થાત કે કુર્આને તેમની પાક દામની (પવિત્રતા) અને ઈજ્જતના ખુત્બા પઢયા. હવે કયામત સુધી દરેક નમાઝી, દરેક હાફિઝ, દરેક તિલાવત કરનાર આપની પવિત્રતાના ગીતો ગાતો રહેશે.

એ પ્રમાણે જો પોતે પોતાના હુકમથી કિબ્લાને બદલી દેવામાં આવત તો પણ વિરોધીઓ અને મુનાફિકો આપના પર વાંધો ઉઠાવત કે અંબિયાના કિબ્લાને બદલી નાખ્યો. એટલા માટે ખૂદ ખુદાએ કિબ્લાને બદલીને બધી





જવાબદારી પોતાના હસ્તક લઈ લીધી અને ફર્માવ્યું, **ફબનુ વલ્લિયન્નક કિબ્લનતન તર્દાહા.** હે પ્યારા ! અમે આપને તે કિબ્લા તરફ ફેરવીએ છીએ જેનાથી આપ ખુશ છો.

બોલો ! મારા (ખુદા) પર કોઈને વાંધો છે ?

હઝરત ઝૈદની બીવી ઝૈનબ رضی اللہ عنہا સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નિકાહ કર્યો. લોકોએ વાંધો ઉઠાવ્યો તો ખુદાએ ઈર્શાદ ફર્માવ્યો : **ફલમ્મા કદા ઝયદુમ્મિન્હા વતરન ઝવ્વજનાકહા.** એટલે કે અમે અમારા મહબૂબનો નિકાહ ઝૈનબની સાથે કરી આપ્યો. જેને વાંધો ઉઠાવવો હોય તે મારા ખુદા પર ઉઠાવે !

હઝરત ઝૈનબ رضی اللہ عنہا ફર્માવતાં હતાં કે બધાના નિકાહ એમના માં બાપ કરે છે પરંતુ મારો નિકાહ મારા રબે કરાવ્યો ! બધાનાં નિકાહ ફકત જમીન પર થાય છે, મારો નિકાહ અર્શ પર પણ થયો !

આ પ્રસંગોથી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માલિકીપણાની સાથે સાથે આપની મહબૂબિયતની ભાળ પણ મળી જાય છે. **અલ્લાહુમ્મ સલ્લિઅલા સૈયેદના મુહમ્મદિંવ્ વ આલિહિ વઅસ્હાબિહી વબારિક વસલ્લિમ.**

જુઓ ! આપણે આપણી સામાન્ય વસ્તુઓ જાતે વેચીએ છીએ ન સાક્ષીની જરૂર પડે છે ન નોંધણી (રજીસ્ટ્રી)ની. પણ ઘણી મહત્વની (મોંઘી) ચીજો જેમ કે બાગ, મકાન, જમીન વગેરે સાક્ષી કે રજીસ્ટ્રી વગર નથી વેચતા. આપણે એ ચીજોના માલિક તો છીએ પણ જે ચીજોમાં ઝઘડો ઉભો થવાનો ભય હોય છે એમાં ગવર્નમેન્ટને જવાબદાર બનાવી લઈએ છીએ. ખુદા તઆલાએ પણ મહત્વના મસાઈલ (પ્રશ્નો)ની જવાબદારી પોતે લીધી અને બીજા હજારો એહકામોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે હુકમો આપ્યા.

**અગત્યનો મુદ્દો** :– એક રિવાયતમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આજે અમે શૈતાનને પકડી લીધો હતો અને જો તેને થાંભલાથી બાંધી દેત તો મદીનાના બાળકો એનાથી રમત, પણ હઝરત સુલૈમાનની દુઆ યાદ આવી ગઈ કે તેમણે અર્ઝ કરી હતી : **રબ્બિ હબ્લી મુલકલ્લા યમબગી લિઅહદિમ મિમ્ બઅ્દી.** હે ખુદા ! તુ મને એવી હુકૂમત અતા કર

કે મારા પછી તેવી કોઈને લાયક (નસીબ) ન થાય. જેથી એને છોડી દીધો.

જણાયું કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની સલ્તનત બધા જ જિન તથા ઈન્સાન, હવા વગેરે આખી દુનિયા ઉપર છે, પણ એને જાહેર ન કરી, કારણ કે એ સલ્તનત હઝરત સુલૈમાનનો ખાસ (વિશિષ્ટ) મો'જેઝો બની ચૂકી હતી. એ વિશિષ્ટતા બીજી જગાએ જાહેર ન થવી જોઈએ.

**વાંધો (૧૧) :–** જો હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم આખી દુનિયાના માલિક છે તો પોતે એશો આરામથી જીવન કેમ ન પસાર કર્યું અને તકલીફો કેમ ઉઠાવતા રહ્યા ?

**જવાબ :–** પોતાની મિલ્કતને પોતાની ઝાતે કરીમહ્ માટે ઉપયોગમાં ન લીધી. એનાથી એ પૂરવાર નથી થતું કે આપ માલિક નથી. રોઝાની હાલતમાં આપણે આપણું અનાજ, આપણું પાણી નથી વાપરતા. એટલા માટે નહીં કે આપણે તે વસ્તુઓના દિવસ દરમ્યાન માલિક નથી, પરંતુ એટલા માટે કે તે સમયે ખાવુ, પીવું ખુદાની મરજીની વિરૂધ્ધ છે. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ પણ આ દુનિયામાં પોતાની વસ્તુઓને પોતાની ઝાતે પાક માટે ઉપયોગમાં ન લીધી. આ દુનિયામાંની દરેક વસ્તુ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم પર જ કુર્બાન થશે અને આપના સદકામાં આપના ગુલામોને પણ મળશે. કેમ કે આપની પાક જિંદગી આખી દુનિયા માટે દ્રષ્ટાંત અને દસ્તૂરે અમલ (અમલી બંધારણ) છે અને દુનિયામાં ગરીબો પણ હશે અને તવંગર પણ. એટલે જો જીવન એશોઆરામમાં પસાર કરત તો ગરીબો માટે દ્રષ્ટાંત પૂરું ન પડત. માટે કયારેક માલ સ્વીકાર્યો અને ખુદાનો શુક્ર અદા કરી સદકો, ખૈરાત આપીને તવંગરો માટે દ્રષ્ટાંત પૂરું પાડયું કે તમને ખુદા દૌલત આપે તો આ પ્રમાણે તેની રાહમાં ખર્ચ કરો અને કયારેક માલ ન સ્વીકારીને સબર (ધીરજ)નું દ્રષ્ટાંત રજુ કર્યું કે જેથી ગરીબો તેને જોઈને તે પ્રમાણે ધીરજ ધરે.

સુબ્હાનલ્લાહ ! એક લડાઈમાં પેટ પર પથ્થરો બાંધ્યા છે, એ જ હાલતમાં હઝરત જાબિર رضی اللہ عنہ એ દાવત આપી તો ચાર શેર જવના લોટથી ઘણા માણસોને જમાડયા. જેમ કે પહેલા પ્રકરણમાં તમે વાંચી ચૂકયા છો.





મતલબ કે એ પાક જિંદગી લાચારીના કારણે ન હતી બલ્કે સત્ય છે કે :–

**માલિકે કોનૈન હૈં ગો પાસ કુછ રખતે નહીં**

**દો જહાંકી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં**

કંજૂસ એ છે જે ન ખાય ન ખવડાવે. સખી તે છે જે પોતે પણ ખાય અને બીજાઓને પણ ખવડાવે, પણ જવ્વાદ (દાતા) તે છે જે પોતે ન ખાય અને અન્યોને ખવડાવે. એટલા માટે ખુદાને સખી નથી કહેતા પણ જવ્વાદ (દાતા) કહેવાય છે. **હુવ યુત્ઈમુ વલા યત્અમુ** ખાવા ખવડાવે છે, પોતે નથી ખાતો. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ની સિફત (ગુણ) દાતાના પ્રતિબિંબરૂપ હતા, જેથી તેઓ ખાતા ન હતા પણ ખવડાવતા હતા. *(તફસીરે રૂહુલ બયાન)*

અને જે કાંઈ ખાય પણ છે તે ઉમ્મતને શીખવાડવા માટે, નહીં તો આપને ખાવાની જરા પણ જરૂર નથી. ખાણુ આપનુ મોહતાજ છે. આપને ખુદા સિવાઈ કોઈની વસ્તુની જરૂર નથી. પોતે ફર્માવે છે : **અય્યુકૂમ મિષ્લી યુત્ઈમુની રબ્બી વયસ્કીની. તમારામાં મારા જેવુ કોણ છે ? મને ખુદા તઆલા ગૈબથી રોજી ખવડાવે પીવડાવે છે.** જયારે કોઈવાર ભૂખની તકલીફ જાહેર થાય છે, તો તે સમયે બશરિયતનો ઝહૂર થાય છે અને સૌમે વિસાલના રોઝા (વગર સહેરી ઈફતારના સતત રોઝા)માં નૂરાનિયત જલ્વો ફર્માવે છે. ખૈબરમાં ઝહેરે અસર ન કરી પણ વિસાલ શરીફના સમયે ઝહેરની અસર જણાઈ કેમ કે મૃત્યુના સમયે બશરિયતનો ઝહૂર થાય છે. મૃત્યુ બશરિયત પર છવાઈ છે. આ ખૂબ જ ઝીણવટભરી વાત છે. તેનુ વિગતે વર્ણન *મિશ્કાત શરહે મિશ્કાત તથા રૂહુલ બયાન* તથા *લમ્આત*માં જુઓ. **સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વઅલા આલેહિ વઅસ્હાબિહી વબારિક વસલ્લમ.**

**ઉપસંહાર :–** આ કિતાબના લખાણ દરમિયાન મારા મોહતરમ દોસ્ત શેઠ અબ્દુલગની સાહેબ વેપારીએ મને કહ્યું કે વફાદાર પ્રજાને પોતાના શહેનશાહના દર્શન કરવાની ઈચ્છા હોય છે અને એ અમારું નસીબ ન હતું કે એ પાક સમયમાં જન્મ પામતા અને આ નાચીઝ

આંખોથી દુનિયા પર કબ્જો ધરાવનારના સૌંદર્યના દર્શન કરતા અને દિલની ઈચ્છાઓ પૂરી કરતા.

**હોતે સદકે કભી નાકાએ મહેમીલકે**
**સારબાંકે કભી હાથોંકી બલાએં લેતે**
**દશ્તે તય્બહમેં તેરે નાકાકે પીછે પીછે**
**ધજ્જીયાં જેબો ગરીબાંકી ઉડાતે જાતે**

હવે જ્યારે કે અમે નાચીઝોએ ૧૩૦૦ વરસ પછી જન્મ લીધો તો ઓછામાં ઓછું આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો હુલિયા શરીફ (દેખાવ) તો વર્ણન કરીએ, જેથી જેને જોઈને કાંઈક સાંત્વન મળે. મને તેમનો એ જઝબો (ઉમંગ) ખૂબ ગમી ગયો અને નક્કી કર્યું કે હવે આ કિતાબને હુલિયા શરીફના વર્ણન સાથે પૂર્ણ કરું અને મુસલમાનોથી વિનંતી છે કે આ હુલિયા શરીફને પોતાના વિચારોમાં સમાવે અને ત્યાં સુધી ધ્યાન મગ્ન થઈ જાય કે એવી હાલત થઈ જાય કે,

**દિલકે આઈનેમેં હે તસ્વીરે યાર**
**જબ ઝરા ગરદન ઝુકાઈ દેખ લી**

અને વિશ્વાસ રાખે કે તે જ ઘર આબાદ થાય છે જેમાં ઘરના માલિક હોય અને જે ઘરમાં માલિક ન હોય તે વેરાન છે. એવી રીતે તે દિલ આબાદ છે જેમાં આપની યાદ (ધ્યાન) હોય, નહીં તો બરબાદ છે.

**આબાદ વહી દિલ હે જિસમેં તુમ્હારી યાદ હે**
**જો યાદસે ગાફિલ હુવા વિરાન હે બરબાદ હે**

સહાબાએ કિરામ رضی اللہ عنہم કેટલાક પ્રસંગોએ હદીષ વર્ણન કરતાં કરતાં જુસ્સામાં ફર્માવી દેતા હતા : **કઅન્ની અન્ઝુરો એલા રસૂલિલ્લાહે** صلی اللہ تعالیٰ علیہ وسلم. "જાણે કે હું અત્યારે રસૂલને જોઈ રહયો છું." જણાય છે કે તસવ્વુરમાં (ધ્યાન મગ્ન) રહેતા હતા અને આ ખયાલે યાર (મહબૂબના ધ્યાન)ની કસૌટી કબરમાં પણ થશે. કેમ કે નકીરૈન (મુન્કર નકીર) પૂછશે : **મા કુન્ત તકૂલો ફી હક્કે હાઝરરજુલ** "તમે આ મહબૂબના વિશે શું કહેતા





હતા ?" મજા તો ત્યારે છે કે સ્વપ્નામાં તે જલ્વાના દીદારનો લ્હાવો આપે અને એવું થાય કે,

**દિલમેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો**
**ફિર તો ખલ્વતમેં અજબ અંજુમન આરાઈ હો**

(હસન બરેલ્વી رحمۃ اللہ علیہ)

અને જલ્વતમાં ખલ્વતનો આનંદ મળે અને થાય કે,

**સારા આલમ હો મગર દિલ દેખે તુમ્હેં**
**અંજુમન ગર્મ હો ઔર લઝ્ઝતે તન્હાઈ હો**

(સદરૂલ અફાઝિલ رحمۃ اللہ علیہ)

લો, હવે અદબની સાથે આપણા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુલિયા પાકને સાંભળો અને પોતાના ઈમાનને તાજુ કરો.

**અલ્લાહકી સર તા બકદમ શાન હૈં યહ**
**ઈન સા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ**
**કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં**
**ઈમાન યે કહતા હૈ મેરી જાન હૈં યહ**

ઈમામ અબૂ ઈસાએ તિર્મિઝી શરીફના અંતમાં એક નાનકડી પુસ્તિકા જોડી, જેનુ નામ છે *"શમાઈલ શરીફ"*. એ પુસ્તિકામાં હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કેટલીક વિશિષ્ટતાઓનુ વર્ણન છે એના આધારે આ હુલિયા શરીફનુ વર્ણન અહીં કરૂં છું.

## ★ હુલિયા શરીફ ★

અલ્લાહના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હુલિયા મુબારક આ પ્રમાણે છે :–

કદમ શરીફ મધ્યમ, એટલે કે વધારે લાંબુ નહીં તથા ટૂંકુ પણ નહીં. જિસ્મ શરીફનો રંગ મુબારક લાલાશ પડતો સફેદ (ગુલાબના ફૂલની જેમ) ન એકદમ સફેદ, ન ઘઉંવર્ણો. બાલ મુબારક કાળા જેમ કે **"વલ્ લય્લિ**

ઈઝા સજા" થોડાક વાંકડીયા (ઘુંઘરૂવાળા) ન બિલકુલ સીધા ન એકદમ વાંકા અને ગેસૂ મુબારક મોટા ભાગે કાન સુધી અને કદીક ખભા સુધી. એટલે કે મોટા ભાગે કાનની બુટ સુધી અને કયારેક કયારેક ખભાઓ સુધી. સર મુબારક મોટું અને ખૂબ જ સુંદર. કપાળ પહોળું, પાતળાં અને લાંબાં ભવાં. એ ભવાંની વચ્ચે પાતળી રગ જે કયારેક ચમકતી હતી. મોટી મોટી આંખો, પાપણો લાંબી, આંખની સફેદી ખૂબ જ સફેદ અને કીકીઓ ખૂબ જ કાળી જેનો સૂરમો **"માઝાગલબસરો વમા તગા"** ખુદા તઆલાના દીદારથી ન ઝપકે. લાંબુ પાતળુ નાક શરીફ, ગાલ મુબારકનો રંગ ચમકીલો, ન બહું ઉભરેલા અને ન દબાયેલા, પરંતુ મધ્યમકક્ષાના. પહોળું મુખ, પાતળા પાતળા હોઠ જાણે કે ગુલાબની પાંખડી. ચમકતા અને સફેદ અને નાના નાના દાંત જાણે કે મોતીઓની હારમાળા અને દરેક દાંતની વચ્ચે સુક્ષ્મ જગા રહેતી. ગાઢ દાઢી જેનો રંગ કાળો અને દહન મુબારક (આખો ચહેરો) સાચી ચાંદીની જેમ સ્વચ્છ અને સફેદ ગરદન શરીફ. બે ખભાઓની વચ્ચે મોહરે નબુવ્વત (ડોકની નીચે બંને ખભાઓની વચ્ચે મોહરે નબુવ્વત હતી) તે કબૂતરના ઈંડા જેટલી હતી. થોડોક ઉપસેલો ગોશ્ત હતો, જેના પર વાળ હતા અને મુહમ્મદ વંચાતુ હતું. આ મોહરે નબુવ્વતને જોઈને સલમાન ફારસી વગેરે ઈમાન લાવ્યા. છાતીનો ભાગ ખૂબ પહોળો, રહમતનો ખજાનો. ગળા શરીફથી નાફ સુધી વાળોની પાતળી લાઈન. પેટ મુબારક છાતીની સપાટી મુજબનુ ન ફુલેલું, ન દબાએલું. એ ઉપરાંત ભરાવદાર ભૂજા (બાજુ). જેના પર થોડા પ્રમાણમાં વાળ. કંઈક અંશે લાંબી કલાઈઓ તથા પહોળી અને ઉપસેલી હથેળીઓ, ખભાઓ અને કલાઈઓ ઉપર વાળ મુબારક, આંગળીઓ પાતળી અને લાંબી, પીંડીઓ ભરાવદાર જેના પર રૂંવાટી, એડીઓ પાતળી અને ભરાવદાર જમીન પર બરાબર જામી જાય એવી.

હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે, એક વખતે ચાંદની રાતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝભ્ભો પહેરીને તશરીફ લાવ્યા. હું કયારેક આકાશમાંના ચાંદને જોતો હતો અને કયારેક આપણા મદીનાના ચાંદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તો ખુદાની કસમ ! હુઝૂર ચાંદથી પણ વધુ સુંદર જણાતા હતા. એ જોવાવાળી આંખો





પર કુર્બાન જઈએ.

**બીજી વિશિષ્ટતાઓ આ પ્રમાણે છે :–** ચેહરાએ અનવર પ્રભાવશાળી હતો જે ઓચિંતો જોઈ લેતો તેના દિલમાં પ્રભાવ અને ડર છવાઈ જતો અને જેને સોહબતમાં રહેવાનુ સદ્‌ભાગ્ય નસીબ થતું તે અખ્લાકે કરીમહ્‌ના કારણે એવો હળી મળી જતો કે બીજી જગાએ તેનુ દિલ જામતું નહીં. મોટા ભાગે નજર નીચી રહેતી.

**એક માહે બદન ગોરા સા બદન નીચી નઝરેં કલકી ખબરેં**
**વો સુનાકે સુખન દિખલાએ ફબન, મરા ફૂંકકે સબ તન મન ધન**

ચેહરાએ અનવર પર જાણે કાંઈક વિચારી રહ્યા હોય એ પ્રમાણે ચિંતનના ભાવ ઉપસ્થિત રહેતા હતા. જ્યારે કોઈની ઉપર દ્રષ્ટિ કરતા તો સંપૂર્ણ મુખ એ તરફનુ કરીને જોતા. કદાપિ અટ્ટહાસ્ય નથી ફર્માવ્યું, કેવળ સ્મિત ફર્માવતા. ચાલ સંપૂર્ણ ચોકસાઈથી રહેતી જાણે કે ઉપરથી ઉતરી રહ્યા છે. જ્યારે સ્મિત ફર્માવતા ત્યારે દાંતોમાંથી નૂરના કિરણો ફૂટતાં જેના પ્રકાશમાં ગુમ થયેલી સોય પણ શોધી શકાતી.

**સુઝન ગુમસુદા મિલતી હૈ તબસ્સુમસે તેરે**
**શામકો સુબ્હ બનાતા હૈ ઉજાલા તેરા**

પસીના મુબારકમાં ગુલાબ જેવી તેજ સુગંધ હતી, જ્યારે કોઈ ગલીમાંથી પસાર થતા તો ઘરોના લોકો સમજી જતા અને મદીનાના લોકો આ પસીના મુબારકને સુગંધ (અત્તર)ની જગ્યાએ કામ લેતા હતા. *(મિશ્કાત)* ચાલવાની અવસ્થામાં જમીન પાછળ લપેટાતી હતી, જેથી હુઝૂર ધીમેથી ચાલતા હતા પણ સાથીદારોએ ઝડપથી ચાલવું પડતું. કદાપિ ખિઝાબ નથી લગાડયો, કેમ કે સર મુબારકમાં લગભગ *૧૪ વાળ* અને દાઢી મુબારકમાં *છ વાળ* સફેદ હતા. એટલે કે *કુલ ૨૦ વાળ સફેદ થયા હતા.* વાળ શરીફની ઝિયારત (દીદાર) કરનારાઓએ જે ખિઝાબની રિવાયત કરી છે તે આ મુબારક બાલોને ખૂશ્બૂ તથા અત્તર વગેરેમાં રાખવાના કારણે છે.

જમવામાં બકરીના આગળના ભાગના રાનનો ગોશ્ત, સરકો, મધ,

મીઠી વસ્તુઓ અને દૂધી વધુ પસંદ ફર્માવતા હતા. પરંતુ મુર્ગ, બટેર, સત્તુ અને મોટા ભાગે ખારેક ખાવાનુ પણ સાબિત છે. તદ્ઉપરાંત દેગચીના નીચેના ભાગે (તળીયે) ચોંટી રહેતું ખૂરચણ (બળેલું નહીં એવું) ખાવા પણ પસંદ હતું. ઘણીવાર ખજૂરની સાથે જવનો રોટલો તનાવુલ ફર્માવ્યો.

સફેદ રંગનો પહેરવેશ ગમતો હતો. મોટા ભાગે અમામો, કમીસ અને તેહબંદ (સિલાઈ વિનાની લુંગી) પહેરતા હતા. કયારેક કાળો અમામો પણ પહેરતા હતા. યમની ચાદર અને ખાસ કરીને થીંગડાવાળો ઢોંસો (કમ્બલ) મુબારક ઉપયોગમાં લેતા હતા. આ અર્શના મહેમાન صلی اللہ تعالیٰ علیہ وسلم નુ બિસ્તર મુબારક કયારેક ડબલ ગડીવાળુ કંતાન અને ચામડાની ગદેલી જેમાં ખજૂરની છાલ ભરેલી રહેતી હતી. صلی اللہ تعالیٰ علیہ وسلم

**હિદાયત :** વાંચકો સુતી વેળા આ હુલિયા શરીફનો અભ્યાસ કરતા રહો અને પાક બિછાના પર પાક કપડાં પહેરી વઝૂની સાથે કિબ્લા તરફ મોઢું કરી સૂએ. જો શકય હોય તો સૂતી વેળા અત્તર પણ લગાવે અને હમેશાં ઉમ્મીદ રાખીને સૂએ કે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સ્વપ્નમાં ઝિયારત નસીબ થઈ જાય. આમીન યા રબ્બલ્ આલમીન. જેણે સ્વપ્નામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત કરી તેણે હુઝૂરને જ જોયા. એ (સ્વપ્ન) નફસાની, શૈતાની કે ખયાલી નથી હોતું પરંતુ ખરેખર હોય છે. ચેહરાએ અનવરને નૂરાની જોવો આપણા ઈમાનની મજબૂતીની દલીલ છે, એથી વિરૂધ્ધ જોવું આપણા નબળા ઈમાનની નિશાની છે. એ પ્રમાણે ઉમદા પહેરવેશમાં ઝિયારત થવી પોતાની નેક અમલીની નિશાની છે અને એથી ઉલ્ટું જોવું બદઅમલીની ઓળખ છે. મષ્નવી શરીફમાં છે :–

**ગુફત મન આઈના અમ મસકૂલ દોસ્ત**
**તુર્કો હિન્દીઓ દરમન આં બિનદ કે ઓસ્ત**

[હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم અલ્લાહની કુદરતનો આઈનો છે. આઈનામાં દરેકને પોતપોતાનો રંગ દેખાય છે, નહીં તો હુઝૂરને જેવા કે જોવાનો હક્ક છે, ખુદા સિવાય કોઈએ જોયા નથી.]





જે કોઈ આ પુસ્તિકાથી લાભ ઉઠાવે તે મુજબ બેકસ ફકીરના માટે ભલાઈની દુઆ કરે અને દુઆ કરે કે રબ તઆલા ફકીરની કિતાબને કબૂલ ફર્માવે અને મારા માટે આખેરતનુ ભાથુ અને સદકએ જારીયહ્ બનાવે અને મારા વાલીએ નેઅમત, મુર્શિદે બરહક, સદરુલ્ અફાઝિલ મૌલાના અલ્હાજ સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન સાહબ કિબ્લહ્ દામઝિલ્લહુમનો સાયો મારા ઉપર અને બધા સુન્નીઓ પર કાયમ રાખે. આમીન યા રબ્બલ્ આલમીન બિજાહિ નબીએ કરીમ રઊફુર્રહીમ સલ્લલ્લાહુ તઆલા આલિહી વઅસ્હાબિહી અજમઈન બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન.


**–અહમદ યારખાં નઈમી અશરફી**

આ કિતાબ હઝરત સદરૂલ અફાઝિલ رحمۃ اللہ علیہ ની મુબારક જિંદગીમાં લખવામાં આવી હતી. તે વખતે દુઆ કરવામાં આવી. ૧૦, ઝીલ્હજ્જ, હિ.સ. ૧૩૬૭માં હઝરત પોતાના રબની રહમતમાં આરામ ફર્માવ્યો. હવે આ પ્રમાણે દુઆ કરો કે મૌલા તઆલા તેમની કબરને નૂરથી ભરી દે અને તેની બરકતોથી આપણને ફાયદો પહોંચાડે. આમીન. લેખક رحمۃ اللہ علیہ પણ અલ્લાહની રહમતે પહોંચી ગયા છે. અલ્લાહ તઆલા તેમની કબરને નૂરથી ભરી દે, અને તેમના સદકામાં મુઝ હકીરની દુનિયા તથા આખેરતને આબાદ ફર્માવે તેવી દુઆ કરશો.

તા. ૨૮–૧૧–'૮૯
૨૮–રબી ઉષ્ષાની
હિ.સ. ૧૪૧૦

**અનુવાદક : પટેલ શબ્બીર અલી**
(ન્યુ) રઝવી કિતાબ ઘર
મુા. દયાદરા, તા.જિ. ભરૂચ.

صلی اللہ تعالیٰ علیہ وسلم



★ લેખક ★

હકીમુલ ઉમ્મત હઝરત

**મુફ્તી અહમદ યારખાં નઈમી**

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

★ પ્રકાશક ★

**સુન્ની દાવતે ઈસ્લામી–દયાદરા શાખા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા.જિ. ભરૂચ.

# નઅત શરીફ

**અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

સરવર કહું કે માલિકો મૌલા કહું તુઝે
બાગે ખલીલકા ગુલે ઝૈબા કહું તુઝે

હિરમાં નસીબ હું તુઝે ઉમ્મીદ ગહ કહું
જાને મુરાદ કાને તમન્ના કહું તુઝે

સુબ્હે વતન પેશા મેં ગરીબાંકો દું શરફ
બેકસ નવાઝ ગૈસૂઓં વાલા કહું તુઝે

અલ્લાહ રે તેરે જિસ્મે મુનવ્વરકી તાબિશેં
એ જાને જાં મૈં જાને તજલ્લા કહું તુઝે

મુજરિમ હું, અપને અફ્વકા સામાં કરું શહા
યા'ને શફીઅ્ રોઝે જઝા કા કહું તુઝે

ઈસ મુર્દા દિલકો મુઝદા હયાતે અબદકા દું,
તાબો તવાને જાને મસીહા કહું તુઝે

તેરે તો વસ્ફ ઐબે તનાહી સે હંય બરીં
હયરાં હું મેરે શાહ મૈં કયા કહું તુઝે

કહ લેગી સબ કુછ ઉનકે સનાખ્વાં કી ખામોશી
ચૂપ હો રહા હું કે મૈં કયા કયા કહું તુઝે

લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા
ખાલિકકા બંદા ખલ્કકા આકા કહું તુઝે

# આખેરત કમાવા નાણાં રોકો !

પ્યારા દીની ભાઈ બહેનો ! વર્તમાનકાળમાં દુનિયાની ચમક દમ તરફ લોકોએ આંધળી દોટ મૂકી છે, દુનિયા કમાવાની ભીડ ભાડ અને બુમરાણમાં દીનની વાત સાંભળવા, વાંચવા કે દીની કામોમાં સહકાર કરવા પ્રતિ કોઈ આકર્ષણ જેવું રહ્યું નથી. અને દુનિયા કમાવા લાખો, કરોડો રૂપિયાના રોકાણો કરનારા લોકો દીનના કામમાં ૨૫, ૫૦, ૧૦૦ આપી દે તો ઘણું આપી દીધું એવું સમજતા હોય ! એવા કપરા માહોલમાં દીનો સુન્નિયતની ખિદમત કાજે મહેનત કરી રકમ એકત્ર કરી **મસ્લકે આ'લા હઝરત**ના પ્રચારના અર્થે ઉમદાથી ઉમદા કિતાબો છપાવી મફત વહેંચતી આપની આ પ્યારી સંસ્થાને કદી ભૂલશો નહીં. મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપની બંને દુનિયા આબાદ ફર્માવશે.

**ફક્ત રૂા. ૧૦૦/– આપી સભ્ય બનો**
**અને વર્ષ દરમિયાન છપાતી**
**અણમોલ કિતાબો મફત મેળવો**

આપની લિલ્લાહ, ઝકાત, સદકા, કુર્બાનીની ખાલો વગેરેની રકમો આપની આ પ્રાણપ્યારી સંસ્થાને આપી સવાબે જારીઅહ્‌ના હકદાર બનો.

**–લિ. પ્રકાશક**

# સલ્તનતે મુસ્તફા
صلی اللہ تعالیٰ علیہ وسلم

☆ લેખક ☆

હઝરત અલ્લામા મુફતી
અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ

☆ અનુવાદક ☆

પટેલ શબ્બીર અલી રઝવી

☆ પ્રકાશક ☆

**સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મા.પો. દયાદરા,
તા.જિ. ભરૂચ.

**પ્રત : ૧૦૦૦** **આવૃત્તિ : ૨**

# સલ્તનતે મુસ્તફા
صلی اللہ تعالیٰ علیہ وسلم

☆ લેખક ☆

હઝરત અલ્લામા મુફતી
અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ

☆ અનુવાદક ☆

પટેલ શબ્બીર અલી રઝવી

☆ પ્રકાશક ☆

**અઝહરી યંગ કમિટી**
C/o. રઝા પાન, વિરડી પ્લોટ, ખાઈકાંઠા રોડ,
પોરબંદર–૩૬૦૫૭૫

**પ્રત : ૧૦૦૦** **આવૃત્તિ : ૨**

# સલ્તનતે મુસ્તફા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ


:: લેખક :

**હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ**
**યારખાં નઈમી અશરફી બદાયૂની** عليه الرحمة والرضوان

:: અનુવાદક :

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)



:: પ્રકાશક ::

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 *C/o.* ફયઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**Email :** anjuman2006@hotmail.com
**Website :** barkatekhwaja.net

પ્રકાશન નં. : ૧૮૮ આવૃત્તિ–૪ પ્રત : ૪૫૦૦
૧૦–મુહર્રમલ હરામ હિ.સ. ૧૪૩૩ ડિસે.–૨૦૧૧

નૂરાની આર્ટ–દયાદરા
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખો મેં..... صلى الله عليه وسلم

**અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝખાં ''નૂરી''**

જો ખ્વાબ મેં કભી આએં હુઝૂર આંખોં મેં
સુરૂર દિલ મેં હો પૈદા નૂર આંખોં મેં

હટા દેં આપ અગર રૂખ સે ઈક ઝરા પર્દા,
ચમક ન જાએ અભી બર્કે તૂર આંખોં મેં

ખુલે હંય દીદએ ઉશ્શાક કબ્ર મેં યોં હી
હય ઈન્તઝાર કિસી કા ઝરૂર આંખોં મેં

ખુદા હૈ તૂ ન ખુદા સે જુદા હય અય મૌલા
તેરે ઝહૂર સે રબ કા ઝહૂર આંખોં મેં

ખુદા સે તુમ કો જુદા દેખતે હંય જો ઝાલિમ
હય ઝૈગ કલ્બ મેં ઉન્કે, ફુતૂર આંખો મેં

ઉમંડ કે આહ નહીં આએ અશ્ક હાએ ખૂં
યે આ રહા હય દિલે ના સબૂર આંખોં મેં

હુઝૂર આંખોં મેં આએં, હુઝૂર દિલ મેં સમાએં
હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખોં મેં

નઝર નઝીર ન આયા નઝર કો કોઈ કહીં
જચે ન ગિલ્માં નઝર મેં ન હૂર આંખોં મેં

મએ મહબ્બતે મહબૂબ સે યે હંય સર સબ્ઝ
ભરી હૂઈ હય શરાબે તહૂર આંખોં મેં

હુવા હય ખાતિમા ઈમાન પર તેરા **''નૂરી''**
જભી હંય ખુલ્દ કે હૂરો કુસૂર આંખોં મેં